# અનુક્રમણિકા


| ક્રમ | | પાના નં |
|---|---|---|
| ૧. | શ્રી વલ્લભ કહા બરનું બરાઇ | ૩ |
| ૨. | મધુપ મન ચલો વહાઁ ઉડ જાય | ૪ |
| ૩. | ચલો હંસ પિય વહ સરોવર જાય | ૫ |
| ૪. | તરે હરી શ્રી ગોવર્ધન કી રહીયે | ૬ |
| ૫. | મેરે તો તુમ હો શ્રી વલ્લભ સ્વામી | ૮ |
| ૬. | શરન આયે સોઇ તારે જે જન | ૮ |
| ૭. | મિલે કબ વે મન કે અનુરાગી | ૯ |
| ૮. | જેસો હુ તૈસો તિહારો શ્રી વલ્લભ | ૧૦ |
| ૯. | ભૂલ જિન જાય મન અનત મેરો | ૧૦ |
| ૧૦. | બડો ધન હરિજન કો હરિનામ | ૧૧ |
| ૧૧. | આશરો એક દ્રઢ શ્રી વલ્લભાધિશકો | ૧૨ |
| ૧૨. | અબતો સાચો કલિયુગ આયો | ૧૪ |
| ૧૩. | તજ મન હરિ વિમુખન કો સંગ | ૧૫ |
| ૧૪. | કર મન હરિ ભક્તન કો સંગ | ૧૫ |
| ૧૫. | હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની | ૧૬ |
| ૧૬. | શ્રી વલ્લભ મેરી કૃતિ જીન દેખો | ૧૬ |
| ૧૭. | કૃષ્ણ શ્રી કૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે | ૧૭ |
| ૧૮. | કૃષ્ણ શ્રી કૃષ્ણ મન માંહી ગતિ જાનિયે | ૧૮ |
| ૧૯. | ઔર કોઇ સમજે સો સમજે | ૧૯ |
| ૨૦. | ગોપી પ્રેમકી ધ્વજા | ૨૦ |
| ૨૧. | ભરૂસો શ્રી વલ્લભ હી કો ભારી | ૨૧ |
| ૨૨. | શ્રી વલ્લભ ભલે બુરે તોઉ તેરે | ૨૧ |
| ૨૩. | જબ લગ યમુના ગાય ગોવર્ધન | ૨૨ |
| ૨૪. | મોહિ બલહે દોઉ ઠોર કો | ૨૩ |
| ૨૫. | શ્રી વિઠ્ઠલનાથ બસત જીય જાકે | ૨૩ |
| ૨૬. | હરિરસ તબહી તો જાય પઇએ | ૨૪ |
| ૨૭. | જો લોં હરિ અપનપો ન જનાવે | ૨૫ |
| ૨૮. | રે મન ચિન્તા ના કર પેટકી | ૨૬ |
| ૨૯. | હોં વારી ઈન વલ્લભીયન પર | ૨૭ |
| ૩૦. | શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ કહે રે મન મેરે | ૨૮ |
| ૩૧. | ગિરિધર જબ અપનો કરી જાને | ૨૯ |
| ૩૨. | યહ માગો ગોપીજન વલ્લભ | ૨૯ |
| ૩૩. | ચરન શરન બ્રજરાજ કુંવર કે | ૩૦ |
| ૩૪. | વૃજવાસી જાને રસ રીત | ૩૦ |
| ૩૫. | ગાયો ન ગોપાલ મન લાયો | ૩૧ |
| ૩૬. | સબ દિન હોત ન એક સમાન | ૩૨ |
| ૩૭. | દેખો દૂરમતિ યહ સંસારકી | ૩૩ |
| ૩૮. | ભજન બિન જીવત જૈસે પ્રેત | ૩૫ |
| ૩૯. | મો સમ, કોન કુટીલ ખલ કામી | ૩૫ |
| ૪૦. | મનરે તું શ્યામ સું કર હેત | ૩૬ |
| ૪૧. | પ્રભુ સેવામેં ખરચ ન લાગે | ૩૭ |
| ૪૨. | પ્રથમ હરિ ઉધોસુ કહી | ૩૮ |
| ૪૩. | હરિ કે જનકી અતિ ઠકુરાઇ | ૩૮ |
| ૪૪. | જો રસ રસિક કીર મુનિ પાયો | ૪૦ |
| ૪૫. | જાકે મન બસે શ્યામ ઘન માધો | ૪૦ |
| ૪૬. | કમલ નયન કમલા પતિ ત્રિભુવન કે નાથ | ૪૧ |
| ૪૭. | જા પર કમલાં કાન્ત ઢરે | ૪૨ |
| ૪૮. | દાસ અનન્ય મેરો નિજ રૂપ | ૪૨ |
| ૪૯. | શ્રી પતિ દુઃખી ભક્ત અપરાધૈ | ૪૩ |
| ૫૦. | તિહારે ચરન કમલ કો શિવ જાને | ૪૩ |
| ૫૧. | હોં ચરણાત પત્ર કી છૈયા | ૪૪ |
| ૫૨. | કિન તેરો ગોવિંદ નામ ધર્યો | ૪૫ |
| ૫૩. | એક પલક જો રહીયે વૃંદાવન | ૪૫ |
| ૫૪. | જહઁ જહઁ ચરન કમલ માધો કે | ૪૬ |
| ૫૫. | ધનિ ધનિ વૃંદાવન કે વાસી | ૪૭ |
| ૫૬. | તાહી કો શિર નાઇએ જો શ્રી વલ્લભ સુત | ૪૭ |
| ૫૭. | લગે જો વૃંદાવન કો રંગ | ૪૮ |
| ૫૮. | તુમ ત્યજ કૌન સનેહી કી જે | ૪૯ |

| | | |
|---|---|---|
| ૫૯. | માધો યા ઘટ બહુત ઘટી | ૫૦ |
| ૬૦. | ભજ સખિ ભાવ ભાવિક દેવ | ૫૧ |
| ૬૧. | અઘ સંહારિન અધમ ઉધ્ધારિનિ | ૫૨ |
| ૬૨. | શ્રી વિઠ્ઠલનાથ નામ રસ અમૃત પાન | ૫૨ |
| ૬૩. | અચંભો ઈન લોગન કો આવે | ૫૩ |
| ૬૪. | કૈસે કીજે વેદ કહ્યો | ૫૪ |
| ૬૫. | હરિ દાસન તે ગર્વ ન કરવો | ૫૪ |
| ૬૬. | હરિ યહ કોન રીત ઠટી | ૫૫ |
| ૬૭. | ચકઈરી ચલ ચરણ સરોવર | ૫૬ |
| ૬૮. | ભૃંગીરી ભજ શ્યામ કમલ પદ | ૫૭ |
| ૬૯. | સુખ નિધિ શ્રી ગોકુલ કો બસવો | ૫૮ |
| ૭૦. | માધો યહ પ્રસાદ હોં પાઉં | ૫૯ |
| ૭૧. | અબમેં નાચ્યો બહુત ગોપાલ | ૫૯ |
| ૭૨. | શ્રી વલ્લભ કરુણા કરકે મોહિ કીજે | ૬૦ |
| ૭૩. | રે મન મૂરખ જન્મ ગવાંયો | ૬૧ |
| ૭૪. | સદા મન શ્રી ગોકુલમાં રહીએ | ૬૨ |
| ૭૫. | ભાવ વિના માલ નફા નહી પાવે | ૬૨ |
| ૭૬. | હરિજન સંગ છિનક જો હોઈ | ૬૩ |
| ૭૭. | પ્રભુ જન પર પ્રસન્ન જબ હો હી | ૬૪ |
| ૭૮. | હરિ ભજન મેં કહા ચહીયત | ૬૪ |
| ૭૯. | ઐસો ભક્ત તરે ઔર તારે | ૬૫ |
| ૮૦. | જા દિન સંત પાહુને આવે | ૬૬ |
| ૮૧. | ભજન બિન કે તે ગયે જખમાર | ૬૭ |
| ૮૨. | આયે મેરે નંદ નંદન કે પ્યારે | ૬૭ |
| ૮૩. | ઉધો એસો ભક્ત મોહિ ભાવે | ૬૮ |
| ૮૪. | નિજ વૈષ્ણવ મેરો અંગ | ૬૯ |
| ૮૫. | મિલે કબ શ્રી વલ્લભ કે પ્યારે | ૭૦ |
| ૮૬. | પ્રભુજી રાખો તેસે રહું | ૭૦ |
| ૮૭. | ચાહે સોઈ કરે શ્રીવલ્લભ | ૭૧ |
| ૮૮. | હરિરસ વૃંદાવન તે આયો | ૭૨ |
| ૮૯. | જનમ સબ બાતસેં બિત ગયો | ૭૩ |
| ૯૦. | મન રે તું વૃક્ષન કો મત લે | ૭૪ |
| ૯૧. | બોલો ભૈયા ગોવિંદ કૃષ્ણ હરિ | ૭૪ |
| ૯૨. | અવસર બેર બેર નહિ આવે | ૭૫ |
| ૯૩. | ભઈ અબ ગિરિધર સોં પહિચાન | ૭૬ |
| ૯૪. | પ્રભુ મેં સબ પતિતન કો ટીકો | ૭૬ |
| ૯૫. | પ્રભુ હોં સબ પતિતન કો નાયક | ૭૭ |
| ૯૬. | શ્રી વલ્લભ અબકી બેર ઉબારો | ૭૮ |
| ૯૭. | કેતે દિન વ્હે ગયે જુ બિન દેખે | ૭૯ |
| ૯૮. | હરિ તેરી લીલાકી શુધ્ધી આવે | ૮૦ |
| ૯૯. | ઉધો મન ન ભયે દશ વિશ | ૮૦ |
| ૧૦૦. | યહ માંગો સંકર્ષણ વિર | ૮૧ |
| ૧૦૧. | યહ માંગો યશોદા નંદ નંદન | ૮૨ |
| ૧૦૨. | ગુરુ બિના કોન ઐસી કરે | ૮૨ |
| ૧૦૩. | મધુર વૃજ દેશ યશ મધુર કી નો | ૮૩ |
| ૧૦૪. | શ્રી વલ્લભ પ્રભુ અતિ દયાલ | ૮૪ |
| ૧૦૫. | શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે | ૮૫ |
| ૧૦૬. | અરે મન શ્રી વલ્લભ ગુન ગાય | ૮૬ |
| ૧૦૭. | મન રે તું શ્રી વલ્લભ કહી રે | ૮૭ |
| ૧૦૮. | શ્રી વલ્લભ કે ચરન શરન ગ્રહી | ૮૭ |
| ૧૦૯. | બિરાજે શ્રીવલ્લભ મહારાજ ગોકુલ ગામ | ૮૭ |
| ૧૧૦. | શ્રીવલ્લભ લીજે મોહી બુલાય | ૮૮ |
| ૧૧૧. | ભજીયે વલ્લભ વર ચરણ | ૮૮ |
| ૧૧૨. | નિશદિન શ્રી વલ્લભ ગુન ગાયો | ૮૯ |
| ૧૧૩. | જય શ્રી વલ્લભ ચરન કમલ શિર નાઈયે | ૮૯ |
| ૧૧૪. | ભરૂસો શ્રી વલ્લભ હી કો રાખો | ૯૦ |
| ૧૧૫. | સુખ નિધિ શ્રી ગિરિરાજ તળેટી | ૯૦ |
| ૧૧૬. | દેખોગે કબ મેરી ઓર | ૯૧ |
| ૧૧૭. | શ્રી વલ્લભ લીજે મોહિ ઉબારી | ૯૨ |
| ૧૧૮. | જીન શ્રી વલ્લભ રૂપ ન જાન્યો | ૯૩ |
| ૧૧૯. | ગિરિધર લાલ શરન તેરે આયો | ૯૩ |
| ૧૨૦. | યશુમતિ સુત દીજે મોહી દરશન | ૯૪ |
| ૧૨૧. | શ્રી વલ્લભ અબકે લેહો બચાય | ૯૫ |
| ૧૨૨. | અબહી આયો હું નેરો શ્રી વલ્લભ | ૯૫ |

| | | |
|---|---|---|
| ૧૨૩. | શ્રી વિઠ્ઠલનાથ કે શરન મેં આવત | ૯૬ |
| ૧૨૪. | ભૂતલ અદ્‌ભુત વર્ષા આઈ | ૯૭ |
| ૧૨૫. | શ્રી વિઠ્ઠલનાથ જુકે ચરન કમલ | ૯૮ |
| ૧૨૬. | શ્રી વલ્લભ જૈસો હું તૈસો તેરો | ૯૮ |
| ૧૨૭. | શ્રી વલ્લભ મહા રસ સિંધુ સમાન | ૯૯ |
| ૧૨૮. | શ્રી વલ્લભ ચરન લગ્યો ચિત્ત મેરો | ૧૦૧ |
| ૧૨૯. | વૃજ કે વિરહી લોગ વિચારે | ૧૦૩ |
| ૧૩૦. | હરિ હરિ છાંડ ડે દુસરી ન કીજે બાત | ૧૦૪ |
| ૧૩૧. | જગમેં સોહી જીવ બડભાગી | ૧૦૬ |
| ૧૩૨. | શ્રી મદાચાર્ય જુ કે ચરન | ૧૦૭ |
| ૧૩૩. | વૃજ ભૂમિ મોહની મેં જાની | ૧૦૮ |
| ૧૩૪. | તુમ શરનાંગત આયો શ્રી વલ્લભ | ૧૧૦ |
| ૧૩૫. | યામેં કહા ઘટેગો તેરો | ૧૧૧ |
| ૧૩૬. | કોન રસિક હે ઈન બાતન કો | ૧૧૨ |
| ૧૩૭. | નાહિન પરત ચિત્ત ચેન | ૧૧૪ |
| ૧૩૮. | ચંદ લગ્યો દુઃખ દેન પિય બિન | ૧૧૪ |
| ૧૩૯. | હોં તન રંક તિહારો શ્રી મહા પ્રભુ | ૧૧૫ |
| ૧૪૦. | જે જન શ્રી વલ્લભ વર વર્યો | ૧૧૬ |
| ૧૪૧. | ચતુરાઈ તાકી સાચી | ૧૧૭ |
| ૧૪૨. | શ્રી વલ્લભ શ્રી વલ્લભ વલ્લભ | ૧૧૯ |
| ૧૪૩. | શ્રી વલ્લભ રોમ રોમ રસ ઝલકે | ૧૨૦ |
| ૧૪૪. | શ્રી વિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં | ૧૨૧ |
| ૧૪૫. | ઉત્તમ કુલ અવતાર કહા જો | ૧૨૨ |
| ૧૪૬. | કલિ યુગ સબ યુગ તે અધિકાઈ | ૧૨૪ |
| ૧૪૭. | શ્રી વલ્લભ અબતો ભયો તિહારો | ૧૨૫ |
| ૧૪૮. | શ્રી વલ્લભ કૃપા કટાક્ષ નિહારો | ૧૨૬ |
| ૧૪૯. | હમજો કરેં તાસો નરક ઠરે | ૧૨૭ |
| ૧૫૦. | સેવક કહાય સેવા નહી કીની | ૧૨૮ |
| ૧૫૧. | અબ કહા સોચત અજ્ઞાની | ૧૨૮ |
| ૧૫૨. | ધન હી ધન કરત સબ ખોયો | ૧૨૯ |
| ૧૫૩. | નિત ઉઠી શ્રી વલ્લભ શ્રી વલ્લભ કહીયે | ૧૩૦ |
| ૧૫૪. | શ્રીગોવર્ધન વાસી સાંવરે લાલ | ૧૩૧ |
| ૧૫૫. | દઢ ઈન ચરનન કેરો ભરોસો | ૧૪૭ |


## નમ્ર નિવેદન



આપણે ત્યાં કેવો સરસ નિયમ બાંધેલ છે કે રોજ ભગવદ્‌વાર્તા થયા પછી દીનતા આશ્રયનાં પદો ગવાય છે. છેવટે 'દઢ દન ચરનન કેરો ભરોસો' તે પદ ગવાઈ છે. સૂરદાસજીનું આ પદ બહું જ મહત્વનું એવું માર્મિક છે. દીનતા એ તો પ્રભુને પ્રસન્ન કરવાનો સરસ ઉપાય છે. શ્રી હરિરાયજી **'દૈન્યમેકં સાધનમ્''** આ વાક્ય મુજબ દીનતાનું મહત્વ આપ્યું છે. આ સાધન એવું છે કે જેનાથી અનેક અવગુણોનો નાશ થઇ જાય છે. જો દીનતા ન રહે તો કર્તાપણાનું અભિમાન આવી જાય છે. અને દૈન્ય ભાવમાં તો પોતાને સર્વ સાધનહીન માની જે કાંઇ છે તે પ્રભુનું જ છે. નથી હું કે નથી કાંઇ મારૂં. આવો સુંદર ભાવ રહે છે. અભિમાનને છોડવાનું કહ્યું છે તે કેમ કરીને જાય તેનો ઉપાય શું ? તો કહે છે દીનતાના પાત્રમાં મન મણિ મૂકીને ભેટ ભગવંતજીને ધરજો હો જી રે. જ્યારે દીનતા સહીત મન પ્રભુને ભેટ ધરાઇ ગયું પછી અભિમાનને રહેવા ક્યાંય જગા રહેતી નથી તો પણ શ્રી હરિરાયજી શ્રી મહાપ્રભુજીથી યાચનાં કરે છે, જેમનું કેન્દ્ર બિંદુ શ્રી મહાપ્રભુજી છે તેમને વિનવે છે કે **'ભૂલ જીન જાય મન અનત મેરો'** હું તો રાત દિવસ બધી બાજુથી મનને નિવૃત કરી કેવળ આપનાં જ ચરણોમાં સ્થાયી નિવાસ કરૂ. જેથી દીનતા અને આશ્રય બંને મહત્વની વસ્તુ છે જેથી દીનતા આશ્રયનું નામ રાખેલ છે. ઉપરાંત ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, વિનંતી, વિરહ વિગેરેના પદો આપેલ છે. મનને સ્થિર થવા માટે તો ખાસ દીનતા આશ્રયની જરૂર રહે છે, વૈરાગ્યનાં પદો આવશ્યક છે કેમ કે શ્રી હરિરાયજી શિક્ષાપત્ર ૧૭ શ્લોક બીજો

**વૈરાગ્ય પરિતોષા દેહ ત્યાગો પિ નિરૂપિતઃ**

**તાત્પર્ય** – વૈરાગ્ય અને સંતોષ જરૂરી છે કેમકે વૈરાગ્ય હોઇ તો હૃદયમાં લૌકીકના સુખ દુઃખો બધા ન કરે. સંતોષ હોય તો યથા લાભ સંતોષ રહે, સહજમાં પ્રાપ્તિ થાય. તેમ સંતોષ માની રહે જેથી વૈરાગ્યનાં પદો પણ આમાં સંમિલીત છે.

શિક્ષાપત્ર ૧લું શ્લોક ૧૧ માં

**દત્વા દૈન્યેન સંતુષ્ટો નિત્યં દેહં લૌકિકમ્**
**સ્વયં પ્રવિષ્ય ભાવાત્માડનું ભવં કારંયેત્સ્કમ્**

**ભાવાર્થ** - આ શ્લોકમાં દીનતા વિષેનું કેટલું સુંદર આપેલ છે કેમ કે પોતાને દીનતા અતિપ્રિય છે જેમ શિક્ષા સાગર છે તેમ દીનતા સાગર હરિરાયજી આપ

છે. દીનતાથી જ પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુ પ્રસન્ન થઈ ભક્ત હૃદયમાં પધારી અલૌકિક સેવા લાયક દેહની પ્રાપ્તિ કરાવે છે. સેવાનો ખરો આનંદ અપાવે છે. દીનતાથી જ અલૌકિક ભાવ હૃદયમાં રહે છે. દીનતા જ પ્રભુ પાસે લઈ જાય છે. એટલું જ નહી પ્રભુ સ્વયં ભક્ત હૃદયમાં બિરાજી તેનાં અંતરનાં ઉદગારો સાંભળીને બહાર પ્રભુ પ્રગટ થઈ દર્શન કરાવે છે. દીનતા સાથે પ્રેમ ભાવથી વિરહની પ્રાપ્તિ કરાવી ભક્તનાં મનોરથ પૂર્ણ કરાવે છે. દૈન્ય એક એવી વસ્તુ છે કે પ્રાપ્ત થવી તે અતિ દુર્લભ વસ્તુ છે. જેમ સૂર્ય પ્રકાશ અને અંધકાર, તેમ જ્યાં દીનતા રહે ત્યાં અભીમાન રહી ન શકે. મહાન કૃપાપાત્ર જીવ હોય તે જ દીનતા પ્રાપ્ત કરી શકે. અને તેવા બનવા માટે શ્રી હરિરાયજી—આશરો એક શ્રી વલ્લભાધીશકો રાખવાની આજ્ઞા કરે છે. આશ્રયથી સકલ સીધ્ધિ પ્રાપ્ત થાય છે.

શ્રી ગુસાંઈજીએ પણ નવેયં વિજ્ઞપ્તિમાં દીનતાપૂર્વક તાપ કલેશનો અનુભવ કરેલ છે. શ્રી વલ્લભ પ્રભુનું દ્વિતિય સ્વરૂપ શ્રી ગુસાંઈજી તેમણે પણ દીનતાપૂર્વક આશ્રયનું મહત્વ બતાવ્યું છે. માટે દીનતા આશ્રય પદો થોડા સમજાય માટે વ્યાખ્યા લખી છે. આ દીનતા આશ્રયના પદોમાં રસિકદાસ, હરિદાસ, દાસ છાપવાળા પદો શિક્ષાપત્રવાળા દિનતાસાગર શ્રીહરિરાયજીના છે. બાકીના શ્રી અષ્ટસખાઓના, શ્રી ગોસ્વામિ બાલકો અને ભગવદીયોના છે.

શ્રી દયારામભાઈ કૃત "ભક્તિપોષણ" ગ્રંથ (મારાથી વિવેચન થયેલ) પોરબંદરવાળા ગોસ્વામિ શ્રી હરિરાયજી ગોવિંદરાયજી મહારાજશ્રીએ છપાવ્યો હતો. આ વખતે આ પુસ્તક પણ આપે જ છપાવીને પ્રસિધ્ધ કરવાની કૃપા કરી છે. આપે થોડા સમય પહેલાં સમસ્ત પુષ્ટિમાર્ગીયોને અતિ ઉપયોગી "સેવાકુંજ" ગ્રંથ છપાવી પ્રગટ કરેલ છે. આપની પ્રાચીન પુષ્ટિમાર્ગીય સાહિત્ય છપાવી પ્રગટ કરવાની ખુબજ તમન્ના છે. અને તે માટે શ્રી ગોવિંદરાયપ્રભુ પુષ્ટિગ્રંથ પ્રકાશન ટ્રસ્ટ રચ્યું છે. આ ગ્રંથ પણ આપશ્રીએ જ ટ્રસ્ટ દ્વારા છપાવી પ્રસિધ્ધ કરવાની કૃપા કરી છે, તે માટે હું આપનો ઋણી છું.

ઊપર મુજબ બાળલીલા અને દીનતા આશ્રયનાં પદોની વ્યાખ્યા મારી પાસે લખાઈ ગઈ હતી જે પ્રસિધ્ધ થાય વૈષ્ણવોના કરકમળમાં પહુંચે તેમ ઈચ્છા રાખતો હતો. આજે પુસ્તકો છપાઈ રહ્યાં છે થોડા સમયમાં વૈષ્ણવો સુધી પહુંચી જશે. ભૂલચુક માટે ક્ષમાપ્રાર્થી.

**- મુખીયાજી મથુરાદાસ**



॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

## દીનતા, આશ્રય, જ્ઞાન, વૈરાગ્યનાં પદ-ભાવાર્થ સહીત

### પદ ૧લું (રાગ-બિહાગ) સ્વરૂપધ્યાન

**શ્રી વલ્લભ કહા બરનું બરાઇ**
**જાકે રોમરોમ પ્રતિ કોટી ગોવર્ધન રાઇ ॥૧॥**
**વાકે યુથ ભયે ન્યારે ન્યારે બરનત બરની ન જાઈ**
**'રામદાસ' કમલાસી દાસી સોહી ઘર છાંડ બસાઇ ॥૨॥**

**ભાવાર્થ** - આ પદની વ્યાખ્યા એટલી બધી થાય છે તે કહી દેવાનું અશક્ય હોય સુક્ષમ રૂપે રજુ કરી છે. રામદાસજી કહે છે કે કહા બરનું બરાઈ (બડાઈ) શ્રી વલ્લભ આપનું રૂપ સ્વરૂપ, લીલા, એવા પ્રકારની છે કે, રોમરોમ કોટી ગોવર્ધન રાયની લીલાઓથી ભરપુર છે, લીલામાં આનંદની વૃધ્ધિ ભક્તોથી થાય છે, એટલે ગોવર્ધનધર વૃજ ભક્તો સહિત બિરાજમાન છે. તે ખાસ ભક્તો ચાર યુથમાં વર્ણવ્યા છે. તે યુથોની સંખ્યા અગણિત છે. જે વાણીમાં આવવા અશક્ય હોઈ જેથી કહા બરનું બરાઈ કહ્યું. શ્રી વલ્લભનું સ્વરૂપ શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી વલ્લાભાષ્ટક સ્તોત્ર, તેમજ મુળ સ્વરૂપ "સૌન્દર્ય" આ પદમાં વર્ણવ્યું છે. શ્રી સ્ફુરદ કૃષ્ણ પ્રેમામૃત, આવા ગ્રંથોના અધ્યયન કરવાથી કાંઈક જાણવા મળે છે, ક્ષણ ક્ષણ પ્રતિ નિંકુજસ્થ નવી લીલાઓ થાય છે. તેનું વર્ણન કોણ, કેટલુંક કરી શકે? નવ વિલાસમાં ગાયું છે, વાકે યુથકી શોભા બરનું ગણતા ન આવે પારજી, મુખ્ય ચાર યુથો છે તેમાંથી એક યુથની શોભાનું વર્ણન કરવું અશક્ય છે. (૧) શ્રી સ્વામીનિજી, (૨) શ્રી લલિતાજી, (૩) શ્રી ચંદ્રાવલીજી અને ચોથું શ્રી યમુનાજીનું યુથ આનાં યુથોની સંખ્યા અગણિત છે. જેમ કે વેદો ભગવાનની સ્તુતિ કરતા થાક્યા ત્યારે અનંત શબ્દ વાપર્યો "ન ઈતિ". તેમને જેમ પૂર્ણ રૂપની વ્યાખ્યા અગણીત લાગી, તેમ એ પ્રભુની અનંત લીલાઓ છે. જેનાં ઉપર પ્રભુ જેટલી કૃપા કરે તેટલું જ તે વર્ણન કરી શકે. જેથી પ્રભુ નાં સ્વરૂપ સૌંદર્ય અને લીલાઓની ઉપમાં જે કાંઈ આપો તે બધી ઓછી પડે છે. વાસ્તવિકમાં ઉપમાં ગોતી મળી શકે તેમ નથી. જેમકે સુંદરતાનું જ્યાં આવું વર્ણન આવે ત્યાં કોટી કંદર્પ ન્યોછાવર આમ ઉપમા અપાય છે. વાસ્તવિકમાં ઉપમા આપી શકાતી નથી. જે આપો તે ઓછી પડે છે. તે બધી લીલાઓ શ્રી સહીત ગોવર્ધનરાય શ્રી વલ્લભ સ્વરૂપમાં બિરાજમાન રહેવાની કઈ રીતે ઉપમા આપી વર્ણન કરી શકું ?

સદા વૈકુંઠમાં નિવાસ કરવાવાળા લક્ષ્મીજી, તે પણ ભૂતલ આવી પ્રભુનાં ચરણોની સેવા કરવા વૃજ રજમાં લોટી રહે છે. લીલા સ્થાનો ગોકુલ, વૃંદાવન, ગોવર્ધન, ચંદ્રસરોવર, વન-ઉપવનો, વૃજ ચોર્યાષી કોષમાં પ્રભુએ ચરણારવિંદથી ચાલીને લીલાઓ કરી છે. તેમાં ચતુર્થ યુથાધિપતિ શ્રી યમુનાજીના તટ પર અનેક કુંજ નિકંજોમાં લીલાઓ કરી છે. જેમકે ઉષ્ણકાલમાં ફૂલોનાં મહેલ નિકુંજમાં જ્યાં જાત જાતનાં અનેક સુગંધી પુષ્પો પોતાનામાં રહેલી તત્વરૂપી સુગંધી બહાર પ્રગટ કરી વાયુને સુગંધિત બનાવી સમર્પિત કરે છે. જેવી ઋતુ તેવી સજાવટ, તેવી જ સામગ્રી સિધ્ધ કરીને વૃજભક્તો તે તે કુંજમાં પધરાવી સેવા કરી આનંદ માણે છે. તેવી રીતે બારો માસની સમય સમય પરની સેવા અંગીકાર કરાવી તે તે યુથોના ભક્તો પોતે તો આનંદ માણે અને બીજાને પણ આનંદ આપે છે. આમ લીલા રસ સમુદ્ર કે જે, સમુદ્રનો કિનારો માપી શકાય તેમ નથી, આવા લીલા ધારી શ્રી ગોવર્ધનધર તે સ્વયં લીલા સામગ્રી સાથે શ્રી વલ્લભ પ્રભુમાં બિરાજમાન રહે છે. લીલા રસ સમુદ્ર અથાહ જેમાં બિરાજમાન રહે છે. જેથી કહ્યું કે શ્રી વલ્લભ કહા બરનું બરાઈ જેને શ્રી વલ્લભચરણની રજ કણિકા પ્રાપ્ત થઈ છે, તે જ કાંઈક વર્ણવી શકે. શેષજી સતત નામ સ્મરણ કરે છે પ્રભુનું એકએક નામ લીલામય છે. જેઓ બે હજાર જીભથી નામની રટનાં ચાલુ રાખે છે તે ભલે અનંત કાળ સુધી રટણ કર્યા કરે, તો પણ કરી શકે તેમ નથી. પ્રભુની લીલાઓનું મહાનુભાવિ ભક્તો રાત દિવસ ચિંતન, મનન, સ્મરણ, રટણ કરે, તો પણ પાર પામી શકે તેમ નથી. માટે 'શ્રી વલ્લભ કહા બરનું બરાઈ' કેવી રીતે વર્ણન કરી શકું ?

### પદ ૨જું (રાગ-કેદાર) મનોકામના

**મધુપ મન ચલો વહઁ ઉડ જાય ।**
**શ્રી વલ્લભકે દાસ કમલગણ ભજનાનંદ રસ પાય ॥૧॥**
**જહાં અવિદ્યા નિશા નહી વ્યાપત, સુખ સતસંગ લપટાય ।**
**મહા અલૌકિક સૂર્ય પ્રકાશિત, ફુલે રહે ડહકાય ॥૨॥**
**લીલા પ્રેમ સમુદ્ર રસ ઉમગ્યો, ગઇ મર્યાદા બહાય ।**
**'રસિકદાસ' જન કૈસે પઇયે, કૃપા પંખ ઉપાય ॥૩॥**

**ભાવાર્થ** - હે મન રૂપી ભ્રમર તું આમ તેમ બધી દિશાઓમાં ભટકવાનું છોડી દે. તારા માટે કમલ પુષ્પ સદાને માટે મળે ત્યાંજ રહેવું ઉતમ છે. કમળનાં પરાગમાં મગ્ન થઇ જવા માટે એવું સુંદર સરોવર એકજ ઉતમ છે. તે સ્થળે પહોંચી જવું



જરૂરી છે. ભ્રમરને જેમ કમલ પુષ્પમાં મોહ છે. તેમ અત્રે મનને ઉદેશીને કહ્યું છે,કે સંસારી માયામાં ભટકવું બંધ કરીને શ્રી વલ્લભ પદકમલમાં પ્રીતિ જોડી દે. શ્રી વલ્લભનાં ચરણ કમલનાં આશ્રય કરી જેણે દાસત્વ સિધ્ધ કર્યું છે. તેઓનો સંગ તને ત્યાં મળી રહેશે. તેનાથી તને ભજનાનંદ રસ પ્રાપ્ત થશે. જ્યાં અવિદ્યાનું નામો નિશાન નથી રહેતુ અમાવાસ્યા જ્યાં થતી નથી બારો માસ એક સરખો સૂર્ય પ્રકાશિત રહે છે જેથી કમળ ખિલેલાજ રહે છે. રાત્રિ તે ભ્રમ છે, ભ્રમ તે અવિદ્યા છે. ત્યાં ભગવદ્ ભક્તોનાં સંગમાં ઓત પ્રોત થઈ, ભજનાંનંદ જ પ્રાપ્ત થશે, કમળને જેમ સૂર્ય પ્રકાશની જરૂર છે. રાત્રિનો અંધકાર દુઃખ રૂપ હોય કમલ કોષ બંધ થાય છે. લૌકિક સૂર્ય પ્રકાશની આ વાત છે. અત્રે તો પદકમલમાં રહેલો અલૌકિક પ્રકાશની વાત છે. તે પ્રકાશ સદા એક સરખો આપે છે, અત્રે તો ભાનુરૂપ શ્રી વલ્લભ પદકમલની વાત છે. તેમનાં પદકમલમાં આશ્રયે રહેવાથી સદા સુખના સૂર્યનો પ્રકાશ મળશે. જેથી સદા પ્રફુલ્લિત મન રહેશે. જ્યાં લીલા રૂપી પ્રેમ સમુદ્ર ઉભરાય રહ્યો છે. સમુદ્ર સમાન લહેરો ઉછળતી રહે છે. તેમ અત્રે પ્રેમાનંદ સ્વરૂપ રસથી છલકતો રહે છે. ત્યાં આગળ પહોંચવા માટે લાંબી ઉડાન ભરવી પડશે. તેમાં તો કૃપા રૂપી પાંખોથી ઉડીને જવાશે. અન્ય કોઇ ઉપાય નથી. જેનું મન અન્ય સંગથી રહિત બન્યું છે તેવાને આવા ભાગ્યવાન ભક્તોના સંગથી હૃદયમાં તિવ્ર ભાવનાં ઉત્પન્ન થાય કે, મારે તે સ્થાને પહોંચવુ જ છે. ત્યારે પ્રભુ કૃપા કરે છે. માટે હે,મન રૂપી મધુપ, જ્યાં આવા ભગવદ્ ભક્તો નિવાસ કરી રહેલ છે. ત્યાં ઉડીને પહોંચી જા.

### પદ ૩જું (રાગ-કેદાર) મન અભિલાષા

**ચલો હંસ પિય વહ સરોવર જાય**
**વહ સરોવર કમલ કમલી રવિ વિના વિકસાય ॥૧॥**
**હંસ પંક્તિ મહા ઉજ્જવલ સંગ મિલ સૂહાય ।**
**મુક્તિ સે મુક્તા ફલ મોતી સબે ચૂન ચૂન ખાય ॥૨॥**
**છાંડ છિલ્લર છલ છલી સમજ લે મન માંય ।**
**'સૂર' પ્યારે ઐસો ઉડવો ફેર ઉડવો નાંય ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજીયે સરોવરનાં કિનારે રહેતા હંસ અને હંસનીની ઉપમા આપી છે. હંસની કહે છે હંસને (બુધ્ધિરૂપી હંસની, મનરૂપી હંસ) જેમ ભૌતિક સરોવરો ક્યારેક ભર્યા રહે અને ક્યારેક સુકાય જાય. સરોવરના કિનારે રહેતા હંસ ત્યારે ઉડીને મોટા સરોવરે પહોંચે છે, આવું બન્યા કરે છે. જેથી હવે તો એવા સરોવરે પહોંચવું કે જ્યાં દિવસે કમલ ખીલે. રાત્રીયે કમલી, જેમ શરદ

ઋતુનાં કમળ રાત્રિયે ખિલ્યા હતા. તેમ અત્રે તો એકને દિવસ અને બીજાને રાત્રિ પ્રિય, જેમ શરદની ચાંદની હવે બંનેને એક સરખું સુખ સદા એક સમાન મળે તેવું તો એક ભગવદ્ ચરણરૂપી સરોવર છે. જ્યાં કદી જળ ઓછું વધતું થતું નથી બ્રહ્મ નિશા (ભ્રમ) કદી થતો નથી. ભૌતિક સૂર્ય, ચંદ્ર તો એના સમયે એનું કામ કરે છે અત્રે તો સદા એકરસ જેને જેવું જોઈએ તેવું તેને સુખ મળે છે. ભગવદ્ ચરણારવિંદ રૂપી સરોવરને આશ્રયે રહેતા ભક્તો રૂપી માનસ હંસોનો ત્યાં મેળાપ થશે. જ્યાં ગયા પછી ક્યારે પણ ચારો ગોતવાનો રહેતો નથી. મુક્તિ રૂપી મુકતા ફળનો આહાર કરીને સદા સુખી રહીયે. ત્યાં પહોંચવું લાંબુ દૂર અને કઠણ છે તો પણ પૂર્ણ વિચાર કરી લાંબી ઉડાન ભરીને ત્યાં પહોંચી જવું છે, કે જ્યાં ગયા પછી બીજું સ્થાન કદી પણ ગોતવું પડતું નથી. ત્યાં જ આપણી જાતીનાં હંસો સદા નિવાસ કરીને રહયા છે. તેનું સુખ મળશે, આ ચરણ રૂપી સરોવરમાં હંસોની પંકિત લાગેલી છે. તે ભગવદ્ ભક્તોનો સાથ ત્યાં જ મળશે. આવું હંસની હંસને કહે છે કે 'ચલો પિય વહ સરોવર જાય'. જે સ્થાન સદા સુખરૂપ અને અભય સ્થાન છે.

હંસની =બુધ્ધિ, હંસ=મન, છિલ્લર=નાનું એવું તળાવ, અગર તો વેદોમાં કહેલા નાના પ્રકારનાં સાધનો, દેહ ઈંદ્રિયોનો રાજા તો મન છે. બુધ્ધિ તો સલાહકાર છે. જો બુધ્ધિની સલાહ મન માની લે તો તે પ્રમાણે ચાલીને તે ફલ પ્રાપ્ત થાય. આ સંસાર રૂપી સરોવરમાં કેટકેટલો સમય વિત્યો સુકાળ, દૂકાળ, સુખઃદુખ બધું જોઈ લીધું નાશવંત શરીરનો અતિ મોહ રાખ્યો તો પણ કર્મમાં ફળોને સાથે લઈને દેહનો ત્યાગ કરવો પડ્યો. માટે આ દેહથીજ આત્મ કલ્યાણ કરવું, આવો દઢ નિશ્ચય કરવાનું હંસની રૂપી બુધ્ધિ કહે છે. કે હવે બીજું સ્થાન ગોતવું ન પડે, માટે સરળ રસ્તો તો આ કલીમાં સર્વ રીતે અભય એવું શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરવું ભાનુ રૂપ શ્રી વલ્લભના ચરણમાં સૂર્ય પ્રકાશ અને શિતળ ચંદ્રની છાંય સદા એક રસ મળશે. અને શ્રી વલ્લભનાં ચરણ શરણે રહેલા ભગવદ્ ભક્તોનો સંગ પણ ત્યાં જ મળશે. માટે "ચલો હંસ પિય વહ સરોવર જાય."

### પદ ૪થું (રાગ-બિહાગ) આશ્રય

**તરહેટી શ્રી ગોવર્ધન કી રહીયે ।**
**નિત્ય પ્રતિ મદન ગોપાલ લાલકે ચરન કમલ ચિત્ત લહીયે ॥૧॥**
**તન પૂલકિત બ્રજ રજમેં લોટત ગોવિંદ કુંડમે નહીયે ।**
**'રસિકપ્રીતમ' હિત-ચિતકી બાતે શ્રી ગિરધારીજીસો કહીએ ॥૨॥**



**ભાવાર્થ** - રસિક પ્રીતમ આ પદમાં શ્રી ગોવર્ધનની તળેટીમાં નિવાસ કરીને રહીએ તો જીવન સાર્થક બને આવું સુચન કહે છે, આ સ્થાન પ્રભુની અનેક લીલાઓની સ્મૃતિ કરાવે છે, જેવી રીતે શ્રીમદ ગોકુલ, વૃંદાવન, શ્રી યમુનાજી આ બધા સ્થાનો છે તેમ અત્રેની અતી અદભુત લીલામાં ગૌચારણ લીલામાં છાકલીલા મધ્યાન વિશ્રામ દાન લીલામાં ગોવર્ધનની શિખરેથી ટેર દઈને સખાઓને એકત્ર કરી, મહીયારી મહી વેચવા જાતી, તેના દાન લીધા તેમજ પૂર્વ ભાગમાં જતીપુરા ઉપરનાં ભાગમાં શ્રીજી બિરાજી રહ્યા હતા. હાલ મેવાડમાં અજબ કુંવરીના ભાવથી ત્યાં બિરાજે છે. જતીપુરા રોજ મુખારવિંદા પર આખો દિવસ સ્નાન, પૂજન, ભોગ ધરાવવાનું ચાલુ જ રહે છે સાંજે શૃંગાર ધરાય છે તેની ભાવના એવી છે કે શ્રીજી શયન વૃજમાં આવીને કરે છે, સાંજના તળેટીમાં વૈષ્ણવો બેસી દર્શન, કીર્તનનો લાભ લીયે છે. તળેટીમાં વૃજરજમાં લોટતા અતિ આનંદ આવે છે. વળી ગોવર્ધન લીલા વખતે શ્રી ઠાકુરજીયે નંદબાવાને કહ્યું હતું કે ગોવર્ધનની તળેટીમાં અમે રોજ ગાયો ચરાવવા જઈએ ત્યારે ત્યાં છાક આવે છે. અમો ગ્વાલ બાલો સાથે તળેટીમાં લીલા લીલા ઘાસમાં કદમ વૃક્ષોની છાંહમાં ભોજન કરવાં બેસીયે છીએ. ત્યારે અખિલ લોકનો નાથ ગિરિરાજ અમારી સાથે બેસી ભોજન કરે છે. બાબા તમે ગોવર્ધનની પૂજા કરો. પછી ભોગ ધરશો ત્યારે હું તમોને આ દેવને ભોજન કરતાં બતાવીશ. તે મુજબ પ્રભુએ દર્શન કરાવ્યા હતા. પૂર્વ તરફ આન્યોરમાં સદુ પાંડેનાં ચોતરા ઉપર શ્રી મહાપ્રભુજી બિરાજયા હતા તે તળેટીજ છે. શ્રીજી ઉપર બિરાજયા હતા ત્યારે દૂધ લાવવા કહ્યું હતું. હાલ ત્યાં જ શ્રી મહાપ્રભુજીના બેઠકજી બિરાજે છે. પાસમાંજ ગોવિંદ કુંડ છે તેમાં સ્નાન કરી આનંદ માણીયે વૃજરજમાં લોટવાનો આનંદ માણીયે. શ્રીગોવર્ધનની તળેટી, પ્રભુને ગ્વાલ બાલો સાથે રમતો રમવામાં આનંદ દેવાવાળી છે. "સુંદર શિલા ખેલકી ઠોર" તે મુજબ ગૌચારણ લીલા વખતે ગાયો તળેટીમાં ચરતી રહે અને શ્રી કૃષ્ણ બલરામ,ગોવાળીયા સાથે રમતો રમતા રહે, આમ તો વૃજ ચોર્યાશી કોષ પ્રભુનું રમણ સ્થાન છે તેમાં ગોવર્ધનની તળેટીની આનંદ દાયક લીલા છે. જ્યાં પ્રભુ ખુલા ચરણોથી રમ્યા છે. તે સ્થળમાં લોટીને તે રજની કણિકા અંગે લપેટાય જાય. શ્રી ગિરિકંદરામાં પ્રભુ વિશ્રામ કરે છે શ્રી સ્વામીનિજી પણ ત્યાં પધારી અને અનેક લીલા આનંદમય કરી છે. ભીલડી પણ તળેટીમાં રહેતી તે અનોસરનો સમય પુરો થતા ફલ ફુલોની છાબ ભરીને ઉભી રહેતી, આવી લીલાને અનુરૂપ ગોવર્ધનની તળેટીમાં નિવાસ કરી અને 'રસિકપ્રીતમ હિત-ચિતકી બાતે શ્રી ગીરધારીજીસો કહીએ', આવી લીલાનું સ્થાન છે. જેમ વૃંદાવન રાસાદી લીલાનું વિશેષ સ્થાન છે તેમ અત્રે ગૌચારણ લીલા,

ગ્વાલ બાલો સંગે ખેલ, ગોવર્ધન લીલા, આવી લીલાનું સ્થાન, ત્યાં જ કરી આપણાં મનની વાર્તા શ્રી ગીરધારીજીને કહીયે. અન્યને નહી.

## પદ ૫મું વિનતી

**મેરે તો તુમ હો શ્રી વલ્લભ સ્વામી**
**મેરે અંતરકી ગત જાનો તુમ અંતરયામી ॥૧॥**
**તુમ સરખે નહી દીન દયાળ**
**મો સરખો નહી કામી (ખામી) ।**
**'રસિક' વિનંતી કરૂં કર જોરી શિષ નામી ॥૨॥**

**ભાવાર્થ** - જેમનાં હૃદયમાં આઠો પ્રહર ભગવદ્ રસની ઉછાળ ચાલુ રહે છે. એવા રસિક (હરિરાયજી) આ પદ માં દૈન્ય પ્રકટ કરતા કહે છે મારા સ્વામી તો શ્રી વલ્લભ આપ જ છો. માટે આપનાં સિવાય કોઇ બીજું ઠોર નથી. આપ તો સર્વેશ્વર સુખદાતા છો સર્વના અંતરની વાત જાણો છો, તેમ મારા અંતરની ગતિને પણ જાણો છો છતાં હું મારા ગુણ પ્રકટ કરૂ છુ. જેમ આપનાં સમાન કોઈ દીન દયાળુ નથી તેમ મારા સમાન કોઇ કામી એટલે જે કાંઈ ખામી છે તે બધી મારામાં જ છે. આપને શરણે રહી કેવા ગુણો ગ્રહણ કરવા જોઈએ તે ગુણોની મારામાં ખામી છે. આપનાં સિવાઈ અન્ય વિચાર આવવો ન જોઈએ. જ્યાં જ્યાં મારૂં મન અન્ય જગાએ ભટકે તે બધી કામનાં સમજું છું હું મનની ગતીને રોકવા સમર્થ નથી જેથી બંને હાથ અને ત્રીજું મસ્તક ઝુકાવીને વિનંતી કરૂ છું કે આપ મારા સ્વામી છો તેથી આપને જ વિનંતી કરી કહું છું કે મારામાં જે ખામીઓ રહી ગઈ છે તે દૂર કરવા આપ જ સમર્થ છો.

## પદ૬ઠું (રાગ : બિહાગ)

**શરન આયે સોહી તારે જે જન શરન આયે સોહી તારે ।**
**દિન દયાલ પ્રકટ પુરૂષોત્તમ શ્રી વલ્લભ રાજ લલારે ॥૧॥**
**જીતની રવિ છાંયાકી કનિકા ઇતને દોષ હમારે ।**
**તિહારે ચરન પ્રતાપ તેજ તે તાહી તત છન તારે ॥૨॥**
**માલા કંઠ તિલક દે માથે શંખ ચક્રવપુ ધારે ।**
**'માણેકચંદ' પ્રભુ કે ગુણ ઐસે મહા પતિત ઉધ્ધારે ॥૩॥**

**ભાવાર્થ** - શ્રી ગુસાંઈજીનાં સેવક શ્રીમાણેકચંદજીનું આ પદ ગાયેલું છે. જેમાં દીનતા ભાવથી ચરણ પ્રતાપનું વર્ણન છે. આ પદ માળા પહેરામણી પ્રસંગ વખતે ખાસ ગવાય છે.



આપ ભૂતલ પર પ્રગટ પુરૂષોત્તમ રૂપ છો. દીનોના આધારરૂપ નાથ છો. જેનું કોઈ શરણ નથી તેને શરણ આપવાવાળા છો. તેથી જે કોઈ જીવ આપને શરણે આવે તેનું પ્રતિપાલન કરો છો. મનુષ્યજીવન તો શું પ્રેત યોનિમાં રહેલાં જીવના ઉધ્ધારક આપ છો. શરણાગત જીવ ભલો હોય કે બૂરા કર્મ કરવા વાળો હોય તેના પણ આશ્રય દાતા છો. જીવ તો અજ્ઞાનતાથી દોષોથી ભરેલો છે. તો પણ તેનો ઉધ્ધાર કરવા આપ સમર્થ છો. હું અપરાધોની ગણતરી કઈ રીતે કરૂ ? પૃથ્વી ઉપર રહેલા રજકણો સૂર્ય કિરણોની છાંયામાં આવતા તેની ગણતરી થઈ શકતી નથી તેમ તેટલા બધા દોષો છે. તો પણ આપનાં કૃપા બળ સામે નિર્બળ બની જાય છે. કેમકે આપનાં ગુણ અને કૃપા બળ સર્વ કરવા સમર્થ છે. જેમણે સુંદર કપોલમાં તિલક ધારણ કર્યું છે શ્રી કંઠમાં તુલસીની માળા, શંખ, ચક્ર ચિન્હ ધારણ કર્યા છે, જેને આપનું શરણ મલ્યું તે જીવ સર્વ રીતે બધું મેળવી ચુકયો તેને અન્ય અપેક્ષા રહેતી નથી. માણેકચંદજી કહે છે પ્રભુ આપનાં ચરણ કમલમાં એવા ગુણો છે કે પતિતોમાં મહાન કહેવરાવવાવાળા તેનો પણ ઉધ્ધાર થાય છે.

## પદ ૭મું (રાગ : બિહાગ) સત્સંગ અભિલાષા

**મિલે કબ વે મન કે અનુરાગી ।**
**શ્રી વલ્લભ વચનામૃત પિવત જ્યોં ચકોર લે લાગી ॥૧॥**
**તિન કે નામ સંબંધ માત્ર તે જાય અવિદ્યા ભાગી ।**
**આનંદ રોમ રોમ ભર આવત સુખ ઉપજત સુહાગી ॥૨॥**
**જાકે પીછે ડોલત ગિરિધર પ્રેમ પુંજ રસ પાગી ।**
**'રસિકદાસ' જીનકો કૃષ્ણ સંગ હોઈ સોહી દાસ બડભાગી ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં શ્રી હરિરાયજી શ્રી વલ્લભનાં કૃપાપાત્ર એવાં ભગવદ્ ભક્તના સંગની મળવાની ઈચ્છા રાખતા કહે છે કે મને આવો સંગ ક્યારે મળે જેને શ્રી વલ્લભનો દઢ આશ્રય હોય, જે ભગવદી શ્રી વલ્લભનાં વચનામૃતોનું પાન કરતો હોય જેમ ચકોરને ચંદ્રની લગની લાગી હોય તેમ,શ્રી વલ્લભનખચંદ્રનાં પ્રકાશમાં રહી તૃપ્ત થયેલા હોય આવા ભગવદીયના સંગમાં રહેવું મળે. જેમણે પોતે અવિદ્યાને દૂર ભગાડી મુકી છે. એવાનાં નામ સ્મરણ માત્રથી અવિદ્યા દૂર ભાગી જાય છે. આવા મહાનુભાવી પ્રેમી ભક્ત જેનાં રોમ રોમમાં લીલા રસ છલકી રહ્યો છે. તેઓ એક જ રંગમાં રંગાયેલા હોવાથી અન્યનો જેને ડર નથી તેથી સદા ભગવદ્ રસમાં છકયાં રહે છે, આવાના સંગથી સુહાગી સુખ મળે છે. તેથી દુઃખ દારીદ્ર બધું દૂર ચાલ્યું જાય છે. અને કેવળ આનંદમય બની જવાય, આવા ભગવદીયની પાછળ પાછળ પ્રભુ દોડતા રહે છે. વળી પ્રેમ પુંજ

રસાનુભાવવાળા જેને શ્યામ વિના નહિ આન, એટલે સદા ભગવદ્ રસમાં મગ્ન થઈ પ્રભુ સિવાય અન્ય સર્વ ભૂલી જવાવાળા, સદા બંદીવાન બની ગયા હોય તેથી અન્ય વસ્તુ જોવા કે સાંભળવા લાયક નથી. આવા દૃઢ નિશ્ચયવાળા, જેના સંગી શ્રી કૃષ્ણ જ છે, તેવા ભગવદીનો સંગ મને ક્યારે મળશે ?

## પદ ૮મું (રાગ : બિહાગ) વિનતીનું પદ

**જૈસો હું તૈસો તિહારો શ્રી વલ્લભ અબજીન છાંડ દેહો મોહે કરતે ।**
**બાંહ ગહેકી લાજ મનધર હું નાહી ભરોસો મોહી સાધન બલતે ॥૧॥**
**તુમ ત્યજ ઔર ઠોર નહી મોકો જાસો જાય કહું જાસો દુઃખ ભરતે ।**
**'રસિક' શિરોમણિ શ્રી વલ્લભ પ્રભુ રાખો મોહે ચરન શરન ભવ ડરતે ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં શરણે આવ્યાની લાજ રાખવાની વિનતી કરી છે. શ્રીવલ્લભ મહાપ્રભુ હું હવે આપનો જ છું હવે મને આપ છોડશો નહી. હું ભલે અનેક દોષોથી ભરેલો છું, તો પણ હવે સમપર્ણથી આપનો જ છું. આપશ્રી મારી બાંહ પકડી છે તેથી હું લજ્જાય માન એવી રીતે છું કે ચરણ શરણ રહી ન શકયો આપની આજ્ઞાનું પાલન કરી ન શક્યો. કોઈપણ યોગ્યતા ધારણ ન કરી શકયો. ફકત મારી બાંહ આપે પકડી છે તેથી તેની લાજ રાખશો એટલે થી નિરાંત અનુભવું છું. મારે કોઇ અન્ય સાધનનું બળ નથી તેમજ અન્ય સાધનનો મને ભરોસો નથી તેથી અન્ય સાધન જાણું તોપણ કરવાજ નથી. હવે આપને છોડીને જાઉ તો પણ ક્યાં જાઉ ? મારા સ્વામી આપજ છો. આપ રસિક શિરોમણી છો. મહાન ભાવિક ભગવદ્ ભક્તો આપનાં ચરણ શરણમાં રહીને, કૃપાને પાત્ર બની અનેક લીલા ચિંતનમાં આનંદ મેળવે છે. પરંતુ હું તો હજી ભવસાગરનો ડર રાખી રહ્યો છું મારા અજ્ઞાનથી કયાંક પાછું ભવ સાગરમાં ભટકવું ન પડે. મારા દુઃખનું વર્ણન કેની પાસે જઈને કરૂં ફક્ત એટલી જ વિનતી આપને કરૂ છું જેવો છું તેવો છું તો પણ સમપર્ણથી આપનો જ છું, માટે બાંહ પકડવાની લાજ મન રાખો આપનાં ચરણોમાં મને પ્રીતિ થાય એટલું જ માગુ છું.

## પદ ૯મું (રાગ : બિહાગ) ચિંતન, ધ્યાન, વિનતી

**ભૂલ જિન જાય મન અનત મેરો ।**
**રહો નિસિ-દિવસ શ્રી વલ્લભાધીશ પદ-કમલસોં**
**લાગ બિના મોલકો ચેરો ॥ ૧ ॥**
**અન્ય સંબંધ તે અધિક ડરપત રહોં ।**
**સકલ સાધન હુતેં કર નિબેરો ।**



**દેહ નિજગેહ ચરલોક પરલોક લોં**
**ભજો સીતલ ચરન છાંડ ઉરઝેરો ॥ ૨ ॥**
**ઇતની માગત મહારાજ કર જોર કે**
**જૈસો હૂં તૈસો કહાઉ તેરો ।**
**'રસિક' સિર કર ધરો ભવ દુઃખ પરહરો**
**કરો કરૂના મોહી રાખીયે નેરો ॥ ૩ ॥**

**ભાવાર્થ** - આ પદમાં શ્રી વલ્લભ પ્રભુથી વરદાન માંગ્યું છે રસિક બે હાથ જોડી વિનતી કરે છે કે આપ મારા માથે શ્રી હસ્ત ધારણ કરી વરદાન આપો કે પ્રભુ મારૂ મન કદાપિ ભુલ ન ખાઈ જાય અન્ય જગો ન ચાલ્યું જાય, આપનાં જ ચરણોમાં લાગ્યું રહે. મારા મન રૂપી ઘોડાની લગામ છટકી ન જાય આપનાં ચરણારવિંદમાં જ લાગ્યું રહે. આ એક જ જગો સ્થિરતા કરી બિના મોલકો ચેરો (દાસ) બન્યો રહું સંપત્તિ કે વિપત્તિના સમયે કોઈ સાધનોમાં ભોળવાય ન જાય. આ લોક અને પરલોકની ચિંતાથી મુકત બની કેવળ આપનું શરણ રાખી શિતલ છાયમાં આપનું જ ભજન કરું આ દેહ તથા તેના સંબંધીયો ઘર, સ્ત્રી, પુત્રાદિક સંબંધીયો આમ કોઈમાં મોહ રાખી બંધનમાં આવું નહી, આ બધી ઝંઝટોથી મુકત બની કેવળ આપનાં ચરણ કમલની છાંહમાં જ રહું.

ઈતની માંગત- હું કર જોડીને વિનંતી કરૂ છુ કે હવે જેવો છું તેવો પરંતુ આપનો જ કહેવરાવું. સંસારરૂપી તાપમાં તપેલાને કેવળ આપનાં ચરણ કમલની છાંહ શાન્તિ આપી શકે છે. કરૂણાનાં સિંધુ કરૂણા કરી મારા મસ્તક ઉપર શ્રી હસ્ત રાખી મને અભય આપો.

## પદ ૧૦મું (રાગ : બિહાગ) નામરત્ન મહિમા

**બડો ધન હરિજનકો હરિનામ ।**
**બિન રખવારે ચોર ન ચોરત સેવતહે નિશયામ ॥૧॥**
**દિનદિન બઢત સવાયો દૂનો ઘટત નહી કછુ દામ ।**
**'સૂરદાસ' હરિ સેવા જા કે પારસ કો કહા કામ ॥૨॥**

**ભાવાર્થ** - આ સંસારમાં રહેવાવાળા દરેકને ધનની આવશ્યકતા રહે છે. ધનથી જ બધા કાર્યો થાય છે. તેને મેળવવા અનેક પ્રયત્નો કરવા પડે છે. દુઃખ પણ વેઠે છે. પરંતુ મેળવ્યા પછી પણ તેની સંભાળ રાખવી પડે છે. નહીં તો ચોર લુંટી જાય છે. અત્રે તો સૂરદાસજી કહે છે કે ભક્તો પાસે તો એવું મોટું ધન હોય છે કે તેને લુંટાવાની ચિંતા નથી, શકય જ નથી. હરિજનને હરિનાં નામરૂપી ધન હોય છે

જેથી તેની રખવાળીની પણ જરૂર નથી વળી હરિનામ રૂપી ધન ખર્ચ કરવાથી ઓછું થતું નથી જેમ વાપરે, તેમ દિવસે દિવસે વધતું જાય છે. તેને લુંટાવાનો ભય જ નથી તેથી નિરાંતે સૂવે છે. ભક્ત જેમ શ્રી ઠાકુરજીની સેવા સ્મરણ કરીને સદા આનંદ મેળવે છે. જેને ઘેરે શ્રી ઠાકુરજીની સેવા છે તેને પારસનું શું કામ છે. દૃષ્ટાંત : એક વૈરાગી પાસે પારસમણી હતો. તેણે એક વૈષ્ણવને કહ્યું, તમને હું પારસમણી આપું છું તેનાથી રોજ ધન પ્રાપ્ત કરો, ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું તો શ્રી ઠાકુરજીની સેવા કરી આનંદ કરૂં છું જે અત્રે 'પત્રં પુષ્પં ફલં તોયં' જે કોઈ મારી પાસે છે તેનાથી પ્રભુને રીઝાવું છું, પારસમણીની જરૂર હોય તેને આપો, આ છે ભક્તનું ધન.

## પદ ૧૧મું (રાગ : કેદારો) દ્રઢ આશ્રય

**આશરો એક દ્રઢ શ્રી વલ્લભાધિશકો ।**

**માનસી રીતકી મુખ્ય સેવા વ્યસન લોક વૈદિક ત્યાગ શરન ગોપીશકો ॥૧॥**

**દીનતા ભાવ ઉદીબોધ ગુનગાનસોં ઘોષત્રિય ભાવનાં ઉભય જાને ।**

**કૃષ્ણ નામ સ્ફૂરે પલ ન આજ્ઞા ટરે કૃતિ વચન વિશ્વાસ દ્રઢ ચિત્ત આને ॥૨॥**

**ભગવદીય જાન સતસંગ કો અનુસરે ના દેખે દોષ અરુ સત્ય ભાખે ।**

**પુષ્ટિ પથ મર્મ દસ ધર્મ યહ વિધિ કહે સદા ચિત્તમે 'દ્વારકેશ' રાખે ॥૩॥**

**ભાવાર્થ** - શ્રી દ્વારકેશજીએ આ પદમાં દશ ધર્મ અને દશ મર્મ જે કહ્યા છે તે સમજવા જરૂરી છે. દશ ધર્મ તો સમજાય છે પરંતુ તેમાં જ છુપાયેલા દશ મર્મ જાણવા જરૂરી છે. દશ ધર્મ તે-આશ્રય, સેવા, ત્યાગ, શરણ, દીનતા, ગુણગાન, ઘોષત્રિય ભાવના, આજ્ઞાપાલન, વિશ્વાસ, ભગવદ્ ભક્તનો સંગ, આ દશ ધર્મો માં જ દશ મર્મ સમાયેલા છે.

**ધર્મ** - આશ્રય = શ્રી મહાપ્રભુજીનો આશ્રય રાખવો તે ધર્મ છે પરંતુ દ્રઢતા પૂર્વક રાખવો તે મર્મ છે અધૂરો કોઈ કામનો નહી

**ધર્મ** - સેવા = પુષ્ટિ માર્ગીય વૈષ્ણવોયે પ્રભુની સેવા કરવી તે ધર્મ છે પરંતુ સેવામાં તનુ વિત્તજા માનસી શ્રેણી છે. માનસી સુધી પહોંચવું તે મર્મ છે.

**ધર્મ** - ત્યાગ = ભગવદ્ સંબંધ સામે લૌકિક વૈદિક તુચ્છ છે. તેમાં લૌકિકમાં ચિત્ત પરોવી રાખવું નહી, વૈદિક રીત મુજબ કરવુ પડે માટે જ તેટલાં પૂરતું જ કરવું, તેમાં ફળની ઈચ્છાથી નહી તે મર્મ છે.

**ધર્મ** - શરણ = પ્રભુનું શરણ સ્વિકારી રહેવું તે ધર્મ છે. પરંતુ પ્રભુનું જે ગોપીજન વલ્લભ સ્વરૂપ છે તેનું જ શરણ કરવું તે મર્મ છે. જે ગોપિજનોયે પ્રેમ ભાવથી પ્રભુને વશમાં કર્યા હતા.



**ધર્મ** - દીનતા ભાવ = દીનતા રાખવી તે ધર્મ છે. જેથી અભિમાન આવે નહીં. પરંતુ તે દીનતા ભગવદ્ ધર્મમાં જ રાખવી તે મર્મ છે.

**ધર્મ** - ગુનગાન = પ્રભુનું નામ સ્મરણ કરવું ગુનગાન કરવું તે ધર્મ છે. પરંતુ ઉદ્‌બોધ ગાન કે જે ગાવું તેનો ભાવાર્થ જાણીને કરવું એકાગ્રચિત્ત રાખી તેમાં રહેલું રહસ્ય જાણવું તે ઉદ્‌બોધ મર્મ છે.

**ધર્મ** - ઘોષત્રિય ભાવના = જે રીતે ગોપીજનોએ ગુનગાન કર્યું તેમના ભાવનું કરવું ગોપિજનોની ઉભય ભાવના તે છે. મર્મ-સંયોગ અને વિપ્રયોગ સેવા સમયમાં આનંદપૂર્વક સેવા કરવી અને અનોસરમાં વિપ્રયોગની ભાવના જેમકે વૃજમાં રહેતાં ગોપીજનો, પ્રભુ જયારે ગૌચારણ લીલા વનમાં કરવા જાતા હતા ત્યારે ગોપિજનો વેણુગીત યુગલગીત ગાયને વિયોગમાં તેની લીલાઓનું ગાન કરતાં, મગ્ન બની જતા અને કહેતા 'દીન પરિક્ષયે નીલ કુંતલૈઃ' દિવસ ? જલદી ક્ષય થાય જેથી સંધ્યા સમયે અમારા પ્રાણ પ્રિય વૃજમાં પધારે (ઘેરે આવી દર્શનનું સુખ આપે) અત્રે વિપ્રયોગ મર્મ છે. કોટી સંયોગ રસ વિપ્રયોગની તુલનામાં ન આવે. કેમકે સંયોગમાં તો સન્મુખતા થાય ત્યારે નયનોથી નિહાળી આનંદ પ્રાપ્તિ કરાય પરંતુ વિપ્રયોગમાં સર્વ ઈન્દ્રિયોનો સાથ મળે. રોમ રોમમાં ભગવદ્ રસ છાયો રહે છે. તે ફળરૂપ વિપ્રયોગને સાક્ષાત સંયોગ સમાન ગણ્યો છે. વિપ્રયોગમાં અન્ય કોઈ ચીજનું ભાન હોતું નથી રોમરોમમાં એક જ રસ ઝલકતો રહે છે.

**ધર્મ** - આજ્ઞા પાલન = સેવકે પ્રભુની (સ્વામીની) આજ્ઞાનું પાલન કરવું તે ધર્મ છે. સેવકે આજ્ઞાકારી રહેવું તે તેનું કર્તવ્ય છે. પરંતુ આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું તે મર્મ છે.

**ધર્મ** - વિશ્વાસ = પ્રભુ અને ગુરૂદેવમાં વિશ્વાસ રાખવો તે ધર્મ છે. પરંતુ મન કર્મ અને વચનથી દ્રઢતાપૂર્વક રાખવો તે મર્મ છે.

**ધર્મ** - સતસંગ = સત્સંગ નિત્ય કરવો તે ધર્મ છે. પરંતુ 'ભગવદી જાન સત્સંગ કો અનુસરે', ભગવદીને જાણી ઓળખી તેમાં વિશ્વાસ રાખી સંગ કરવો તે મર્મ છે. અધુરા જ્ઞાન વાળાને કોઈ એવો ભગવદી વૈષ્ણવનો, વેષધારી અને કોઈ ઠગનો સંગ થઈ જાય તો ભાવનાં હોય તે પણ નષ્ટ થઈ જાય માટે અત્રે સાવધાન કર્યા છે કે પહેલાં તેને ઓળખો પછી ભાવ રાખી સંગ કરવો. ઉપર મુજબ દશ ધર્મ અને દશ મર્મ બતાવી શ્રી દ્વારકેશજી આજ્ઞા કરે છે કે ઉપર મુજબ ધર્મોનું પાલન કરવું તેને ભુલવું નહી તે મર્મ છે. કોઈ ભાગ્યવંતને જ સાચા ભગવદી મળે છે માટે સાવધાની રાખવી જરૂરી છે.

## પદ ૧૨મું (રાગ : બિહાગ)

અબ તો સાચો કલીયુગ આયો ।
પુત્ર પિતાકો કહ્યો ન માને કરત આપ મન ભાયો ॥૧॥
પુત્રિ વેચી પિતા ધન પાવત દિન દિન મોલ સવાયો ।
યા તે બરખા અલ્પ ભઈહે કાલે સબ યુગ ખાયો ॥૨॥
ઘટત ગોવર્ધન છિપત વૃંદાવન કાલિંદી રૂપ છિપાયો ।
'સૂરદાસ' પ્રભુ યા કલીયુગમેં મોહિ કાહે જીવાયો ॥૩॥

**ભાવાર્થ** - દ્વાપર યુગના અંતે કલીયુગનું રાજ્ય આવ્યું, કલીના ગુણો બધી રીતે ઉલટા છે. આવતાં જ પરિક્ષિત રાજાની બુધ્ધિ પર તેણે જોર બતાવ્યું, જેથી બ્રાહ્મણનો શ્રાપ લાગ્યો હતો. વળી અગાઉ કન્યા વિક્રય થતું હતું ત્યારે અબળાને ઘણું દુઃખ સહન કરવું પડતું. જેમ ઢોરને ગમે ત્યાં જ્યાં વધારે પૈસા મળે ત્યાં વેચી દેતા, તેમ કન્યાને વેચી પિતા ધન કમાતો. ૬૦ વરસનાં મુરતિયાને ૧૨ વરસની કન્યા આપી પિતા ધનની લાલચે પોતાની પુત્રિના સુખ દુઃખનો કાંઈ વિચાર ન કરતો. આવો ધર્મ કલીયુગનો છે. જ્યાં પુત્ર પોતાના પિતાનું કહ્યું માનતા નથી તે પોતાના મનનું જ ધાર્યું કરે છે. શાસ્ત્રોમાં સાર થી કલીયુગ વિરુધ્ધ ધર્મી છે જ્યાં છલ, કપટ, સ્વાર્થ, દયાવિહિન, પાપકર્મોથી ડરવાવાળા નહી, આવા કાળમાં શ્રી ગોવર્ધન પર્વત રોજ રોજ પૃથ્વીમાં સમાતા રહે છે. વૃંદાવનનું અદભુત રૂપ જે લીલામય હતું તે છુપાતું જાય છે. શ્રી યમુનાજી પણ પોતાનું રૂપ છુપાવતાં રહે છે. આ કલીયુગમાં પાપી ધર્મોથી વર્ષા પણ ઓછી થતી જાય છે. ક્યાંક ગામના ગામ વહાવી દીયે, ક્યાંક પાણી વગર તરસ્યા રાખે, સૂરદાસજી આવા ધર્મો જોઈ કહે છે પ્રભુ મને આવા કાળમાં શા માટે જીવાડ્યો ?

કલીયુગનું પ્રમાણ રૂપ - હાલમાં શ્રી ગોકુલ ઠકુરાની ઘાટ ગોવિંદ ઘાટથી શ્રી યમુનાજી દૂર દૂર વહે છે, ઘાટો ખસી પડ્યા છે. તીર્થોમાં રહેવાવાળા કેવળ લાભ કમાવવા જ ત્યાં નિવાસ કરી રહ્યા છે. તે ભલે ગમે તે હોય તો પણ ભગવદ્વાક્યે 'તે મદ્ ભક્તા ન બાંધકાઃ' આ કઠોર સમયમાં પણ જે જીવો શ્રી વલ્લભનો આશ્રય કરી અને પ્રભુની સેવામાં ચિત્ત જોડશે, તેને કલીયુગ શું કરી શકશે ?

આ તો કસોટીનો સમય છે સાચા હશે તે પાર ઉતરશે અધુરા ડુબી જશે.



## પદ ૧૩મું (રાગ : બિહાગ) દુસંગની પરખ

તજ મન હરિ વિમુખન કો સંગ ।
જા કે સંગતે દૂર્બુધ્ધિ ઉપજત પરત ભજનમેં ભંગ ॥૧॥
ખરકો કહા અરગજા લેપન મરકટ ભૂષણ અંગ ।
કાગકુ કહા કપુર ચૂગાવત શ્વાન ન્હવાવત ગંગ ॥૨॥
કહા ભયો પય પાન કરાવત વિષ નહી તજત ભુજંગ ।
'સૂરદાસ' પ્રભુ કારી કામરીયા ચઢત ન દૂજો રંગ ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં મનને ઉદ્દેશીને કહ્યું છે કે હે મન, તું હરિથી વિમુખ રહેવાવાળાનો સંગ છોડી દે. ભૂલે ચુકે પણ કરીશ નહી. જેનાં સંગથી કુબુધ્ધિ ઉત્પન્ન થાય અને ભગવદ્ ભજનમાં હાનિ થાય તેનાથી દૂર રહેવું. જેનું આધિદૈવિક રૂપ જ દુષ્ટ છે તે કદી સુધરશે જ નહી, તેની પાસે ભગવદ્ ધર્મ બતાવવો તે સર્વથા મિથ્યા જ છે. જેમકે ગધેડાને અરગજાનું લેપન કરવાથી તેનું તેને મહત્વ નથી, એ તો તુરત જ રાખમાં આળોટવાવાળો છે. તથા જેમ વાંદરાને હીરા માણેક મોતી પન્નાનાં આભરણો પહેરાવવામાં કોઈ લાભ નથી, તે તો તોડી ફોડીને ફેંકી દેશે, તેની તેને કીંમત નથી, આ શું છે. હું શું કરૂ ? એનું જેને ભાન નથી તેથી તેને માટે તે તદ્દન નકામું છે. ચતુર કાગડો નર્ક ઉપર બેસવાવાળો, તેને કપુર ચુગાવવો નકામો છે. તેવી જ રીતે શ્વાન (કુતરાને) ગંગાજી સ્નાન કરાવવું નકામું છે સૂરદાસજી કહે છે, કાળી કામળી ઉપર બીજો રંગ ચઢતો નથી. તેમ સમજી ને કહે છે ઉપર બતાવેલા જેવો સદા હરિ વિમુખ રહેવાવાળો છે. તેનો સંગ કદી કરવો જ નહી. દુઃસંગી આપ તો ડૂબે અને એનો સંગ કરે તેને પણ ડૂબાડે છે.

## પદ ૧૪મું સત્સંગની પરખ

કર મન હરિ ભક્તન કો સંગ ।
જીનકે સંગ તે સુબુધ્ધિ ઉપજત બઢત ભજનમેં રંગ ॥૧॥
ઉગ્ર સ્વભાવ શ્રી કૃષ્ણ પદ સેવા જૈસે જલમેં ગંગ ।
સદા ધ્યાન ધરત ગિરિધરકો મનતે ઉઠત તરંગ ॥૨॥
સૂર વિમાન જહાં કૌતુક ભૂલે ક્રિડત ગોપાલ સંગ ।
'સૂરદાસ' વૃજ વાસ કીયે તે બઢત ભાવ તરંગ ॥૩॥

**ભાવાર્થ** - હે, મન તું સદા ભગવદ્ ભક્તોનો જ સંગ કર. ભક્તોના સંગથી ભક્તિ પ્રાપ્ત થશે, સુંદર બુધ્ધિ રહેશે દિવસે દિવસે ભાવની વૃધ્ધિ થાશે. જે ભગવદ્ ભક્ત બીજાને પણ લાભ મળે તે ભાવનું જ સુચન કરે છે. જેમને પ્રિય ભગવદ્

સેવા, સ્મરણ છે તેનો જ લાભ આવા ભગવદ્દીયો બીજાને પણ આપે છે. જેવી રીતે જળમાં જળ ગંગા જળ અતિ ઉજ્જવળ, શ્રાપહરણ, શાંતિકરણ, પાપનું હરણ કરે છે. તેમ આવા ભક્તોનાં હૃદયમાં સદા શ્રીઠાકુરજીનું ધ્યાન જ રહે છે. જેમ ગંગાજીમાં તરંગ ઉઠે છે તેમ ભક્તનાં હૃદયમાં ભાવરૂપી તરંગો ઉછળતા રહે છે. પ્રભુની અનંત લીલાઓ વૃજમાં જોઈને દેવો આશ્ચર્ય ચકિત બની જાય છે. આવી લીલાઓનું ચિંતન કરવાવાળા ભગવદ્‌ભક્તનો સંગ મળે અને સદા વૃજમાં ભક્તોની સાથે રહી ભક્તોની સાથે નિત્ય નવા ભાવ રૂપી તરંગો હૃદયમાં ઉછળતાં રહે. એ માટે તું ભગવદ્ ભક્તનો સંગ કર.

## પદ ૧૫મું આશ્રય (રાગ : બિહાગ)

**હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની ।**
**ભવ સાગર તે કાઢો મહાપ્રભુ રાખો શરન અપની ॥૧॥**
**નિશદિન જાકો નામ રટત હે શેષ સહસ્ત્ર ફની ।**
**'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ મુકુટ મની ॥૨॥**

**ભાવાર્થ** - શ્રી ગુસાંઈજીના સેવક છીતસ્વામીને શ્રી વિઠ્ઠલ સ્વરૂપમાં સંપૂર્ણ આસક્તિ હતી. જેઓ પ્રથમ કપટરૂપે સન્નમુખ થયા હતાં. ત્યારે આપના દિવ્ય સ્વરૂપનું જેને ભાન થયું હતું, પોતાની ગઈ ગુજરી યાદ આવતા ભવસાગરથી મુક્તિ મેળવવા વિનંતી કરી છે.

મારા માટે શ્રી વિઠ્ઠલરૂપ છે તે જ ગિરિધર છે, બન્ને અભેદ છે, એક જ છે. તેથી વિનંતી કરી છે કે મારેબીજો કોઈ ધણી નથી. સેવક પોતાના મનની ઈચ્છા મુજબ પોતાના સ્વામીથી માંગી લીયે છે. હે ત્રણ લોકના નાથ, મુકુટના મણીરૂપ હું આપનો જ છું આપનો જ આશ્રય કરી રહ્યો છું. જેનું રટણ રાત દિવસ સહસ્ત્ર ફેણોવાળા શેષજી કરે છે તે પાર પામી શકતા નથી. તેવા અગણિત ગુણોવાળા અને સદા આપની પાસે રાખો. જેથી ભવસાગરનો ડર મને રહેજ નહીં.

## પદ ૧૬મું (રાગ : બિહાગ) શ્રી વલ્લભને વિનંતી

**શ્રી વલ્લભ મેરી કૃતિ જીન દેખો ।**
**છિન છિનમેં અપરાધ પરત હે ગીનત ન આવે લેખો ॥૧॥**
**નિરાધારકે શરન નાથ તુમ અપનો બિરદ ઉવેખો ।**
**'રસિક' કહે મોહિ દીન જાનકે કરી કૃપા વિશેખો ॥૨॥**

**ભાવાર્થ** - શ્રી વલ્લભપ્રભુ આપ સર્વેશ્વર છો સર્વનાં સુખદાતા તેમજ અંતર્યામિ છો તેમજ ભક્તની અભિલાષા જાણવાવાળા છો જેનું કોઈ શરણ જ નથી જેનું



કોઈ સાધન નથી તેવાઓને પણ આશ્રય આપો છો, તેમજ હું પણ આપને શરણે આવ્યો છું જેથી શરણાંગત છું, આપને વિનંતી કરૂં છું. મહાઉદાર ચરિત્રવાન, દાસના ગુણ જ જોવાવાળા, અવગુણ તરફ ધ્યાન દેતા નથી. તેથી કહું છું કે પ્રભુ ! કરણી સામે જોશો નહીં હું તો અપરાધી એવો દાસ છું. આપની આજ્ઞા મુજબ ચાલી શકતો નથી જેથી ક્ષણ પ્રતિક્ષણ અપરાધો વધતા જાય છે. અપરાધોની ગણત્રી કરવામાં આપને વૃથા શ્રમ જ થશે જેને ગણતા પાર આવે તેવું નથી. જેમ આપ નિરાધારનાં આધારરૂપ છો, તેમ મારે પણ કોઈનો આધાર જ નથી માટે મારા દોષો તરફ દ્રષ્ટિ ન કરતાં કેવળ આપનું બિરદ વિચારો, તેનું પાલન કરો. રસિક કહે, મને દીન જાણીને કેવળ કૃપા કરો. કૃપાપાત્ર બનાવો. વિશેષ કૃપા કરો.

## પદ ૧૭મું (રાગ : કેદારો)

**કૃષ્ણ શ્રી કૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે ।**
**રેન દિના નિત્યપ્રતિ સદા પલછિન ઘરી**
**કરત વિધ્વંસજન અખિલ અઘ પરહરે ॥૧॥**
**હોત હરિરૂપ વૃજભૂપ ભાવે સદા**
**અગમ ભવસિંઘુકો બિના સાધન તરે ।**
**રહત નિશદિવસ આનંદ ઉરમેં ભર્યો પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥૨॥**
**રમા શિવ શેષ સનકાદિ શુક શારદા**
**વ્યાસ નારદ રટે પલક મુખના ટરે ।**
**'લાલ ગિરિધરન' મહિમા અતુલ ઝગમગે**
**શરણ 'કૃષ્ણદાસ' નિગમ નેતિ નેતિ કરે ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં કૃષ્ણદાસજી મનને ઉદેશીને કહે છે કે પરંતુ સર્વને માટે જરૂરી છે તેથી કહે છે. મનની ગતિ સદા શ્રીકૃષ્ણમાંજ રાખવી તે માટે શ્રી કૃષ્ણનું નામ સદા રટણ કરતું રહેવું. અનાદી કાળથી ભટકતો આવતો જીવ તેનાં કેટલા અપરાધો છે તે કોઈ જાણતું નથી. તેથી તે જાણવા મિથ્યા મહેનત ન કરતાં, શ્રી કૃષ્ણ જ મારી ગતી છે તેમ જાણી સદા પળ ક્ષણ ખાલી ન જવા દેવી, જેથી મનની ગતિ પ્રભુમાં જ રહેશે. તેમજ સઘળા દોષોની નિવૃત્તિ થશે અને સંસાર પાર કરવાની ચિંતા જ નહીં રહે. કૃષ્ણ નામ પાપ નાશક અને ઉદ્ધારક છે. શ્રી કૃષ્ણ આ નામથી લીલા સહિત ગુણગાન થાય છે કૃષ્ણ કહેતા એકલા પ્રભુ શ્રી નામ સૌભાગ્ય તેમાં શ્રી સ્વામિનિજી સાથે અનેક વૃજભક્તો આમ પ્રભુની અનંત લીલાઓનું સ્મરણ કરાવે. તેમાં જ મન લાગી જાય. નિવેદન વખતે ગુરૂદેવે હાથમાં તુલસી આપી સમર્પણ કરાવ્યું છે, તેમાં દેહ ઈન્દ્રિય પ્રાણ અંતઃકરણ દેહ ધર્મનાં

સંબંધીયો જેમ કે સ્ત્રી પુરૂષ આ લોકમાં જેને હું મારા માનું છું તે સર્વનું સમર્પણ કરાવ્યું છે. તેમાં આજ સુધી અજ્ઞાનતાથી હું મારૂં છે તેમ સમજતો હતો તે સર્વ આપનું જ છે અને આપને જ સમર્પણ કરૂં છું, હું હવે શરણાંગત થયો તેથી આપનો જ છું આપનો જ દાસ છું રાત દિવસ ઘડી પળ નામ સ્મરણ કરવાથી અનાદી કાળનાં દોષોની નિવૃત્તિ થશે અને પ્રભુ પ્રત્યે પ્રિત ઉત્પન્ન થશે. હરિને ગાતા હરિરૂપ બની જવાશે એટલે પ્રભુ સિવાય અન્ય કાંઇ ગમશે નહીં સદા વૃજનાં ભુપના રંગમાં રંગાઇ જવાશે, જેથી સાધન વગર ભવરૂપી સમુદ્ર પાર કરી શકાશે. તેની ચિંતા જ નહી રહે. નામ સ્મરણનાં પ્રતાપ બળથી સદા ચિત્તમાં અનેરો આનંદ ઉછળતો રહેશે. આગળ જતાં પ્રભુની અનંત લીલાઓનું ચિંતન કરતાં તેમાં જ ખોવાય જવાશે. જીવનનું કર્તવ્ય શું? આ બધું સમજાય જશે, પુષ્ટિ રસ લીલામાં મગ્ન બનીને તલ્લીનતા પ્રાપ્ત થશે.

પ્રભુના નામનું માહાત્મ્ય જાણીને રમા-લક્ષ્મીજી અજ-બ્રહ્મા-શેષ, સનકાદિ મુનિઓ, નારદ, શારદા વગેરે નામ સ્મરણ કર્યા કરે છે. ધરણીધર શ્રી કૃષ્ણ જેમણે ગિરિરાજ ધારણ કરીને વૃજની રક્ષા કરી હતી. જેમની મહીમા, ગુણ પ્રતાપ, જગમાં જગમગી રહ્યો છે. તે પ્રભુને હું શરણે આવ્યો છું જેમને નિગમ નેતી નેતી કહે છે પૂર્ણ જાણવા કોઇ સમર્થ નથી એવા "શ્રીકૃષ્ણઃ શરમં મમ" ઉચરતા રહેવું.

## પદ ૧૮મું (રાગ : ગોરી)

**કૃષ્ણ શ્રીકૃષ્ણ મન માંહી ગતિ જાનિયે ।**
**દેહ ઇન્દ્રિય પ્રાણ દારા ગારાદી આત્મા સકલ શ્રી કૃષ્ણ કી માનીયે ।**
**કૃષ્ણ મમ સ્વામી હું દાસ મન વચ કર્મ કૃષ્ણ કર્તા ચેહી વિત જાનીયે ॥૧॥**
**'કૃષ્ણદાસની' નાથ હરિદાસ વર્ય ચરનરજ વલભાધિશ મન માનિયે ॥૨॥**

**ભાવાર્થ** - પ્રભુને શરણે આવી નિવેદન કર્યા પછી પોતાનાં મનને એક જગ્યા પર સ્થિર કરવું પ્રથમ નિવેદન કર્યુ ત્યારે દેહ ઈન્દ્રિય પ્રાણ સ્ત્રી પુત્રાદિક આત્મા ધન વિગેરે સર્વ સમર્પણ કર્યુ છે. તેથી જે કાંઇ મારૂં છે જેને મેં મારૂં માન્યું છે તે સર્વ શ્રી કૃષ્ણનું જ છે. કૃષ્ણ જ મારા સ્વામી છે અને મન વચન કર્મથી હું તેમનો દાસ છું એટલે આ બધું પ્રભુનું જ છે. હું તો રખેવાળ છું. આજ સુધી હું અજ્ઞાનતાથી બધું મારૂં જ છે, તેમ જાણતો હતો. કૃષ્ણદાસ કહે છે કે શ્રી ગિરિરાજ ઉપર ચરણ ધારણ કરવાવાળા, શ્રીજીની સેવા કરવાવાળા એવા શ્રીમદ્ વલ્લભાધિશની ચરણ રજ કણિકાનું આ ફળ છે જેથી પ્રભુની શરણાંગતિ પ્રાપ્ત થઈ. આ પદ સમસ્ત પુષ્ટિ માર્ગીયોને લાગુ થાય છે. જેને શ્રી વલ્લભની ચરન રજ કણિકા પ્રાપ્ત થઈ છે તેઓ મહાન ભાગ્યવાન છે. કૃષ્ણ શ્રીકૃષ્ણ મન માંહી ગતિ જાનીયે.



## પદ ૧૯મું (રાગઃ કાન્હરો) દૃઢ આશ્રય

**ઔર કોઇ સમજે સો સમજે હમકોં ઇતની સમજ ભલી (ટેક)**
**ઠાકુર નંદકુમાર હમારે ઠકુરાની વૃષભાન લલી ।**
**શ્રી દામાદી સખા શ્યામકે શ્યામા સંગ લલિતાદિ અલી ॥૧॥**
**વૃજપુર વાસ શૈલ વન વિહરત કુંજન કુંજન રંગ રલી ।**
**કહે 'ભગવાન હિત રામરાય' પ્રભુ સબનતે ઇનકી કૃપા બલી ॥૨॥**

**ભાવાર્થ** - ભગવાનદાસનું આ પદ યુગલ સ્વરૂપની લીલાઓનું વર્ણન કરી કેવળ કૃપાનું બળ બતાવ્યું છે. લીલાનું અવગાહન કરતાં કહે છે કે, બીજા કોઇ ઘણું ઘણું જાણવાવાળા છે, પરંતુ એવી લાંબી વિચાર શક્તિ નથી. હું તો માત્ર એટલું જ સમજુ છું કે અમારા ઠાકુર નંદકુમાર છે. અને ઠકુરાની વૃષભાન કુમારી રાધિકા છે. શ્રીદામાહી સખાઓ છે. તે પ્રભુની સંગે ખેલવાવાળા છે. તરેહ તરેહની રમતો રમી કૃષ્ણને આનંદ કરાવે છે. તેઓ બાળપણમાં ઘરોઘર માખન ચોરીમાં સાથે ફરતા, કિશોર વયમાં ગૌચારણ લીલામાં સાથે જ હતા વનમાં જઈને રમતો રમતા. સદા આનંદમય લીલા કરતા યશોદાનાં લાલાને પ્રસન્ન રાખતા શ્રી રાધિકાજી સાથે લલિતાદિક સખિયો જેની સંગે વિશાખા આદી આઠ સખિયો સર્વ મળી લીલામાં સહભાગી બની યુગલ સ્વરૂપની સેવામાં તત્પર રહેતી. કુંજ નિકુંજની લીલાઓમાં પોતાની કાર્ય કુશળતા બતાવી નિત્ય મળી સજાવટ કરી યુગલ સ્વરૂપને ત્યાં પધરાવી આનંદમય લીલાઓમાં સાથી બની રહેતા શ્રી યમુનાજીના બન્ને કિનારા તથા શ્રી ગિરિરાજજી, વન, ઉપવન વૃજ મંડળમાં પ્રભુએ નાનાવિધ લીલા કરી છે. તે લીલાઓમાં સહભાગી બની આનંદ લીધો છે. ભક્તોની સાથે નિત્ય નવિન લીલા કરતાં ભક્તોના ભાવ મુજબ પ્રભુ અંગીકાર કરી પ્રસન્ન રહેતા. આનંદરૂપ પ્રભુ આપ જ છે તે ભક્તોની સાથે આનંદ આપતા અને આનંદ મેળવતા. આવા ભક્ત વત્સલ પ્રાણનાથની સેવા કરૂં છું લાડ લડાવું છું જેથી ભાવરૂપિ વેલી વૃદ્ધિ પામતી જાય છે આ પ્રતાપ બળ શ્રી ગુસાંઇજીનો છે કે ભાવરૂપી વેલી ફૂલમાંથી ફલ રૂપે બની છે. રામરાયના સંગથી ભગવાનદાન વૈષ્ણવ બન્યા હતા. તેથી "કહે ભગવાન હિત રામરાય પ્રભુ" આ છાપ રાખી છે. તેઓ સર્વ કાર્યમાં પ્રભુની ઈચ્છાને માનતા ભલે મારામાં બીજી બુદ્ધિ નથી પરંતુ મારા ઠાકુર નંદનંદન અને રાધિકા રાની ની કૃપા મળે આટલું ઘણું છે.

## પદ ૨૦મું (રાગ : કાન્હરો)

ગોપી પ્રેમકી ધ્વજા ।
જીન ગોપાલ કીયો અપને વશ ઉર ધર વામ ભૂજા ॥૧॥
શુક મુનિ વ્યાસ પ્રસંશા કીની ઉધો સંત સરાહી ।
ભુરી ભાગ્ય ગોકુલકી વનિતા અતિ પુનિત જગ માંહી ॥૨॥
કહા ભયો જો વિપ્રકુલ જન્મયો જો હરિ સેવા નાહી ।
સોહી કુલીન દાસ 'પરમાનંદ' જો હરિ સનમુખ ધાહી ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં વૃજગોપિયોને ધ્વજાની ઉપમા આપી છે. જેમ ધ્વજા મંદીરોના શિખર પર સર્વથી ઉંચી રહે છે બાકી તેનાથી નિચું જ હોય છે. આ ભુતલપર અનેક ભક્તો થઇ ગયા અને થાશે, તેમાંનો મંદિરરૂપ તે સંર્વના ઉપર ધ્વજા રૂપ ગોપીજનો કહ્યા છે. પ્રેમ ભાવ ભક્તિનું મૂર્ત સ્વરૂપ "વૃજગોપી" તેને તોલે કોઇ આવી શકે નહીં. તેથી શ્રી મહાપ્રભુજીયે ગોપીજનોનાં ભાવને સર્વ શ્રેષ્ઠ રીતે બતાવ્યો છે. તેમની જે પ્રેમ લક્ષણાભક્તિ તે ભાવથી સેવા બતાવી છે. તેમનો જે ભાવ અને પ્રભુ માટે અન્યનો ત્યાગ આવું કોઇ કરી શકયું નથી. ભક્તિના જાણકાર શુકદેવજી ગોપિજનોના ભાવ ને ત્યાગ બન્નેની પ્રશંસા કરી છે. તેવી જ રીતે ઉદ્ધવજીએ પણ પ્રશંસા કરી છે. ઉદ્ધવજી વેદ શાસ્ત્રોના જાણકાર અને સંત હતાં તેમણે ગોપિજનોના ચરણોમાં પોતાનું મસ્તક નમાવીને માગ્યુ હતું કે આ ગોપિજનોની રજ મારા શિરપર સદા રહે, માટે હું ગુલ્મલતા જેવું કાંઇક બનું જેથી મારા મસ્તક ઉપર આવા ભગવદ્ પ્રેમિઓનાં ચરણની રજ પ્રાપ્ત થાય. આ વૃજ ગોપીયોના ભાવની અને ભાગ્યની પ્રશંસા કેવી રીતે, કેટલી કરવી તેમાં મારી બુદ્ધિ કામ કરતી નથી. સંસારમાં આવી, જેણે મહાન પાવનકારી કાર્ય કર્યુ છે, તે ચિરકાળ અવિસ્મરણીય રહેશે. અનેક ભક્તો આપનું ગુણગાન કરીને પાવન થશે. જેણે ભક્તિથી પ્રસન્ન કરી પોતાના હૃદયમાં વામભુજા ઉંચી કરવાવાળાને રાખ્યા છે, પ્રભુ તેના ઋણી બનીને રહ્યા છે. જેથી ઉંચકુળ કે ઉંચકર્મ આમની સામે તુચ્છ છે. કદાચ બ્રાહ્મણ કુળમાં અવતાર મળે અને શ્રીકૃષ્ણની સેવા ન કરી તો શું મેળવ્યું? ઉંચકુળ જન્મનું કાંઇ સાર્થક ન થયું. કુળવાન તો તેને જ કહેવાય જેણે સેવાનો મર્મ જાણી ભક્તોનો સંગ કરી, સેવા સુમરણ કરે તેમજ બીજાને પણ યોગ્ય બનાવે. પરમાનંદદાસજી કહે છે, તેને જ કુળવાન, બુદ્ધિવાન સમજીયે કે જે પ્રેમભાવથી ભક્તિ કરી જીવન સાર્થક કરે.



## પદ ૨૧મું (રાગ : બિહાગ)

ભરૂસો શ્રી વલ્લભ હી કો ભારી ।
કાહેકો મન ભટક્ત ડોલત જો ચાહે ફલકારી ॥૧॥
શ્રી વિઠ્ઠલ ગિરિધર સબ બાલક જગત કીયો ઉદ્ધારી ।
'પુરૂષોત્તમ' પ્રભુ નામ મંત્ર દે ચરણ કમલ શિર ધારી ॥૨॥

**ભાવાર્થ**.- મનને ઉદેશીને આ પદમાં શ્રી વલ્લભપ્રભુ પર દ્રઢ વિશ્વાસ રાખવા કહ્યું છે. હે મન તું શ્રી મહાપ્રભુજીનો ભરોસો રાખી સ્થિર થઇને રહે. શા માટે તારે બીજી જગા પર ભટકવું પડે! બહુ જગાપર ભટકવાથી વૃથા શ્રમ થશે. અને અસ્થિરતાની દશામાં આયુષ્ય રોજેરોજ ઓછું થતું જાય છે. તે તરફનું ભાન તને નથી. જો આ કલીયુગના ધર્મોનો વિચાર કરીશ તો આ કાળમાં શ્રી વલ્લભનાં પદકમલ સિવાય ભટકવું તે વૃથા શ્રમ જ છે. પરમ ઉદાર ચતુર ચિંતમણી એવું આ એક જ સ્થળ છે. જો તું માનવ દેહધારી બનીને તારા આત્માનું કલ્યાણ કરવા ચાહતો હો તો જરા ઝાંખીને જોઇ લે "ઉગ્ર પ્રતાપ દેખ અપને ચક્ષ". આમ ઉગ્ર પ્રતાપ બળ જોયા છતાં ન સમજે તેને કોણ સમજાવી શકે? શ્રી ગુસાંઇજી, શ્રી ગિરધરજી આદી સાત બાલકોયે કેટલા જીવોને શરણે લઇ તેનો ઉદ્ધાર કર્યો છે. કોઇપણ ગોસ્વામી બાલકને શરણે જાય છે તે શ્રી વલ્લભને શરણે જાય છે સર્વના સ્વામી શ્રી મહાપ્રભુજી જ છે. સ્વવંશમાં છટારૂપ શ્રી વલ્લભ બિરાજમાન રહી જીવને અંગીકૃત બનાવે છે. શ્રી પુરૂષોત્તમજી કહે છે કે નામ, નિવેદન કરાવી જીવને સનાથ બનાવે છે. તેઓના ચરણારવિંદમાં તુ મસ્તક ધારણ કર, એમની કૃપાથી દ્રઢ આશ્રય સિદ્ધ થશે.

## પદ ૨૨મું (રાગ : બિહાગ)

શ્રી વલ્લભ ભલે બૂરે તોઉ તેરે ।
તુમહી હમારી લાજ બઢાઇ વિનતિ સુનો પ્રભુ મેરે ॥૧॥
અન્ય દેવ સબ રંક ભિખારી દેખે બહુત ઘનેરે ।
હરિ પ્રતાપ બલ ગિનત ન કાહુ નિડર ભયે સબ ચેરે ॥૨॥
સબ તજ તુમ શરણાંગત આયો દ્રઢ કર ચરન ગહે રે ।
'સૂરદાસ' પ્રભુ તુમ્હારે મિલે તે પાયો સુખ અનેરે ॥૩॥

**ભાવાર્થ** - સૂરદાસ શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા ત્યાર પછી તેમને અલૌકિક આનંદ આવ્યો. પહેલા મિશ્ર ભક્તિ કરતા હવે વિશુધ્ધ પુષ્ટિ રીતે લીલામય ગાન કરતાં કહે છે, શ્રી વલ્લભ હું ભલો બૂરો પણ આપનો જ છું આપના શરણમાં

આવ્યા પછી હું નિશ્ચિંત બન્યો છું. ભલે મારામાં સારા નરસાં ગુણો હોય તો પણ જેવો છું તેવો આપનો જ છું, પ્રભુ ! મેં આ સંસારમાં આવીને સાર જાણી લીધો છે કે અન્ય દેવોની શક્તિ અલ્પ છે, બધા ગણિસ નંદક દેવો છે. તેઓ આપથી મળેલી શકિતમાંથી પોતાના અનુયાયોને આપે છે. તેથી તેમનાં ગુણ અને શક્તિ સિમિત છે. આપની પાસેથી લઈને દેવાવાળા એટલે તેઓ ભિખારી જ છે. પૂર્ણ રૂપ આપજ છો. આપનાં તરફથી શરણ મળવાથી મારા જેવાની લાજ રાખી છે. નહીં તો હું ભટકતો થઈ જાત. જેનાં ગુણ અને પ્રતાપબળનું વર્ણન કોઈથી થઈ શકે તેમ નથી આપ અગણિત ગુણ નિધાન એવા સમર્થ હોય, આપનાં સેવકો નિડર બન્યા છે. હરિનામ, સર્વ દુ:ખનું હરણ કરવાવાળા, સર્વનાં મનની વાત જાણવાં વાળા સર્વ સામર્થ્યવાન હોવાથી જેમાં ભક્તનું ભલું થાય તેવું આપો છો. અન્ય દેવો વરદાન આપે ત્યારે માગ, માગ, તું કહે તે આપું. ત્યારે ભક્ત માગે તેને તથાસ્તુ કરી માંગેલું આપો છો પરંતુ આમાં તેનું બુરું શું થશે તે તરફ ધ્યાન દેતા નથી. શિવજી, બ્રહ્માજી, જેવા મોટાઓનાં વરદાન તે જગતમાં દુ:ખરૂપ નિવડ્યા. રાવણ, હિરણ્યકશ્યપ, કુંભકર્ણ, બાણાસુર એવાને આપેલા બધા વરદાનો આપને નિષ્ફળ બનાવવા પડ્યા. પરતું આપ તો ઈચ્છિત ફળ આપતાં વિચાર કરી આપો છો કે આને ક્યાંક અભિમાન આવી જાયકે જગતને દુ:ખી કરે તેવું કાંઈ દેતા નથી. આપનાં શરણે આવીને ભક્ત નિડર બની જાય છે. પણ અભિમાન તેને આવતું નથી. તે તો નિજેચ્છાત કરિષ્યતિ કહી સુખ માણે છે. પ્રભુ, હું તો જેવો છું તેવો, તોપણ આપનો જ છું. બીજાનો કદાપિ નહી, આપનાં શરણથી જ સર્વ મેળવ્યું છે.

## પદ ૨૩મું (રાગ : બિહાગ)

**જબ લગ યમુના ગાય ગોવર્ધન જબ લગ ગોકુલ ગામ ગુસાંઇ ।**
**જબ લગ ભાગવત કથા રસ અમૃત તબ લગ કલીયુગ નાંઇ ॥૧॥**
**જબ લગ પુષ્ટિ સેવા રસ અમૃત નંદ નંદન સું પ્રિત લગાઇ ।**
**'પરમાનંદ' તાસોં હરિ ક્રિડત શ્રી વલ્લભ ચરન રજ જીન પાઇ ॥૨॥**

**ભાવાર્થ** - પરમાનંદદાસજી આ પદમાં સ્પષ્ટ રીતે બતાવે છે કે ભલે કલીયુગનું સામ્રાજય હોય, પરંતુ પુષ્ટિ રીતે સેવા, નંદનંદનથી પ્રીત, શ્રી ગિરિરાજજી, શ્રી યમુનાજી, ગોકુલમાં શ્રી ગુસાંઇ બાલકોનું બિરાજવું, શ્રી ભાગવત કથા રસનું પાન, આ બધું વિદ્યમાન જ લીલા રસ બતાવે છે. જેણે શ્રી વલ્લભ ચરન રજ પ્રાપ્ત કરી તેને માટે કલીયુગ છે જ નહી. સ્પષ્ટીકરણ : કલિકાલના ધર્મો વિચિત્ર છે સંતો દુ:ખી બને ને પાપીઓ રાજ કરે આચાર, વિચાર, વિશુધ્ધ ભક્તિ આ બધું કલીને આધારે રહેવા વાળા જાણી શકતા નથી કેમકે કલીનાં ધર્મો જ માયાને



આધિન બનાવવા નિર્દય અને સ્વાર્થી છે. પરંતુ ભગવદ્ ભક્ત તો શ્રી મહાપ્રભુજીની આજ્ઞાને મુખ્ય માનીને શરણે આવી, શ્રી ઠાકુરજી પધરાવી તન મન ધનથી પ્રભુની સેવા કરી આનંદ માણે છે. તેને કલીયુગી માયા સ્પર્શ કરતી નથી, જ્યાં સુધી શ્રી યમુનાજી ની ભૌતિક ધારા વહે છે, શ્રી ગિરિરાજજી દર્શન આપે છે, ગોકુલમાં ગુસાંઈજી બિરાજે છે. ગાયો, ગોકુલ છે. પુષ્ટિ સેવા રસ અમૃત, ગોપીજનોનાં ભાવથી નંદનંદનથી પ્રિત કરી સેવા, સ્મરણ, કીર્તન, સત્સંગ વિગેરે થાય છે. શ્રીમદ્ ભાગવત કથા રસ અમૃત કાને સંભળાય છે ત્યાં સુધી કલીનું જોર નથી.

## પદ ૨૪મું (રાગ : બિહાગ)

**મોહિ બલહે દોઉ ઠોર કો ।**
**એક ભરૂસો હરિ ભક્તનકો દૂજો નંદ કિશોરકો ॥૧॥**
**મનસા વાચા ઔર કમર્ણા નાંહિ ભરૂસો ઓર કો ।**
**'છીતસ્વામી' ગિરધરન શ્રી વિઠ્ઠલ વલ્લભકુલ શિર મોર કો ॥૨॥**

**ભાવાર્થ** - છીતસ્વામીની આસક્તિ શ્રી વિઠ્ઠલેશ પ્રભુમાં વિશેષ હતી. તેમણે આ પદમાં બે રૂપથી વર્ણન કર્યું છે. ભગવદ્ ભક્તમાં સેવા અને સ્મરણ, ભજન કીર્તન, સત્સંગમાં લાભદાયી હોવાથી તેમજ પ્રભુને ભક્ત અત્યંત પ્યારા હોવાથી ભરોસા માટે બે સ્થળોને બતાવ્યા કે મને હરિભક્ત અને નંદકિશોર બેઉ જગાનો ભરોસો છે. મનસા, વાચા, કમર્ણાથી મને બીજો કોઈનો ભરોસો નથી, પ્રભુને ભક્તો પ્યારા છે. તે સમયમાં આઠો સખા, સમય સમય પર કીર્તન કરી, શ્રીજીની સેવા કરતાં ૮૪, ૨૫૨ પૈકીના મહાનુભાવિ પણ ભુતલ પર બિરાજમાન હતા. તે સહુનાં પ્યારા નંદનંદન એક હતા. આવા ભક્તો જે સખા ભાવથી શ્રીજી સાથે ખેલતા જેમકે ગોવિંદદાસજીની વાર્તાથી સ્પષ્ટ સમજાય છે. જ્યાં ભક્ત અને ભગવાન એકરૂપ થઈ ક્રિડા કરે છે. છિતસ્વામી કહે છે કે રસિકોનો મુકુટમણિ મારા મસ્તક પર બિરાજો.

## પદ ૨૫મું (રાગ : કલ્યાણ)

**શ્રી વિઠ્ઠલનાથ બસત જીય જાકે, તાકી રીત પ્રીત છબિ ન્યારી ।**
**પ્રફુલ્લિત વદન કાન્તિ કરૂણામય, નયન મેં ઝલકે ગિરિધારી ॥૧॥**
**ઉગ્ર સ્વભાવ પરમ પરમારથ, સ્વારથ લેશ નહી સંસારી ।**
**આનંદરૂપ કરત ઇક છિનમેં, હરિજુકી કથા કહત વિસ્તારી ॥૨॥**
**મન ક્રમ વચન તાહીકો સંગ કીજે, પૈયત વૃજયુવતિન સુખકારી ।**
**'કૃષ્ણ દાસ' પ્રભુ રસિક મુકુટ મણી, ગુણ નિધાન શ્રી ગોવર્ધનધારી ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં કૃષ્ણદાસજીયે, શ્રી ગુસાંઈજીની કૃપાનું બળ અને સંગ ભગવદ્ ભક્તનો અને તેની રીત પ્રીતનું વર્ણન કરેલું છે. શ્રી ગુસાંઈજીની કૃપા બળવાળા ભક્તો જેનાં હૃદયમાં આપ બિરાજમાન રહે છે. તેવા ભક્તની રીત અને પ્રીત કોઈ અનોખી હોય છે. અસાધારણ ગુણોવાળાનું મન સદા પ્રસન્ન ચિત્ત ભગવદ્ ભાવથી ઉભરાતું હોય છે. તેના ચહેરાની કાન્તિ કરૂણામય હોય છે. જેમનાં નેનોમાં પ્રભુની ઝલક દેખાતી હોય છે. જેમનું સર્વાંગ ભગવદ્ ભાવમાં સંલગ્ન હોય છે. એક તો નામધારી વૈષ્ણવ અને બીજા કૃપાપાત્ર બંનેમાં હાવભાવમાં અંતર હોય છે. કૃપાપાત્રનાં હૃદયમાં બિરાજમાન વિઠ્ઠલસ્વરૂપમાં લીન બનવાવાળા મહાનુભાવો, ઉગ્ર સ્વભાવ એટલે પરમાર્થી હોય છે. પોતાને મળેલ આનંદનો, પોતાના સંગમાં રહેવાવાળાને લાભ આપે છે. જેમ જગતની પ્રીત, હેતુ અને સ્વાર્થ મય હોય છે તેમ નિસ્વાર્થ ભાવનાં વાળા હોવાથી લેશ માત્ર સંસારી સ્વાર્થ જેનામાં હોતો નથી, તે પોતાના સ્વભાવ મુજબ ભગવદ્ વાર્તામાં આવતો આનંદ માને તેમ તેના સંગીને પણ આનંદ રૂપ બનાવી દીયે છે. મન ક્રમ અને વચનથી, આવા ગુણવાળાનો સંગ કરવો, જેનાથી વૃજયુવતીનાં સુખદાયક ગોપીજન વલ્લભની પ્રાપ્તિ થશે. કૃષ્ણદાસજી કહે છે પ્રભુ રસિકોનાં મુગટનાં મણી રૂપ છે. અને જેણે ગોવર્ધન ધારણ કરીને વૃજની રક્ષા કરી હતી તે પ્રભુ સદાને માટે ભક્તોનાં રક્ષક હોઈ વૃજ ભક્તોમાં ભાવનાં મુજબ ફલ દેવાવાળાને પ્રાપ્ત કરવા ઉત્તમ કૃપા પાત્ર ભગવદીનો સંગ કરવો.

### પદ ૨૬મું (રાગ : બિહાગ)

**હરિરસ તબહી તો જાય પઇયે ।**
**સ્વાદ વિવાદ હર્ષ આતુરતા ઈતને દંડ જો સહીયે ॥૧॥**
**કોમલ વચન દીનતા સબસુ સદા પ્રફુલ્લિત રહીયે ।**
**ગયે નહી સોચ આયે નહી આનંદ ઐસે મારગ બહીયે ॥૨॥**
**ઐસી જો બની આવે જીયમેં તાકે ભાગ્યકી કહા કહીયે ।**
**અષ્ટ સિધ્ધિ 'સૂરશ્યામ'પે જો ચહીયે સો લઇયે ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં હરિરસ પ્રાપ્ત કરવા પાત્રતાનું વર્ણન કર્યું છે દંડ=સ્વાદ, વિવાદ, હર્ષ, આતુરતા, આ ચાર દંડ બતાવ્યા છે. તેને સહન કરવા, પ્રભુ તો કૃપા નિધાન છે. જીવ પર કૃપા કરી પોતે આનંદ માને છે. અત્રે હરિરસ-રસને રહેવા પાત્રની જરૂર રહે છે. માટે પાત્ર બનવા જીવને આતુરતા જોઈએ તે માટે થોડો દંડ પણ ભોગવવો જોઈએ. સ્વાદે સ્વાદેન્દ્રિયોને જેમ કે જીભને સારૂ સારૂ ખાવું, બોલવું ગમે છે, મનની રુચિ મુજબ આંખોને જોવું ગમે છે, પરંતુ તેમાં પણ નરસું ક્યું



તેનો મોહ છોડી દેવો જોઈએ. જે ભક્તિ ભાવમાં બાધક બને તેવા પદાર્થોથી દૂર રહેવું જોઈએ. સહાયક ગુણો (૧) કોમલ વચન (૨) દીનતા ભાવ (૩) સદા પ્રસન્ન ચિત્ત, હર્ષ, શોકથી રહિત, જાય તો શોક નહી, આવે તો આનંદ નહી સંસારી રીતે સંસારનું કામ ચાલે છે. કોઈનાથી મિથ્યા વિવાદ કરવો નહી. થોડુંક કાંઈક મળતાં હર્ષ ઘેલું બનવું નહી. ભગવદ્રસ પ્રાપ્ત કરવા સિવાઈ અન્ય વસ્તુને મેળવવા આતુર બનવું નહી. અપનાવવા વાળી વસ્તુ - સર્વથી મધુર વાણીનો ઉપયોગ કરવો, દીનતા - વાત વાતમાં ક્રોધાવેશને વશ થવું નહી, પ્રસન્ન ચિત્ત - જે કાંઈ બને છે તે પ્રભુ ઈચ્છાથી બને છે, તેમ માની પ્રસન્ન ચિત્ત રાખી સેવા સ્મરણ કરવું.

હર્ષ-શોક-સુખમાં છકી જવું નહી, દુઃખમાં હીંમત હારવી નહી. આવી રીતે બતાવેલા માર્ગે ચાલવું, સૂરદાસ કહે છે જો મન, ઉપર બતાવેલ માર્ગે ચાલવાની પ્રક્રિયા થાય તો તેના ભાગ્યની બડાઈ કેટલી કરવી. એક તરફ છોડી, બીજી તરફ અષ્ટસિધ્ધિના દાતા શ્રી ઠાકુરજીની પાસેથી જે જોઈએ તે લઈએ. અંતર્યામિ મનની જાણે છે, માંગવુ નહીં જ પડે.

### પદ ૨૭મું (રાગ : બિહાગ)

**જો લોં હરિ અપનપો ન જનાવે ।**
**તો લોં સકલ સિધ્ધાંત મારગકો પઢે સુને નહી આવે ॥૧॥**
**સૂન બ્રહ્મા નારાયન મુખતે નારદકું શીખ દીની ।**
**નારદ કહી વેદ વ્યાસ સોં આપ ખોજ નહીં કીની ॥૨॥**
**વેદ વ્યાસ ઔષધકી નાંઇ પઢ તન તાપ નસાયો ।**
**તાતે પઢેં મુનિ શુકદેવા પરિક્ષિતકું જો સૂનાયો ॥૩॥**
**યદ્યપિ સુની નૃપ વૃજકી લીલા, દશમેં કહી શુક દેવા ।**
**તોપેં સર્વાત્મ ભાવ ન ઉપન્યો તાતે કરી ન સેવા ॥૪॥**
**શ્રી ભાગવત્ અમૃત દધી મથકે શ્રી વલ્લભ સર્વોત્તમ્ ।**
**કર આવરણ દૂર નિજ જન કે હાથ દીયે પુરૂષોત્તમ ॥૫॥**
**સેવા સાજ શૃંગાર સુલભ રસ ખાન પ્રાન પ્રકટાયો ।**
**વૃંદાવન નિકુંજ કી લીલા 'હરજીવન' સ્વાદ ચખાયો ॥૬॥**

**ભાવાર્થ** - આ પદમાં પ્રભુની કૃપાનું બળ બતાવ્યું છે. અંગીકૃત જીવો શરણે આવી માર્ગની રીતે સેવા સ્મરણ કરે. પરંતુ પ્રભુ સ્વયં કૃપા કરીને બતાવે નહી ત્યાં સુધી સર્વ સિધ્ધાંત સમજમાં આવતો નથી, જીવનું એટલું સામર્થ્ય નથી કે તે પોતાનાં બળથી એટલે દરજ્જે પહોંચી શકે, તેનું કામ આજ્ઞા મુજબ સેવાની રીત મુજબ

કરવાનું છે. તેવી રીતે પ્રભુને પ્રસન્ન કરતાં પ્રભુ સ્વયં કૃપા કરી ફલદાન કરે છે. "જોં લોં હરિ" જ્યા સુધી પ્રભુ પોતે જ કૃપા કરીને ન બતાવે ત્યાં સુધી આપનું સ્વરૂપ, લીલા સમજાતું નથી. અત્રે દ્રષ્ટાંતમાં - બ્રહ્માજીને સ્વયં પ્રભુએ જ્ઞાન આપ્યું હતું. તેમણે નારદજીને સંભળાવ્યું, નારદજીયે વ્યાસ મુનિને સંભળાવ્યું, વ્યાસજીયે ઔષધની માફક લીધુ. ઉંડી ખોજ ન કરી. વ્યાસ મુનિએ શુકદેવજીને દીધું. શુક મુનિએ રાજા પરિક્ષતને આપ્યું. તેમાં સાત દિવસ સંભળાવ્યું તેમાં દશમ સ્કંધ નિરોધ લીલામાં નંદનંદનની કુંજ, નિકુંજ, ગૌચારણ, રાસાદિ લીલાનું શ્રવણ કરાવ્યું. તેમાં ગોકુલ વૃંદાવન, ગિરિરાજી, શ્રી યમુનાજી, વિગેરે સ્થળોની લીલા સંભળાવી તેમાં મન સ્થિર ન થયું, તેથી તે તરફ વિશેષ ધ્યાન ન દીધુ. એટલે પ્રભુ સ્વયં શ્રી ભાગવત રૂપી દધિના સમુદ્રનું મંથન કરી તેમાંથી અમૃત રૂપા માખનરૂપી સર્વ શ્રી વલ્લભરૂપે પ્રકટ કરી-કૃષ્ણરૂપે જે જે લીલાઓ કરી હતી તે સર્વ લીલાઓ શ્રી વલ્લભ રૂપે પ્રગટ લીલા બતાવી. તેમાં આવતાં આવરણો દૂર કરી તત્વરૂપ સેવા, સુમરણ, ચિંતન, મનન ભાવોમાં સંયોગ વિપ્રયોગ આમ દરેક રીતે પોતાનાં સેવકોને લીલારૂપી અદ્‌ભુત રસ ચખાડ્યો. માટે જ હરજીવનદાસ કહે છે કે પ્રભુ પોતે ન બતાવે (લીલા સ્વરૂપ વિષે) ત્યાં સુધી જાણી શકાતું નથી.

## પદ ૨૮મું (રાગ : બિહાગ)

**રે મન ચિન્તા ના કર પેટકી ।**
**હલન ચલન યા મેં નાહિન કલમ લીખી જો ઠેઠકી ॥૧॥**
**જીવ જંતુ જે તે જલ થલ કે તિન નિધિ કહા સમેટ કી ।**
**સમય પાચે સબહીનકું પહુંચે કહા બાપ કહા બેટકી ॥૨॥**
**જાકો જીતનો લીખ્યો વિધાતા તાકો તિતનો પહુંચે તેટકી ।**
**'સૂરદાસ' તાહી ક્યોં ન સંભારે જો હે ઐસો ચેટકી ॥૩॥**

**ભાવાર્થ** - અરે મન, તું તારા પેટની ચિન્તા કરવી છોડી દે કીડીને કણને હાથીને મણ મળી રહે છે. વિધિયે લખેલા લેખ મુજબ સમય બદલતો રહે છે. પરંતુ સમય આવ્યે બધાને મળેજ છે. તેમાં કોણ બાપ કે કોણ બેટી કોઈનું કોઈ જાણતું નથી. તારા જન્મથી જે લેખ લખાયેલા છે તે કલમમાં જરાપણ ફેરફાર થઈ શકે તેમ નથી. સૌ સૌને પોતાનાં ભાગ્યને અનુસાર મળી રહે છે. અનંત કોટી બ્રહ્માંડમાં અનંત કોટી જીવો છે. તેમાં જેમ કે પશુ, પક્ષી નાના મોટા જીવ જંતુઓ સૌ સૌને ભાગ્યાનુસાર મળી રહે છે. સૂરદાસજી કહે છે મિથ્યા ચિંતા છોડીને જેણે બ્રહ્માંડ રચ્યું છે તેને શા માટે નથી ભજતો.



## પદ ૨૯મું (રાગ : બિહાગ)

**હોં વારી ઇન વલ્લભીયન પર ।**
**મેરે તનકો કરૂં બિછૌના શિષ ધરૂં ઈન ચરનન તર ॥૧॥**
**નૈન ભર દેખો મેરી અખિયન મંડલ મધ્ય બિરાજત ગિરિધર ।**
**યહ તો મેરે પ્રાન જીવનધન દાન દીયો શ્રી વલ્લભવર ॥૨॥**
**પુષ્ટિ પ્રકાર પ્રકાશ કરિવેકો ફેર પ્રકટે શ્રી વિઠ્ઠલ વપુ ધર ।**
**"રસિક" સદા આશ ઇનકી કર શ્રી વલ્લભીયન ચરન રજ અનુસર ॥૩॥**

**પૂર્વ પિષ્ટિકા** - શ્રી હરિરાયજી જ્યારે ખિમનોરમાં બિરાજતાં હતા ત્યારે રોજ અત્રે ભગવદ્ વાર્તા થતી, ત્યારે આસપાસમાં ગામડામાં રહેતા વૈષ્ણવો રોજ આવતાં. નિત્ય શ્રવણ કરી ભગવદ્ રસમાં છકેલા રહેતા. આ વૈષ્ણવો ત્યાંથી નીકળીને ગામ બહાર એક ચોતરામાં બેસી જે સાંભળ્યું તેનું અવગાહન કરતાં. પછી સૌ પોતે પોતાના ગામે રવાના થતા. શ્રી હરિરાય પ્રભુની વાણી આવા વૈષ્ણવોને ફળરૂપ બની ગઈ હતી તેથી તેને સમયની કે પોતાનાં દેહની પણ શુધ્ધિ રહેતી નહી. ચોતરા ઉપર કોઈ નાચતા, કોઇ ગાતા, કોઈ વાર્તાલાપ કરતા કોઈ લીલારસમાં મગ્ન બની દેહાનુંસંધાન ભુલી જતાં. આવું રોજ બનતું. કોઈએ શ્રી હરિરાયજી પાસે આ વાત કરી ત્યારે આપ ત્યાં પધાર્યા ને જોયું તો પોતાનાં સેવકો સૌ લીલા રસમાં મગ્ન થઈ ગયા હતા. તેને અન્ય કોઈ ચીજનું ભાન ન હતું. તે મંડલીની વચ્ચે મુરલીધર આપ ઠાડા રહી ભક્તોની દશાને જોઈ રહ્યા હતા. તેને વેણુનાદથી સાવધાન કરે છે, તે વખતે ગાયેલું આ પદ છે.

શ્રી હરિરાયજી કહે છે, ધન્ય છે આ મહાનુભાવી ભક્તોને તેનાં ઉપર હું વારી જાઉં. આ ભક્ત ઉપર શ્રી મહાપ્રભુજીની કેટલી કૃપા છે તે વર્ણવી જાય તેમ નથી. આ ભગવદ્ મંડલીની મધ્યમાં પ્રભુ બિરાજે છે. તેની પણ તેને ભાન નથી. હું તો મારા નયનો ભરી ભરીને નિરખી રહ્યો છું આવા કૃપા પાત્ર ભગવદીયો તો મારા પ્રાણનાં જીવન રૂપ છે. જેને શ્રી મહાપ્રભુજીની કૃપાથી આવું દાન મળ્યું છે. આને તો હું મારા શરીરનું બિછાનું કરૂં. મારૂં શીષ એમનાં ચરણોમાં ધરી દઉં તો પણ ઓછું છે. આ ભક્તોની ચરન રજ મને પ્રાપ્ત થાય તેમ ઈચ્છું છું "અદેય દાન દક્ષશ્ચ" શ્રી વલ્લભ પ્રભુ જીવની યોગ્યતાનો વિચાર કરતા નથી એમની કૃપાનું હું કેવી રીતે વર્ણન કરૂં ! જીવો પર કેવળ કૃપા રૂપી વર્ષા કરનારા પ્રભુ આપની કરૂણા

અગાધ છે. આ બધું પુષ્ટિ માર્ગનાં પ્રાગટ્યથી જ સરળ બન્યું. શ્રી મહાપ્રભુજીએ પ્રગટ થઈ અને ભક્તોને આવું દાન કર્યું. તેમજ વિશેષ રૂપ શ્રી ગુસાંઈજીએ પ્રગટ થઈને સેવા પ્રકાર સુંદર રીતે પ્રકાશિત કર્યો તેમાં સેવા કરી સર્વ રીતે પ્રભુના જ સુખનો વિચાર કર્યો. ભોગ, રાગ, શૃંગાર, ત્રણે વસ્તુનાં સંગમથી લીલા ઉપયોગી સર્વ સાધનો શ્રીને સુખ માટે વસાવ્યા, સુખથી સેવા કરીને પ્રભુને લાડ લડાવે. આજે પ્રત્યક્ષ નિહાળ્યું કે આશ્રિત જીવોનાં મધ્યમાં બિરાજમાન તેનું ગુણ ગાન શ્રવણ કરે છે. આવી લીલાઓનો આનંદ મળે છે.

**ટીપ** - સેવકો પોતાના જ અને આપનાથી જ માર્ગ દર્શન પામેલા હતા પરંતુ શ્રી હરિરાયજી દરેક સામર્થ્ય શ્રી મહાપ્રભુજીનું જાણતા જેથી દીનતા બની રહેતી.

## પદ ૩૦મું (રાગ : બિહાગ)

**શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ કહેરે મન મેરે ।**
**કોટી જનમ કે કષ્ટ પાપ છિનમેં જાયે તેરે ॥૧॥**
**જગત બાવરે સંગ તું ક્યું બાવરો હોય રહ્યો રે ।**
**હરિજુકે ચરણારવિંદ બેર બેર ગ્રહે રે ॥૨॥**
**બેર બેર કહતહું તોસોં સુનત નહી તુ બહેરે ।**
**કહત 'ગોવિંદ' સદા કૃષ્ણ કૃષ્ણ કહી સદા આનંદ મેં રહે રે ॥૩॥**

**ભાવાર્થ** - ગોવિંદદાસનું આ પદ છે. તેમાં પોતાનાં મનને ઉદ્દેશીને કહ્યું છે કે હે, મન તું શ્રી કૃષ્ણઃ શ્રી કૃષ્ણનું રટણ લગાવી ને જ ઘડી પળ પસાર થવા દે. તો જ તારા કોટી જન્મનાં પાપોની નિવૃતિ થશે. આ નામનો પ્રતાપ બળ છે. તેને તું સમજીને તુરત માં અમલ કર, જગત તો બાવરૂ હોય તું પણ તેની સાથે બાવરો શા માટે બન્યો છે ! જગત તો આ કલીમાં માયાને આધિન થઈને રહ્યું છે, આ વસ્તુનો સાર સમજીને કે અત્યારે ભૌતિકવાદ ઉચ્ચ સ્તરે છે. આ સંસારી સુખ માટે જ બધા પ્રયત્નો અત્યારે થાય છે પ્રભુની ભક્તિ સેવા પૂજા અર્ચન વૃત તપ વિગેરે ભૌતિક સુખ મેળવવા જ કરતા હોય છે. શ્રી વલ્લભ પ્રભુનો સુંદર માર્ગ જ્યાં કેવળ પ્રભુનું નામ સ્મરણ લેવાય છે તે પણ પ્રભુ પ્રિત્યર્થ લેવાય છે. ત્યાં નિષ્કામ ભાવથી લેવાય છે. હું તને વારંવાર કહું છું પરંતુ બહેરાની માફક સાંભળતો નથી હવે પણ વિચાર, શ્રી કૃષ્ણઃ શરણં મમ નો સતત ઉચ્ચાર કરીને આનંદ શું છે તેનો અનુભવ કર.



## પદ ૩૧મું (રાગ : બિહાગ)

**ગિરિધર જબ અપનો કરી જાને ।**
**તાકો મન ભક્તનકી સેવા ભક્ત ચરન રજ સદા લુભાને ॥૧॥**
**ભક્તનમેં મતિ ભક્તનમેં ગતિ હરિજન હરિ એક કરી માને ।**
**'કૃષ્ણદાસ' મન વચ ક્રમ કરી હરિજન સંગ હરિ ઉર આને ॥૨॥**

**ભાવાર્થ** - પ્રભુ જે જીવને પોતાનો કરી માને છે તેનાં લક્ષણો બતાવ્યા છે. પ્રભુને પ્યારા ભક્તો છે તેવા કૃપા પાત્ર ભક્તની સેવા કરવી, તેમની ચરન રજ લેવી આ કામમાં મન લોભાયમાન રહે ભક્તમાં મતિ અને ગતિ રાખી, પ્રભુ આપનાં હૃદયમાં બિરાજમાન છે. તેમ સમજી હરિરૂપ તેને જાણવા કૃષ્ણદાસજી કહે છે કે મન વચન કર્મથી હરિજનનો સંગ કરી હરિને હૃદયમાં લાવે.

## પદ ૩૨મું (રાગ : બિલાવલ)

**યહ માગો ગોપીજન વલ્લભ ।**
**માનુષ જન્મ ઔર હરિ સેવા વૃજ વસવો મોહી દીજે સુલભ ॥૧॥**
**શ્રી વલ્લભ કુલકો હો હું ચેરો વૈષ્ણવજનકો દાસ કહાઉં ।**
**શ્રી યમુના જલ નિત્ય પ્રતિ ન્હાઉં મન ક્રમ વચન કૃષ્ણ ગુણ ગાઉં ॥૨॥**
**શ્રીભાગવત કથા રસ અમૃત સુનત ઇનત્ય જ ચિત્ત કહું અનત ન લ્યાઉં ।**
**'પરમાનંદદાસ' કો ઠાકુર નિત નિરખું કબહું ન અઘાઉં ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં પરમાનંદદાસજીએ માગ્યું છે જેમાં સાત વસ્તુ મુખ્ય છે. (૧) માનવ જન્મ (૨) પ્રભુની સેવા (૩) વૃજમાં નિવાસ (૪) શ્રી વલ્લભ કુળનો હું દાસ બનું (૫) વૈષ્ણવો પ્રત્યે પણ દાસ ભાવ રહે. (૬) નિતનિત યમુનાજીમાં સ્નાન કરું (૭) મન ક્રમ વચનથી કૃષ્ણનું ગુણગાન કરૂં.

શ્રી ગોપીજન વલ્લભ હું આપનાથી મારા મનની ઈચ્છા મુજબ માગું છું કે આપ મને સંસારમાં મોકલો તો માનવ દેહ ધારી બનાવજો. હું શ્રી વલ્લભ કુળને શરણે આવી સેવા સ્મરણ કરૂં. તે માટે મને વૃજમાં નિવાસ દેજો વૃજમાં જ રહી નિત્ય પ્રતિ શ્રી યમુનાજીમા સ્નાન કરૂં ભગવદ્ દર્શન કરૂં આપનાં અનન્ય ભક્તો છે. તેનું પણ દાસત્વ ચાહું છું તેમની સાથે મળી શ્રીમદ્ ભાગવત કથા રૂપી અમૃતનું પાન કરૂ તે સિવાય મારા મનની ગતી ક્યાંય પણ ભટકે નહી. આવું સુખ મને નિત્ય અખંડ મળે. આપનાં નિત્ય નિત્ય દરશન કરતો રહું તો પણ મને તૃપ્તિ ન થાય આટલું માંગુ છું.

## પદ ૩૩મું (રાગ : ઇમન)

**ચરન શરન બ્રજરાજ કુંવર કે ।**
**હમ વિધિ અવિધિ કછુ નહી જાનત રહત ભરૂસે મુરલી ધરકે ॥૧॥**
**રહત આશરે વૃજ મંડલપે ભુજા છાંહ શ્રી ગિરિવર ધરકે ।**
**પ્રભુ 'મુકુંદ' માધો સુખદાઇ હાથ બિકાને શ્રી રાધા વરકે ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં મહાનુભાવિ મુકુન્દદાસજીએ બતાવ્યું છે ચરણ અને શરણ શ્રી વૃજકુંવરને રહીએ. આ પદમાં પ્રભુનાં લીલાત્મક ચાર નામો દીધા છે. (૧) વૃજરાજ કુંવર (૨) મુરલીધર (૩) ગિરિવરધર (૪) રાધાવર. આ ચારોમાં ઘણી લીલાઓ સમાયેલી છે. તેથી અત્રે નામ માત્ર આપ્યું છે. કે આવા પ્રભુને હું શરણે છું. બાકી જે જે વિષયો વેદોમાં કહેલા છે. કે આ કર્મ કરવું. આ કરવું નહી આમ વિધિ નિષેધનું ભાન નથી. કેવળ પ્રભુનાં આશ્રયે જ રહેવું આટલું જ સમજું છું "રહત ભરૂસે મુરલી ધરકે" મુજબ જેણે મુરલી ધારણ કરીને મનુષ્ય, પશુ, પક્ષી, આકાશ, દેવતાઓ, પૃથ્વી પર વસતા અનેક જીવોને મોહિત કર્યા છે. મુરલી નાદ કરી ગોપિજનોને વનમાં બોલાવતાં. ગ્વાલ બાલોને બોલવતાં વિગેરે મુરલીધરની અનંત લીલામાં મુરલી મહત્વનું કામ કરે છે. ગાયોને બોલાવવી એકત્ર કરવી, વૃજમાં ચાલવાનો સંકેત દેવો, બધું મુરલીનું કામ છે. આવી આવી અનેક લીલાઓનું સ્થાન વૃજ મંડલ છે. તેથી વૃજમાંજ નિવાસ કરીએ. જ્યાં શ્રી ગોવર્ધનધર વામ ભૂજા ઉંચે કરી બિરાજમાન રહે છે. માટે વૃજમાંજ રહીને અનંત લીલાઓનું અવગાહન કરીએ. વામ ભૂજા ઉંચી કરીને બતાવે છે કે મારા આશ્રયે રહેવાવાળા સદા નિર્ભય રહે છે. જેમને આશરે રહી ભીલડીને પણ રમા સમાન ભાગ્યવાન બનાવી રોજ ઉત્થાપન વખતે ફળ ફૂલની છાબ લઈ હાજર થઈ જતી, તે ફળ ફૂલ શ્રી જી આરોગતા, આમ ગિરિધરને આશ્રયે રહી અણમોલ દાસ તરીકે વેચાય જાઉં, મારા સ્વામી શ્રી રાધિકા પતિ છે. તે સદા ભક્તોની વચ્ચે બિરાજીને ભક્તોને આનંદ આપે છે. ભક્તો યુગલ સ્વરૂપની સેવા કરી આનંદ માને છે. આવા પ્રભુનું શરણ પ્રાપ્ત કર્યા પછી અન્ય જગો ચિત્ત દોડાવવાપણું રહેતું જ નથી.

## પદ ૩૪મું (રાગ : કેદાર)

**વૃજવાસી જાને રસ રીત ।**
**જીન કે હ્રદય ઓર નહી ભાવત નંદસુવન પદ પ્રીતિ ॥૧॥**
**સર્વ ભાવ સર્વાત્મ નિવેદન રટત હે ત્રિગુણા તિતી ।**
**કરત મહલ મેં ટહલ નિરંતર જાત યામ યુગ વિતી ॥૨॥**
**જીનકી ગતિ ઓર નાંહી જાનત બીચ જવનિકા ભીતી ।**
**કોઇ એક લહે દાસ 'પરમાનંદ' ગુરૂ પ્રસાદ પ્રતિતી ॥૩॥**



**ભાવાર્થ** - જવનિકા-આવરણ, ટેરો, પડદો, ભગવદ્ રસ પ્રાપ્ત કરવાની રીત વૃજવાસી જાણે છે. જેમનાં હ્રદયમાં ચિત્તમાં મનમાં નંદનંદન બિરાજમાન રહે છે. જેમનો સર્વાત્મ ભાવ સિધ્ધ થયેલો છે. જેમણે સર્વ સર્મપણ કરેલ છે. જેઓ ત્રિગુણી માયાથી પર થયા છે. તેવા ઉત્તમ મહેલમાં પ્રભુ બિરાજે છે. જેઓ નિરંતર પ્રભુની ટહેલ કરવામાં આનંદ માણે છે. તેમની ઘડી પળ પ્રભુ વિના યુગ સમાન વિતે છે. જેમની પ્રભુ પ્રત્યેની પ્રીત તે સહજ પ્રીત છે. પ્રભુને પણ સહજ પ્રીત ગોપાલહી ભાવે. તે મુજબ પ્રભુ પણ સહજ પ્રીતથી પ્રસન્ન રહે છે. પરમાનંદદાસજી કહે છે જેમના ઉપર ગુરૂદેવની વિશેષ કૃપા હોય તેને જ આ લીલાનું અનુસંધાન પ્રાપ્ત થાય આવા ભક્તો વિરલાજ હોય છે. આ પદમાં મુખ્ય ચાર વસ્તુઓ (૧) જેનાં હ્રદયમાં પ્રભુ સિવાઈ અન્ય કોઈ વસ્તુ પ્રિય એવી નથી (૨) સર્વાત્મભાવ જેનો નંદનંદનમાં જ થયેલ છે. (૩) જેઓ ત્રિગુણી માયાથી પર થયા છે. (૪) જેઓ સદા સેવામાં જ આનંદ માણી રહે છે. આવા નિર્ગુણ ભક્તો પોતાના હ્રદયમાં સદા નંદનંદનને છુપાવી રાખે છે. જેથી બહાર તેને કોઈ જોઈ શકતું નથી જેમ કે શ્રી ઠાકુરજીનાં દર્શન કરીએ તો પ્રગટ રૂપ બીજા પણ દર્શન કરે છે. પરંતુ (જવનિકા) આવરણ ટેરો આવે ત્યારે બીજા જોઈ શકતા નથી તેમ હ્રદયસ્થ પ્રભુને બીજો કોઈ જોઈ શકતો નથી છતાં પણ ગુરૂકૃપાવાળા ભગવદીયો આંતર ચક્ષુથી દર્શન કરી શકે છે.

## પદ ૩૫મું (રાગ : ઇમન)

**ગાયો ન ગોપાલ મન લાયો ન રસાલ લીલા,**
**પાયો ના પ્રસાદ સાધુ મંડલી મેં જાય કે ।**
**ધાયો ન ધમક વૃંદા વિપિનકી કુંજનમેં**
**રહ્યો ન શરણ જાય વિઠ્ઠલેશ રાય કે ॥૧॥**
**શ્રી નાથજી કો દેખ કે છક્યો ન છબીલી છબી**
**સિંહ પોળ પડ્યો નહી સીસ હું નવાય કે ।**
**કહે 'હરિદાસ' તોહી લાજ હું ન આઇ કછુ,**
**માનુષ જન્મ પાય કે કમાયો કહા આય કે ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં છ વિષયો ઉપર શ્રી હરિરાયજીએ ધ્યાન દોર્યું છે. (૧) ભગવદીયના સંગ કરી ગુણગાન (૨) સત્સંગ (૩) કુંજ, નિકુંજની વૃંદાવનની લીલા સ્થળોમાં વિચરવું (૩) શ્રી વિઠ્ઠલેશ પ્રભુનું શરણ દ્રઢતાથી ગ્રહણ કરવું (૫) શ્રીજીનાં દર્શન કરીને આનંદમાં મગ્ન થઈ જવું (૬) આવું કાંઈ ન કર્યું તો વૃથા જન્મ ગુમાવ્યો તેથી લાજ આવવી જોતી હતી.

શ્રી હરિરાયજી કહે છે હે, પામર પ્રાણી, તેં માનવ દેહ ધારણ કરીને કર્યું શું ? જરા વિચારી જો. જે કરવાનું હતું તે ન કર્યું જે ન કરવાનું હતું તે કરીને આયુષ્ય ગુમાવ્યું. શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ પ્રભુને શરણે આવીને દઢતાથી રહ્યો નહી. ભગવદ્ મંડલીમાં બેસી પ્રસાદ લીધો નહી. ભગવદીયનો સંગ કરીને સત્સંગનો લાભ લીધો નહી. તો પછી પ્રભુ જે ગોપાલ છે, તેની લીલા કાંઈ જાણી નહી. ગોકુલ વાસ કર્યો નહી. ગો નામ ગાયોનાં પાલક તે વનમાં જઈ ગોચારણ લીલા કરી, તેનું અનુસંધાન કર્યું નહી. ગોપાલની સાથે ગોવાળો વનોવનમાં ગાયોની પાછળ પાછળ ચાલવાવાળા ગોપાલ, ગાયોના રક્ષક અને સેવા કરવાવાળા છે ગોવાળોની સાથે વનમાં નિત નવી રમતો રમતા નટવર રૂપ ધારી ''બર્હાપિડં નટવર વપુ:'' વેણુગીત માં ગાયેલું આ સ્વરૂપનું ચિતવન કર્યું નહી પ્રભુનું લીલામય સ્થાન વૃંદાવન છે. તેમાં અનેક કુંજ નિકુંજો છે જે સ્થળોમાં પ્રભુ બિરાજમાન રહ્યા. તે સ્થળીને નયનોથી નિરખી નહી. શ્રીનાથજીની સિંહ પોળ ઉપર શિર જુકાવી પળ ભર રહ્યો નહી. શ્રીજીનાં દર્શન કરી રૂપ સ્વરૂપ મોહિત થઈ ભાવાવેશનો આનંદ લીધો નહી દર્શન માત્રથી આનંદની સ્ફૂર્તિ હૃદયમાં થાવી જોઈએ તે થઈ નહી તો તે કર્યું શું ? અત્રે આવી કેવળ પ્રવાહી સુષ્ટિની જેમ કર્મમાં બંધાણો, આમ કરતાં લાખો જન્મ વિત્યા છતાં આ જન્મમાં શ્રી વલ્લભનું શરણ કરીને સ્થિર થવાનું તને સુઝતુ નથી. વારે વારે જન્મ મરણનાં ફેરા ફરી સુખ દુ:ખ ભોગવતો રહ્યો. મળતો જે લાભ તે તો લીધો નહી શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરીને માર્ગની રીતે સેવા સ્મરણ, સત્સંગ કરવો જોતો તે ન કર્યું. મંડલીમાં બેસી પ્રસાદ લીધો નહી તેમ વારંવાર કર્મના બંધનમાં રહીને મુક્ત થવાની ઈચ્છા ન થઈ તો પણ તને લાજ પણ આવતી નથી કે મનુષ્ય દેહ મેળવી મે શું કર્યું? ઉતમ અવતાર એળે ગુમાવ્યો.

### પદ ૩૬મું (રાગ : ઇમન) વૈરાગ્ય કે પદ

**સબ દિન હોત ન એક સમાન ।**
**પ્રગટ હોત પુરવકી કરણી તજ મન શોચ અજ્ઞાન ॥૧॥**
**કબહુંક રાજા હરિશ્ચંદ્ર ગ્રહ સંપતિ મેરૂ સમાન ।**
**કબહુંક દાસ શ્વપચ ઘર રહે કે અંબર હરત મસાન ॥૨॥**
**કબહુંક યુધિષ્ઠિર રાજ સીંઘાસન અનુચર શ્રી ભગવાન ।**
**કબહુંક દ્રુપદ સુતા કૌરવ વશ કેશ દુસાશન તાન ॥૩॥**
**કબહુંકે દુલ્હે બન્યો બરાતી ચહું દિશ મંગલ ગાન ।**
**કબહુંક આપ મૃતક વ્હેકે કર લંબે સોયે અંબર ઓટ મસાન ॥૪॥**



**કબહુંક રામ સહિત જાનકી વિચરત પુષ્પ વિમાન ।**
**કબહુંક રૂદન કરત ફિરત હે મહાવન ઉદ્યાન ॥૫॥**
**જનની જઠર જન્યો જા દિનતે લીખ્યો લાભ અરૂ હાન ।**
**'સૂરદાસ' યતન સબ જુઠે વિધિકે અંક પ્રમાન ॥૬॥**

**ભાવાર્થ** - આ પદનો ભાવાર્થ જાણતા સંસારમાં દુર્મતિ કુબુધ્ધિ તેનું ફળ બતાવ્યું છે. સુખ દુ:ખ આવ્યે રાખે છે. પૂર્વની કરણીનાં આધારે આવે છે તે ભોગવે છૂટકો છે. સંસારમાંથી આસકિત છૂટવા માટે થોડા વૈરાગ્યની જરૂર છે. સંસારમાં આસક્ત સર્વ ઈન્દ્રિયો પ્રભુમાં જોડવી. એક સરખા દિવસ સુખનાં કોઈના જાતા નથી. સુખ દુ:ખ આવે ત્યારે પ્રવાહમાં તણાય ન જતાં પ્રભુનું ભજન શ્રેષ્ઠ છે અને મોટા મોટાના દૃષ્ટાંતો આપેલાં છે કે હે મન તું તારું અજ્ઞાન છોડી દે શોચ કરવો નકામો છે. (૧) અયોધ્યાનાં રાજા રામચંદ્ર તે વનવાસી બન્યા ત્યાં સતી સીતાનું હરણ થયું વિલાપ કરતાં વન વન ભટકયા આખરે રાવણને મારી આયોધ્યા આવવા પુષ્પક વિમાનમાં રામ સિતા સાથે વિચરે છે. પાછું સીતાજી ને વનમાં જાવું પડે છે. (૨) રાજા હરિશ્ચંદ્ર તેની સંપતિ મેરૂ સમાન હતી એક દિવસ એવો આવ્યો કે ચાંડાલના ઘરે દાસ બનીને મસાણમાં મુડદાના કપડા લેવાનું કામ કરવું પડે. (૩) રાજા યુધિષ્ઠિર હસ્તીનાપુરનાં રાજા રાજ સિંહાસન ઉપર બેસી રાજ કરતા જેને ઘરે શ્રી કૃષ્ણ અનુચર બની અર્જુનનો રથ હાંક્યો હતો. યજ્ઞમાં બધાની પદ પ્રક્ષાલની સેવા કરી હતી. એક દિવસ દ્રોપદીજીના કૌરવોએ તેનાં કેશ પકડી સભામાં લાવી અને કેટલી બેઈજ્જતી કરી હતી પાંચ ભાઈઓ મુક બની જોતા બેસી રહ્યા હતા (૪) માનવ દેહધારી બની એક દિવસ ઘોડા ઉપર બેસી વરરાજા બનીને જાય છે. સાથે ઘણાં જાનૈયા આનંદ માણતા હોઈ છે. એક દિવસ મૃતક બની લાંબા પગ કરીને નનામીમાં સૂવે છે. ત્યારે પણ આવનારા પુરૂષોજ હોય છે. સમય બળવાન છે, સૂરદાસજી કહે છે લખેલું ભોગવવાનું રહે છે. પૂર્વે કરેલાં કર્મને અનુસાર તેની બુધ્ધિ એવી બને છે તેવું જ વિધિનાં અંકમાં લખાયેલું હોય છે. માટે તું મિથ્યા શોચ વિચાર છોડી દે, જે કાળે જે બનવું હશે તે જ બનશે.

### પદ ૩૭મું (રાગ : બિહાગ)

**દેખો દૂરમતી યહ સંસારકી ।**
**હરિ લોં હીરા છાંડ હાથતે બાંધત પોટ વિકારકી ॥૧॥**
**જુઠે સુખમેં ભૂલ રહે હેં સુધી બિસરી કરતાર કી ।**
**નાના વિધકે કરમ કમાયે ખબર નહી શિર ભાર કી ॥૨॥**

કોઇ ખેતી કોઇ વણિજ ચાકરી કોઉ આશા હથિયાર કી ।
અંધાધુંધ ફિરત ચહું દિશ ફુટી આંખ ગંવાર કી ॥૩॥
નર્ક જાન કે મારગ ચાલે સુન સુન વિપ્ર લબાર કી ।
અપને હાથ ગલેમેં ડારત ફાંસી માયા ઝાલ કી ॥૪॥
બાર બાર પુકાર કરત હું સુનહો સજ્જન હાર કી ।
'સૂરદાસ' યહ વિનસ જાયગી દેહ છિનકમાં છાટકી ॥૫॥

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજી હાલની પરિસ્થિતી દુર્ગતી બતાવે છે. કેવી કુબુધ્ધિ સુજી છે કે કરવાનું ન કરે અને ન કરવાનું કરે છે. હરિ રૂપી હીરા હાથથી છોડીને કાંકર રૂપી વિકારની પોટલી બાંધીને પ્રસન્ન થાય છે. જે સુખ ક્ષણિક સુખ અને પછી દુઃખદાયક નિવડે છે. જેમ કે "ખસ ખણતા મિઠી પાછે આગ અંગીઠી" ખસ થઈ હોય તેને ખંજોળે ત્યારે સારૂ લાગે પછી ત્યાં આગ લાગે છે. જે સુખ નાશવંત છે તે સુખ નથી પરંતુ દુઃખ દાયક નિવડે છે. ખોટા સુખમા ખોવાય ગયો અને પ્રભુની સ્મૃતિ ખોઈ બેઠો, કીરતાર જે સર્વ જગે કાર્ય રૂપ છે, કર્તા રૂપ છે, જેના હાથમાં સૌનું ભાવિ છે તેને ભૂલીને સંસારીક સુખમાં લપટાઈ રહ્યો. ક્યાંથી માયા એકઠી કરૂં તે માટે દશોદિશા ભટકતો રહ્યો, નાના મોટા કર્મો કરીને પાપની પોટલી બાંધી છે. અરે અગાઉનું પણ ઘણું કર્મ છે, તેમાં તે વધાર્યું. કર્મની ખેતી- કોઈ ખેતી, કોઈ વ્યાપાર, કોઈ નોકરી, કોઈ હથિયાર બાંધે, એવામાં ન્યાય નિતિ મુકી દઈને કેવળ માયા એકત્ર કરવાની વૃતિ રાખીને જ્યાં ત્યાં ભટકીને ભવ પુરો કર્યો છતાં ભાગ્યમાં હતું તેટલું મલ્યું. તો પણ ગવાર તારી આંખ ઉઘડી નહી. સમજે છે કે હું ચાલું છું તે રસ્તો નરકમાં જવાનો છે. તો પણ ઠગ વિપ્રોની વાતો માની ચાલ્યો જ જાય છે. આવી કુમતીથી તેં તો તારા હાથથી જ ગળામાં ફાંસો નાખી દીધો છે. આ ફાંસો તે માયાની જાળ તે બહુજ મજબુત છે. તેનાં ફંદામાંથી નીકળવું મુશ્કેલ છે. સૂરદાસજી કહે છે હું તો વારંવાર પોકારીને કહું છું કે, સજ્જનો! તમે સર્જનહારને ભજો, કોઈપણ કાર્ય કરતાં એને ભુલો નહી, અધર્મ કરતાં વિચારો કે તેનાથી કાંઇ અજાણ્યું નથી માટે ન્યાય, નિતિને વ્યવહારમાં રાખી કામ કરશો. તો સુખી થશો જેણે જન્મ લીધો તેને જાવું નિશ્ચિત છે માટે અધર્મથી એકત્ર કર્મોના ફળથી બીઓ. અહીનું અહી બધું રહી જશે. પરંતુ કરેલું કર્મ તો સાથે જ આવશે. પંચતત્વ વિખરાઈ જશે રાખ બની જશે માટે દુરગતી કહી બધું થાય છે, ભગવાનની ભકિત થતી નથી. આમ દેખો દુર્ગતિ યહ સંસાર કી.



## પદ ૩૮મું (રાગ : બિહાગ)

ભજન બિન જીવત જૈસે પ્રેત ।
મન મલિન ઘર ઘર પ્રતિ ડોલત ઉદર ભરનકે હેત ॥૧॥
કબ હું પાવત પાપકો પૈસા ડાટ ધુરમેં દેત ।
સેવા નહી ગોવિંદ ચંદકી ભવન નીલ કો ખેત ॥૨॥
મુખ કટુ વચન કરત પરનીંદા સંતનકુ દુઃખ દેત ।
'સૂરદાસ' બહુત કહા કરું ડુબત કુટુંબ સમેત ॥૩॥

**ભાવાર્થ** - મનુષ્ય જન્મ દુર્લભ છે. તેને પ્રાપ્ત કરી જે કોઈ પ્રભુની ભક્તિ કરતો નથી તે માટે સૂરદાસજીએ ટોક કરી છે. કે ભજન વગરનું જીવવું તે પ્રેત સમાન છે. જેનું મન કેવળ કપટી, સ્વાર્થીજ છે મલીન છે. કેવળ પોતાનું જ ભલું કરવું પેટ ભરવા ક્યાં ક્યાં ભટકતો રહે છે. કુબુધ્ધિ હોવાથી સત્કર્મ અગર કાંઇ પરમારથ તો તે કરી શકતો નથી તે કોઈવાર પાપનો પૈસો કમાઈને ધૂળમાં દાટી દીયે છે. (અગાઉનાં જમાનામાં ધનની રક્ષા જમીનમાં જ થાતી હતી) ચોરનાં ભયથી મુક્ત બનવા આ રસ્તો લેતાં પરંતુ અચાનક કાળરૂપી ચોર આવીને લઈ જાય ત્યારે તું તો ગયો પણ તારૂ દાટેલું જમીનમાંજ રહ્યું. મહેનત કે પાપથી પરાયું ધન હરણ કરાયેલું જમીનમાંજ રહ્યું પછી ભલે તું સર્પ બનીને ધનની રક્ષા કરવા ચાહે તો પણ દુઃખરૂપ જ છે. જેનાં ઘરમાં શ્રી ઠાકુરજીની સેવા નથી તે ઘર નીલનાં ખેતર સમાન જ છે. નિલનાં ખેતરમાં કોઈ જાય તો ત્યાં કાંઈ ખાવાનું મળતું નથી તેને વેચીને પૈસા કમાય. જેમકે જુવાર, બાજરો, ઘઉં, ચણા, મગફળી, શેરડી, આ બધી ક્ષુધાને શાન્ત કરે છે. તેમ નીલ કોઈ કામની નથી જેના મોઢામાં કટુ વચન છે. સંતોને દુઃખ દાયક છે તેવાઓ કુટુંબ સહિત ડુબવાના જ સમજો.

## પદ ૩૯મું

મો સમ, કૌન કુટીલ ખલ કામી ।
કહા છીપી તુમસો કરૂણાનિધિ સબકે અંતરયામી ॥૧॥
તુમ તનુ દીયે તુમ્હે બિસરાયો ઐસો લોન હરામી ।
તિહારે ચરણ છાંડ વિમુખનકી નિત ઉઠી કરત ગુલામી ॥૨॥
જહાં સતસંગ તહાં આલસ અધમન સંગ વિસરામી ।
ભરભર ઉદર વિષય રસ પિવત જૈસે સુકર કુકર ગ્રામી ॥૩॥
પાપી પતિત અધમ પરનિંદક સબ પતિતન સિરનામી ।
'સૂર' પતિત તુમ પતિત ઉધ્ધારન સુનિયે શ્રીપતિ સ્વામી ॥૪॥

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજીએ પશ્ચાતાપની ભાવના કરી છે. ભક્તોમાં એક ગુણ ભારે હોય છે. જે કાંઈ કડવાને સત્ય શબ્દો કહેવા હોય તે પોતાના મનને જ ઉદેશીને કહે છે તે મુજબ પ્રભુ, મારા જેવો બીજો કોણ કુટીલ અને કામી (ખામી) હશે.! હું તો અનેક પ્રકારની કામનાઓથી ભરેલું એવા મનવાળો છું સર્વ સદ્ગુણોથી રહીત છું આપ તો અંતરયામી છો. કરૂણા નિધિ છો અને અંતરની ગતિ જાણનાર ને હું શું બતાવું ? આ માનવ દેહ ધારી મને આપે જ બનાવ્યો છે. અને આપને જ હું ભૂલી ગયો આવો તો હું લુણ હરામી છું અરેરે... આ મેં શું કર્યું? આપનાં ચરણનો આશ્રય છોડીને વિમુખોની ગુલામી કરી જ્યાં આપનાં ભક્તો બેસીને સાથે આપનું ભજન સ્મરણ કરે છે. ત્યાં જવામાં મને આળસ આવે છે. અને અધમોનાં સંગમાં બેસતાં લજાયો નહી જ્યાં ડાચા કુટ પરાઈ નિંદા જ છે. આવા વિપરિત કર્મોવાળો હું છું એટલું જ નહી મારા સાથિયો બધા પતિતો છે તેમાં હું નાયક રૂપે છું કેવળ સુકર કુકરની માફક પેટ ભરવા વાળો છું પરંતુ આપ તો પતિતોનાં ઉધ્ધાર કરવાવાળા છો. જેથી વિનંતી કરૂ છું શ્રીપતિ સ્વામી મારી વિનંતી સાંભળજો. અને મારા સ્વામી બની શરણમાંજ રાખો.

### પદ ૪૦મું (રાગ : બિહાગ)

**મન રે તું શ્યામ સું કર હેત ।**
**કૃષ્ણ નામકી વાર કરલે બચેગો તેરો ખેત ॥૧॥**
**મન સુવા તન પિંજરા તાસું બાંધ્યો હેત ।**
**કાલ રૂપી મંજાર ડોલે અબઘડી તોસું લેત ॥૨॥**
**વિષય વિષ રસ છાંડ દેરી ઉતર સાયર સેત ।**
**'સૂર' શ્રી ગોપાલ ભજ લે ગુરૂ બતાયે દેત ॥૩॥**

**ભાવાર્થ** - મનને ઉદ્દેશીને સૂરદાસ કહે છે કે જેમ ખેતરની રક્ષા કરવા વાડની જરૂર છે. તો જ બચી શકે નહી તો કોઈપણ જાનવર પાકને ચટ કરી જાય, તેમ અત્રે મનોભાવનાની રક્ષા માટે કૃષ્ણ નામરૂપી વાડ કરી લે તો તારૂં જીવન ક્ષેત્ર સુરક્ષિત રહેશે. જેમ પોપટ પિંજરામાં પૂરાયેલાં હોય અને પિંજરાની બારી ખૂલી હોય તો કાલરૂપી માંજાર (મીંદડી) પકડી લેશે માટે મનરૂપી સૂવા (પોપટ) તનરૂપી પાંજરાની રક્ષા કરવી જરૂરી છે. અત્યારે તુ માનસિક રીતે મનરૂપી સુવા અને તનરૂપી પિંજરામાંજ સુખ માણે છે પરંતુ ક્યારે કાળરૂપી મીંદડી ઝાપટ મારી દેશે તેની તને ખબર નથી. મતલબકે તારા ઉપર કાળ ઝઝુમી રહ્યો છે ક્યારે ઉપાડી જશે તેની તને ખબર નથી, માટે વિષયરસ છોડીને કૃપા સમુદ્ર શ્રી ગોવિંદનું ભજન



કરીશ તો તારૂ ક્ષેત્ર રક્ષણ થઈ શકશે. ભલે આ સંસાર સાગર હોઈ તોપણ ગુરૂની આજ્ઞા મુજબ સેવા સ્મરણ કરીશ તો ખાબોચિયાની માફક ઓળંગી જવાશે, માટે હે મન તું શ્યામ સુંદરથી પ્રીત કરી નામ સ્મરણ કર.

### પદ ૪૧મું (રાગ : બિહાગ)

**પ્રભુ સેવામેં ખરચ ન લાગે ।**
**અપનો જનમ સુફલ કર મુરખ ક્યોં ડરપે જો અભાગે ॥૧॥**
**ઉદર ભરનકો કરે રસોઇ સોહી ભોગ ધરે ।**
**મહાપ્રસાદ હોય ઘટે ન કનિકા અપનો ઉદર ભરે ॥૨॥**
**મીઠો જલ પિવનકો લાયે સો જલ ઝારી ભરે ।**
**અંગ ઢાંકનકુ ચાહીયે કપડા તામેં સાજ કરે ॥૩॥**
**જો મન હોય ઉદાર તુમ્હારે વૈભવ કછુ બઢાવે ।**
**નહીંતો મોર ચંદ્રિકા ગુંજા યહ શિંગાર ધરાવે ॥૪॥**
**અત્તર ફુલ ફલ જો કછુ ઉતમ પ્રભુકો પહેલે હી ધરાવે ।**
**જો મન ઉતમ તો પ્રભુકો સમર્પી પાછે આપ ઉપયોગમેં લાવે ॥૫॥**
**કર સંબંધ સ્વામી સેવકકો ચલે મારગ ચલે વસ્તુ રીતિ ।**
**પૂરન પ્રભુ ભાવકે ભુખે હોય અંતરકી જો પ્રીતિ ॥૬॥**
**યામેં કહા ઘટ જાયગો તેરો ઘરકો ઘરમેંહી રહી હે ।**
**'વલ્લભદાસ' હોય ગતિ અપની ભલો ભલો જગ કહીયે ॥૭॥**

**ભાવાર્થ** - આ પદમાં એ વસ્તુ બતાવી છે સેવા માર્ગમાં કાંઇ વિશેષ ખર્ચ લાગતું નથી જે કાંઇ ઘરમાં સંપતિ છે તે મુજબ પ્રભુની સેવામાં લગાવીને પ્રસાદીમાં નિર્વાહ કરવો. જેમ કે પોતાના માટે રસોઇ તો કરવી જ પડે છે. તે જે કાંઇ કરે તે પ્રભુને સમર્પીને પ્રસાદ રૂપમાં ગ્રહણ કરે. કપડાં પણ સાજ વિગેરે ધરાવી તેમાંથી કપડા સીવડાવી પહેરે જળ પ્રભુની ઝારી ભરીને લેવું. જો ઘરમાં સંપતિ હોય તો તરેહનાં તરેહનાં વાઘા, વસ્ત્ર, સામગ્રી અદકીમાં કરીને પ્રભુને લાડ લડાવે. અને સંકોચ હોય તો ગુંજામાળા અને મોર ચંદ્રિકા ધરાવી આનંદ માને પરંતુ ભાવ સહિત સેવા કરે. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ આ રીતે અસમર્પિતનો ત્યાગ કરવો. પ્રભુ પૂર્ણ છે તેને રીઝવવા કોઈપણ વસ્તુ અપૂર્ણ છે. પ્રભુ તો ભાવનાનો અંગીકાર કરે છે. પ્રભુ તો જેને જેટલો ભાવ તે મુજબ અંગીકાર કરે છે. આમાં ગાંઠનું કાંઈ પણ ગુમાવવું પડતું નથી જે તારૂ છે. તેજ તારા ઉપયોગમાં આવે છે. વલ્લભદાસ કહે છે લોકોમાં પણ ઉતમ દેખાશે.

## પદ ૪૨મું (રાગ : બિહાગ)

**પ્રથમ હરિ ઉધોસુ કહી ।**
**કામ ક્રોધ મદ લોભ કું જીતે જો મેરો ભક્ત સહી ॥૧॥**
**શત્રુ મિત્રને સમ કરી માને, મનકી તૃષ્ણા ગઇ ।**
**સદા વૈરાગ્ય રહે ઉર અંતર કાહુ કી હાંસી કરત નહી ॥૨॥**
**વિષય વાસનાં રહત ન જાકે યહી વિચાર રહત મન માંહી ।**
**'સૂરદાસ' હું વસુ હિયમેં આનંદ સાગર રહત મહી ॥૩॥**

**ભાવાર્થ** - શ્રીમદ્ ભાગવતમાં ઉધ્ધવજી પ્રતિ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે મારો ભક્ત જગતમાં રહે છે પરંતુ તેનાં ગુણો જુદા જ હોય છે. જેમ કે સંસારી જીવો કેવળ પોતાનાં સુખ માટે કાર્યો કરતા હોય છે. તેમાં પાપ, પુણ્ય, સારૂ - નરસું કોઈ જોતા નથી પરંતુ મારો ભકત કામ, ક્રોધ, મદ, લોભ આવા દોષ પૂર્ણ અવગુણોથી રહીત હોય છે, તેને મિત્ર કોઈ નથી કે શત્રુ કોઇ નથી બંનેમાં સમાન ભાવ રાખે છે. તૃષ્ણા તો તેને હોતી જ નથી જગત પ્રભુનું ક્રિડા ભાંડ છે તેમાં સર્વ પ્રકારની પ્રકૃતિ વાળા મનુષ્યો રહે છે. પ્રકૃતિને આધારે કર્મ કરે છે. અને કર્મનાં ફળ ભોગવે છે. એમ જાણીને તેને મિત્ર, શત્રુ નથી તેમાં વિષય વાસનાનો વિચાર મનમાં કરતો નથી. મારો ભક્ત બીજી બધી વસ્તુનો મોહ છોડી મારામાં જ આસક્ત રહે છે. તે તો સદા આનંદ સાગરમાં રહે છે. તેને બીજો મોહ નથી. તેથી દુઃખ પણ નથી ઉપર મુજબ સૂરદાસજી શ્રીકૃષ્ણનાં વચનો ઉધ્ધવજીને કહેલાં તે મુજબ ભક્તના લક્ષણો બતાવે છે.

## પદ ૪૩મું (રાગ : કાન્હરો)

**હરિ કે જનકી અતિ ઠકુરાઈ ।**
**દેવરાજ ઋષિરાજ મહામુનિ દેખત રહે લજાઈ ॥૧॥**
**દ્દઢ વિશ્વાસ કીયો સિંહાસન તા પર બૈઠે ભૂપ ।**
**હરિગુણ વિમલ છત્ર શિર રાજત શોભા પરમ અનુપ ॥૨॥**
**નિસ્પૃત દેશકો રાજ કરે તાકો લોક પરમલોક ઉત્સાહ ।**
**કામક્રોધ મદ લોભ તહાં ભયે ચોર તે શાહ ॥૩॥**
**બને વિવેક વિચિત્ર પોરિયા ઓસર કોઉ ન પાવે ।**
**અર્થ કામ તહાં રહત દુરદુર મોક્ષ ધર્મ શિર નાવે ॥૪॥**
**અષ્ટ સિધ્ધિ નવનિધિ દ્વારે ઠાડે કર જો-રે ઉર લીની ।**
**છડી દાર વૈરાગ્ય વિનોદી ઝટકે બાહર કીની ॥૫॥**



**હરિ પદ પંકજ પ્રેમ પરત રુચિ તાહિ સોં રંગ રાતે ।**
**મંત્રી જ્ઞાન ઓસર નહી પાવત કરત બાત સકુચાતે ॥૬॥**
**માયા ખલ વ્યાપે નહી કબહું જો યા રીતે જાને ।**
**'સૂરદાસ' યહ નર તન પાયો ગુરૂપ્રસાદ પહેચાને ॥૭॥**

**ભાવાર્થ** - આ પદમાં હરિભક્તની ઠકુરાઈનું વર્ણન કર્યું છે. રાજા હોય તેને માથે છત્ર હોય. સીંહાસન, આજ્ઞાકારી છડીદાર, વિગેરે વૈભવ હોય આવી ઠકુરાઈ જોઈને ઋષિરાજ, મહામુનિ, વિગેરે લજ્જાયમાન થાય છે. સિંહાસન - જે ભક્તે પ્રભુનાં શરણોમાં દ્દઢતાં પ્રાપ્ત કરી છે. તે સિંહાસન શિર છત્ર ભગવદ્ ગુણ ગાન રૂપી શિરછત્રની શોભા અનોખી છે.

**દેશ** - જેને કોઈથી સ્પૃહા નથી અપેક્ષા નથી, તેથી તેને કોઈ મિત્રકે શત્રુ નથી, તે આવા નિસ્પૃહ લોકમાં રહે છે.

**વિચિત્રતા** - કામક્રોધ, લોભ વિગેરે જે ચોર છે. સદ્બુધ્ધિનું હરણ કરણ કરે છે. સંસારમાં આસકત બનાવવાવાળા ચોર અત્રે શાહ બની ગયા છે. તેમનાં મૂળ ગુણો અત્રે ચાલતા નથી.

**પોરિયા** - વિવેક રૂપી પોરીયા છે. તેથી જેવા તેવા અંદર આવી જ શકતા નથી તેવી સતત ચોકી કરી રહ્યા છે.

**મોક્ષ** - મોક્ષ ધર્મ અત્રે શિર ઝુકાવીને ઉભો છે. પરંતુ તે તરફ ધ્યાન દેવાતું નથી અન્યોને મોક્ષ દુર્લભ છે પરંતુ અત્રે જરૂર વગરનો ઉભો છે.

**સિધ્ધિઓ** - રિધ્ધિ સિધ્ધિ રાજયમાં જોઈએ તે આઠ સિધ્ધિનવનિધિ તો દ્વાર ઉપર હાથ જોડીને ઉભી છે કે, અમે હાજર છીએ પરંતુ છડીદાર વૈરાગ્ય ધર્મ તેને ઝટકેથી બહાર કાઢી મુકે છે. કે પહેલાં પરવાનગી મળી પછી જોશુ. જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં આઠ સિધ્ધિ નવનિધિ બિરાજમાન રહે છે. અને ભક્ત ફકત ભગવત ચરણનો લોભિયો બની સ્થિર નિવાસ કરીને રહ્યો છે. ભગવદ્ ચરણકમલમાં ભ્રમર રૂપી ભક્તને રહેતા અત્રે દિવસ અને રાત્રિ સમાન વર્તે છે.

**મંત્રી** - જ્ઞાન રૂપી મંત્રી રાજાને મળવા ઉત્સુક છે, પરંતુ તેને મળવાનો રાજાની પાસે સમય જ મળતો નથી, ભક્ત સદા ભગવદ્ રસ લીલામાં મગ્ન બની જાય છે. તેમાંથી સમય મળે ત્યારે જ્ઞાનરૂપી મંત્રીનું સાંભળે, માનો જ્ઞાનરૂપી મંત્રી વાત કરતા સંકોચ અનુભવે છે.

**વિરોધિગુણ** - કલીનાં ખલ ધર્મો, માયા, માયાની શકિતનો અત્રે પ્રભાવ નથી. આ રાજાએ પ્રથમથી જ તેઓને બહાર જ રાખ્યા છે. તેથી ભક્તો ઉપર એવી કોઈ

શક્તિ નથી જે લોભાવી શકે. આવી ઠકુરાઇ તો ત્યારે અને તેને જ મળે, કે જેના ઉપર ગુરૂકૃપા હોય તેઓજ આ સુખ મેળવી શકે, માણી શકે, અને કૃપાવંત જીવો એમને ઓળખી શકે કે હરિ જનકી અતિ ઠકુરાઇ.

### પદ ૪૪મું (રાગ : કાન્હરો)

**જો રસ રસિક કીર મુનિ પાયો ।**
**સો રસ રટત રહત નિશ વાસર શેષ સહસ્ત્ર મુખ પાર ન પાયો ॥૧॥**
**ગાવત શિવ સારદ મુનિ નારદ કમલકોષ વાસી ન ચખાયો ।**
**યદ્યપિ રમા રહત ચરનન તર નિગમ ન અગમ અગાધ બતાયો ॥૨॥**
**તરણી તનયા તટ બંસી બટ નિકટ વૃંદા વિપિન બહાયો ।**
**સો રસ રસિક દાસ 'પરમાનંદ' વૃષાભાનસુતા કુચ બીચ બસાયો ॥૩॥**

**ભાવાર્થ** - કિરમુનિ, શુકદેવજી, કમલકોષ વાસી બ્રહ્માજી, આ પદમાં પરમાનંદદાસજી ઉત્તમોત્તમ જે ભગવદ્ રસ છે તેનું જ વર્ણન કરતા કહે છે કે બ્રહ્માજીને પ્રભુએ રસ પાન કરાવ્યું હતું. બ્રહ્માજીએ નારદને અને નારદે વ્યાસમુનિને અને વ્યાસજીએ શુકદેવજીને આપ્યું. શુકદેવજીએ રાજા પરિક્ષિતને સંભળાવ્યું.

પરિક્ષિત રાજા મોક્ષની ઈચ્છાવાળા હોવાથી તે રસ શ્રીમદ્ ભાગવતનો કિરમુનિ પાસે ઢંકાઇને રહ્યો તે રસ શ્રી મહાપ્રભુજીએ રસિકાનંદ રસિક ભગવદિયોને આનંદ દેવા પ્રકટ કરી યથા રૂચી પાન કરાવ્યું હતું જે રસનું બ્રહ્માજી, નારદજી, વ્યાસજી, શુકદેવજી, શેષજી રાત દિવસ ગાન કરે છે. પણ પાર પામી શકતા નથી, રમા લક્ષ્મીજી સદા પ્રભુ પાદનું સેવન કરે છે. તે પણ ઉત્તમોત્તમ રસ જે શુકદેવજીએ છૂપાવી રાખેલો તેનું જ પ્રાકટ્ય શ્રી મહાપ્રભુજીએ કર્યું. તેમાં ઉત્તમોત્તમ વૃંદાવન ની લીલા બંસીબટની પાસે રસની હેલી વહાવી ને રસ લીલા શ્રી વૃષભાન સુતાએ પોતાના હૃદયમાં સમાવી લીધો. તે રસ શ્રી મહાપ્રભુજીએ ભક્તોને આપ્યો. પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીની કૃપા થાય ત્યારે જ આ રસનું પાન મળી શકે. શ્રી સ્વામિનીજી સ્વરૂપ શ્રી વલ્લભ છે તેવું આમાં હાર્દ બતાવ્યું છે.

### પદ ૪૫મું (રાગ : બિહાગ) માહાત્મ્ય કે પદ

**જાકે મન બસે શ્યામ ઘન માધો ।**
**સો સુંદર સો ધની દક્ષ, સોઇ કુલીન સોઈ સાધો ॥૧॥**
**સોહી પંડીત સૌ ગુન સંપન્ન સોહી જો ગોપાલ કહી ગાયે ।**
**કોટીક પ્રકાર ધન્ય સોઈ નર જો નહી હરિ બિસરાવે ॥૨॥**
**સો નર વેદ વિશારદ સો ભૂપતિ સોહી જ્ઞાની ।**
**'પરમાનંદ' ધન્ય સોહી સમરથ, જીન, નંદલાલ ચરન રતિ માની ॥૩॥**



**ભાવાર્થ** - જેનામાં શ્રી ઠાકુરજીનાં ચરણમાં પ્રીતિ છે. તેનેજ શાસ્ત્રોમાં બતાવેલાં બધા ગુણ સંપન્ન કહેવાય. ભગવદ્નું આ માહાત્મ્યનું પદ છે. તેમાં બતાવ્યું છે સુંદરતા, બુધ્ધિમાન, કુલીન, સાધુ, પંડીત અને ગુણ સંપન્ન તેને જ કહીયે. જેણે નંદરાયજીની ગાયો ચારવાવાળા ગોપાલનું ગુણગાન કર્યું. ઉપર મુજબ બધા ગુણો હોય પરંતુ ભક્તિ નથી તો કાંઈ નથી. આવા ભગવદ્ ભક્તને કોટી કોટી વાર ધન્યવાદ આપીએ જેણે ભગવદ્ નામ હૃદયારૂઢ કર્યું છે. પલવાર ભુલી શકે નહી. એવાને સમાન વેદ વિશારદ જ્ઞાની કે ભૂપતિ નથી તેને જ સર્વ ગુણ સંપન્ન કહી શકાય. પરમાનંદદાસજી કહે છે તેને જ સમર્થ કહેવાય જેણે નંદલાલનાં ચરણોમાં પ્રીતિ લગાડી છે. તેને પછી અન્ય કોઈની અપેક્ષા જ રહેતી નથી.

### પદ ૪૬મું (રાગ : બિહાગ) માહાત્મ્ય કે પદ

**કમલ નયન કમલા પતિ ત્રિભુવન કે નાથ ।**
**એક પ્રેમ તે સબ બને જો મન હોવે હાથ ॥૧॥**
**સકલ લોકકી સંપતિ તે આગે ધરીયે ।**
**ભક્તિ વિના માને નહી જો ઉપાય કોટીક કહીએ ॥૨॥**
**દાસ કહાવન કઠીન હે જો લોં ચિત્તમેં રાગ ।**
**'પરમાનંદ' પ્રભુ સાંવરો પૈયત હે બડભાગ ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં પરમાનંદદાસજીએ દાસત્વ ભાવ શ્રેષ્ઠ બતાવ્યો છે. જેણે આ ભાવ સીધ્ધ કર્યો તેના ગુણનું માહાત્મ્ય કોણ કરી શકે ? પ્રભુનાં બે નામ વિશેષણો આમાં આપ્યા છે. કમલ-નયન-કમલ જેવા જેમનાં નેત્ર છે તે, કમલાપતિ-લક્ષ્મીજીના પતિ આ પ્રભુને કેવળ પ્રેમ ભાવથી જ પ્રસન્ન કરી શકાય છે. પ્રભુની પાસે બધા વિશ્વની સંપત્તિ લાવીને ભેટરૂપે ધરીયે તો પણ ભક્તિ વિના બીજા સાધનોથી પ્રભુ પ્રસન્ન થતા નથી. તેવીજ રીતે ભગવદ્ દાસ પણ ભક્તિની સામે બધા સાધનો પદાર્થો તુચ્છ માને છે. પ્રભુનું જ આ વિશ્વમાં રચેલું બધું જ છે તેમને કોઈ અપેક્ષા નથી. ફક્ત ભક્તના ભાવને અંગીકાર કરે છે. તેમ ભક્ત પ્રભુની ભક્તિ સિવાઇ અન્ય કોઇ ચીજની અપેક્ષા રાખતા નથી. આવા ઉત્તમ કોટીનાં દાસ કહેવરાવવું સહેલું નથી. જ્યાં સુધી ચિત્તમાં અન્ય રાગ હોય ત્યાં સુધી તો દુર્લભ જ છે, પરંતુ પરમાનંદજી કહે છે કે મહાન બડભાગીજન પ્રભુના દાસ ભાવને પાત્ર બને છે, ધન્ય છે તેને.

## પદ ૪૭મું (રાગ : બિહાગ)

જા પર કમલાં કાન્ત ઢરે ।
લકરી ઘાસકો બેચન હારો તાપર છત્ર ધરે ॥૧॥
વિદ્યા નાથ અવિદ્યા સમરથ જો કછુ ચાહે સોઈ કરે ।
રીતે ભરે ભરે પૂન ઢારે જો ચાહે સો ફેર કરે ॥૨॥
સિધ્ધ પુરૂષ અવિનાશી સમરથ કાહુ તે ન ડરે ।
'પરમાનંદ' સંપતિ યહ મનતે કબહું નાહિન ટરે ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં બતાવ્યું છે કે પ્રભુ ચાહે સોહી કરે ત્યાં વિધિ નિષેધ બાધા નથી, જેનાં ઉપર પ્રભુ કૃપા કરે તેને કોણ કહી શકે. કેના ઉપર અને કેટલી કૃપા, ક્યારે થશે, તે તો પ્રભુ જ જાણે છે. થયા પછી તેની ખબર પડે છે. લાકડાનો ભારો કે ઘાસનો ભારો વેચીને પોતાનું ભરણ પોષણ કરવાવાળાને માથે છત્ર ધરાવી રાજસિંહાસન ઉપર બેસાડી દીએ. આ વસ્તુ કોઈથી જાણી શકાતી નથી. કર્મનાં ભોગ ભોગવતાં જેમ પેટ પુરતુ માંડ મળતું હોય તે રાજા બની જાય, જેની પાસે ન હોય તેને થાય, હોય એનું ચાલ્યું જાય. રીત મુજબ કે બે રીત મુજબ કરવા પ્રભુ સમર્થ છે. કરવાનું કરે ન કરવાનું પણ કરે, તેમજ કદાપિ ન થાય તેવું કાર્ય પ્રભુ કરવા સામર્થ્યવાન છે. તેમ પ્રભુનો જેણે આશરો લીધો છે. તે સિધ્ધ પુરૂષને પણ કોઈનો ડર રહેતો નથી. પરમાનંદદાસજી કહે છે કે પ્રભુની સંપત્તિ મનથી દૂર ન જાય આપણે તો વિના પાત્રવાન હોઈને શરણે આવ્યા છીએ તેથી એમની કૃપા બળ સિવાય કોઈ સાધન નથી પ્રભુ પ્રમેય બળથી કૃપા કરશે.

## પદ ૪૮મું ભક્ત માહાત્મ્ય

દાસ અનન્ય મેરો નિજ રૂપ ।
દર્શન માત્ર તાપ ત્રિવિધ નાસત છૂડાવે ગ્રહબંધન ભવકુપ ॥૧॥
મેરી બાંધી ભક્ત છૂડાવે ભક્તનકી બાંધી છૂટે નહી મોહી ।
કબહું કે લેકે મોહીકું બાંધે, તહાં કૈસે ઉત્તર હોહી ॥૨॥
મેં નિર્મલ જગત કો જીવન મેરો જીવન મેરો દાસ ।
'પરમાનંદ' તાહીકે હૃદયે વસું જા કે હૃદયે પ્રેમ પ્રકાશ ॥૩॥

**ભાવાર્થ** - પ્રભુનાં વચન છે કે મને મારો અનન્ય ભક્ત પ્રિય છે. ભક્તો તો જુદી જુદી ઓછી વધતી ભક્તિ વાળાઓ પણ હોય છે. અત્રે તો અનન્ય ભક્તની વાત છે. આવા ભક્તને દર્શન માત્રથી ત્રણ પ્રકારનાં તાપો દૂર થાય છે. અને મનનાં તરંગો લૌકિકમાં દોડતા હોય તેમને ગ્રહ બંધન તથા ભવ રૂપી કુપથી



છોડાવે છે. હું અપરાધીને બાંધુ તો મારો ભક્ત તેને છોડાવી શકે પરંતુ ભક્તના અપરાધીને હું છોડાવી શકતો નથી. તેમજ મારો ભક્ત મને પણ બાંધે તો હું સહન કરું છું માતા યશોદાયે ઉખલ સાથે મને બાંધ્યો હતો ગોપીજનોએ મને પ્રેમ બંધનથી બાંધી નાચ નચાવ્યો હતો. હું નિર્મળ છું જગતનો જીવન છું પરંતુ મારૂ જીવન મારો ભક્ત છે. પરમાનંદદાસજી કહે છે કે હું તો જેનાં હૃદયમાં પ્રેમ પ્રકાશ જોઉ કે આના હૃદયમાં મારા સિવાઈ કાંઈ નથી તેનાં હૃદયે વાસ કરૂ છું.

## પદ ૪૯મું (રાગ : બિહાગ) ભક્ત મહાત્મય

શ્રી પ્રતિ દુ:ખી ભક્ત અપરાધે ।
સંતન દ્વેષ દોહિતા કરકે આરત સહિત જો મોહી આરાધે ॥૧॥
સૂનો વૈકુઠનાથ પૂરવાસી સાંચી કહું કિન માનો ખેદે ।
તિન પર કૃપા કરૂ કૈસે વિધ પૂજત પાંવ ઔર કંઠકો છેદે ॥૨॥
ભક્ત સોં વૈર, પ્રીત મોસોં કર, મેરો નામ નિરંતર લેહે ।
'સૂરદાસ' ભગવંત વદત યોં મોહે ભજે પર યમપુર જેહેં ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજી ભક્તનો અપરાધ ભૂલે ચૂકે ન કરવો તે માટે સચેત કરવા ભગવદ્ વાક્ય કહે છે.

વૈકુઠ વાસીયો દેવો પ્રતિ કહ્યું છેકે, હું ભક્તનાં અપરાધથી દુ:ખી થાઉં છું. બાકી કોઈ સુખ દુ:ખ મને વ્યાપતુંજ નથી. પરંતુ મારા ભક્તનો કોઈ અપરાધ કરે તે મારાથી સહન થતું નથી સંત જે મારા ભક્ત છે તેનો દ્વેષ કરે, તેને દુ:ખી કરે, કે વૈર બાંધે અને મારા ચરણારવિંદનું પૂજન કરે. મારી આરાધના કરે, તો પણ હું પ્રસન્ન થતો નથી. વાસ્તવિકમાં તેઓ મારા ચરણોનું પૂજન કરે છે. અને ભક્ત ને દુ:ખી કરે તે મારૂ શિર છેદન કરવા જેવું છે. તેથી તેનું પુજન હું માનતો નથી, પરંતુ ભક્તનાં તેણે અપરાધ કર્યા તેના ફળમાં તેને યમરાજનાં દરબારમાંજ મોકલું છું.

## પદ ૫૦મું (રાગ : બિહાગ)

તિહારે ચરન કમલકો શિવ જાને કે ગૌતમ નારી ।
જટા જુટ મધ્ય પાવની ગંગા અજહું લીયે ફીરત ત્રિપુરારી ॥૧॥
કે જાને શુકદેવ મહામુનિ કે જાને સનકાદિક ચાર ।
કે જાને વિરોચન કો સુત સર્વસ્વ દે મેટી કુલ ગાર ॥૨॥
કે જાને નારદ મુનિ જ્ઞાની ગુપ્ત ફીરત ત્રિલોક મંજાર ।
કે જાને હરિજન 'પરમાનંદ' જીનકે હૃદય ચસત ભૂજ ચાર ॥૩॥

**ભાવાર્થ** - ભગવદ્ ચરણારવિંદના માહાત્મ્યમાં તેના જાણકાર કોણ છે તે બતાવે છે તેમાં (૧) શિવજી (૨) ગૌતમનારી-અહલ્યા (૩) શુકદેવ મુનિ (૪) સનકાદિક મુનિ (૫) બલી રાજા (૬) નારદમુનિ (૭) અનન્ય ભક્ત. સ્વર્ગમાં પ્રભુનાં ચરણોનું પ્રક્ષાલન કર્યું તે જલ પૃથ્વી ઉપર ગંગા રૂપે આવ્યું. ત્યારે શિવજીએ પોતાની જટામાં જકડી રાખ્યું હતું. તે હજુ સુધી જટામાં રાખી રહ્યા છે. ગૌતમની નારી, અહલ્યાને રામાવતારમાં ચરણ છુવાવી અને પાષાણ યોનિથી મુક્તિ આપી, મુળરૂપ અહલ્યા જે હતું, તે પ્રાપ્ત કરાવ્યું. તેથી ચરણોનું માહાત્મ્ય તે સારી રીતે જાણે છે. વળી શુકદેવ મુનિ, સનકાદિક મુનિયો યથાર્થ જાણે છે. વિરોચનનો પુત્ર બળીરાજા, જેણે ત્રણ પગલાં પૃથ્વીનું વામનજીને દાન કર્યું હતું. તેને વિષ્ણુએ પાતાળ નું રાજય આપ્યું પછી, આપ વૈકુઠમાં જવાની ઈચ્છા રાખતા ત્યાંજ રાજા બળીએ બંને ચરણો પકડી લીધા કે જેને માટે સર્વસ્વ છોડી આત્મનિવેદન કર્યું, તે ગુમાવું તો ખરેખર લુંટાયો જ કહેવાઉ, આમ હઠ પકડીને ચરણો પકડી લીધા ત્યારે શિવજી, બ્રહ્માજી, નારદજી, અને શ્રી લક્ષ્મીજી પધાર્યા, વચન બધ્ધ થયા ત્યારે ત્યાંથી નીકળવા દીધા તેઓએ ચરણારવિંદનું માહાત્મ્ય જાણ્યું. તે ઉપરાંત જે અનન્ય ભક્તોએ જાણીને વારંવાર ચરણમાં રાખવાની વિનંતી કરી છે, કેમકે તે આ ચરણકમલનું માહાત્મ્ય જાણવાવાળો છે. જેમકે છિતસ્વામી એ ગાયું છે.જે હવે પછીના પદમાં વર્ણન કરેલ છે.

## પદ ૫૧મું (રાગ : ગોરી)

**હોં ચરણાત પત્રકી છૈયા ।**
**કૃપા સિંધુ શ્રી વલ્લભ નંદન બહયો જાત રાખ્યો ગ્રહી બહીયાં ॥૧॥**
**નવ નખ ચંદ્ર શરદ મંડલ છબિ હરત તાપ સુમરત મન મહીયાં ।**
**'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ સુયશ બખાન સકત શ્રુતિ નહીયાં ॥૨॥**

**ભાવાર્થ** - છીતસ્વામીએ નખચંદ્રનો પ્રતાપ જાણ્યો જેથી ઉપર મુજબ ગાન કર્યું છે. શ્રી વિઠ્ઠલ પ્રભુ હું તો આપના ચરણકમલમાં નિવાસ કરી રહું જે ચંદ્ર નવલખ રૂપથી શરદ ઋતુમાં પ્રકાશિત થયો હતો તે પોતાની છટાથી તાપને હરણ કરવાવાળો શાંતિ દાયક છે. તે સ્મરણ માત્રથી સર્વ દુ:ખ હારક, સુખકારક છે. તે ચરણાર વિંદમાં સદા રહું. જે ચરણોનું માહાત્મ્ય શ્રુતિઓ પુરૂં કહી શકે એમ નથી. આવી રીતે ભક્તો આપનાં ચરણનું માહાત્મ્ય જાણે છે. તેથી જ વરદાન માગે છે. અને સુયશોનું વખાણ કરે છે. અનન્ય ભક્તોમાં આપ બિરાજમાન રહો છો.



## પદ ૫૨મું (રાગ : બિહાગ)

**કિન તેરો ગોવિંદ નામ ધર્યો ।**
**લેન દેન કે તુમ હિતકારી મોતે કછુ ન સર્યો ॥૧॥**
**વિપ્ર સુદામાં કીયો અયાચી તાંદુલ ભોગ ધર્યો ।**
**દ્રુપદ સુતાકી તુમ પત રાખી અમ્બર દાન દીયો ॥૨॥**
**સાન્દીપનિ કે તુમ સુત લાયે વિદ્યા પાઠ પઢ્યો ।**
**'સૂર'કી બિરિયાં નિઠુર ભઈ બૈઠે કાનન મુંદ રહ્યો ॥૩॥**

**ભાવાર્થ** - ભક્ત ક્યારેક માન કરે છે. ક્યારેક ઔગુન ગાય છે, ક્યારેક ઓળંભો આપે છે. પરંતુ ભક્તનું તે બધું ભગવાનને પ્રિય લાગે છે, અત્રે સૂરદાસજી કહે છે કે હું કેટલાક નાં નામ બતાવું! બીજાનાં કહેવા કે ઈચ્છા માત્રથી કાર્યો કર્યા, હું પણ પડકાર કરું છું મારા માટે કાને ધરતાં નથી. જેથી મેં કહ્યું કે કોન તેરો ગોવિંદ નામ ધર્યો.

ગોવિંદ નામથી ઈંદ્રમાન ભંગની સ્મૃતિ આવે છે ઈંદ્ર જ્યારે પોતાની ભૂલ સમજી પ્રભુ પાસે ક્ષમા માંગવા આવેલ ત્યારે આગળ કામધેનું ને રાખી પોતે દંડ પ્રણામ કરતો ગોવિંદનામથી સ્તુતિ કરતા, ક્ષમાયાચના કરી હતી. ઈંદ્રને ખબર છે કે ગાયને જોતાં જ પ્રભુ પ્રસન્ન થઈ જશે. તેમજ બન્યું પ્રભુએ તેનો અપરાધ ક્ષમા કરી દીધો હતો સુદામાએ મુઠી તાંદુલ ધર્યા હતા. તેને અઢળક સંપતિ આપી હતી. સુદામા યાચક હતો, તેને અયાચક બનાવી દીધો. સાંદિપની ઋષિ પાસે વિદ્યા ભણ્યા અને દક્ષિણામાં તેના પુત્રો ગયેલાને પાછા લાવી આપ્યા. પરંતુ જ્યાં સૂરનું નામ આવ્યું ત્યાં આપે કાને ધર્યું જ નહી, નિઠુરતા ધારણ કરી આ એક આશ્ચર્યની વાત છે.

## પદ ૫૩મું (રાગ : બિહાગ) વૃંદાવન

**એક પલક જો રહીયે વૃંદાવન એક પલક જો રહીયે ।**
**જન્મો જનમ કે પાપ કટત હે શ્રી કૃષ્ણ કૃષ્ણ મુખ કહીએ ।૧॥**
**મહા પ્રસાદ ઓર જલ શ્રી જમુનાજી કો તનક તનક ભર લઈએ ।**
**'સૂરદાસ' વૈકુંઠ મધુપુરી ભાગ્ય વિના કહાંસે પઈએ ॥૨॥**

**ભાવાર્થ** - શ્રી વૃંદાવન પ્રભુની અનેક લીલાનાં સ્થળ માનું એક છે, શ્રી યમુનાજીને કિનારે વસેલું છે, પાસમાં બંસીબટનો ચોક છે. જ્યાં નિત્ય રાસ થાય છે. શ્રી યમુનાજીનાં તટ પર અનેક કુંજ નિકુંજો પ્રભુની લીલા સ્થળી છે. અગાઉ પણ ભક્ત સંતો ત્યાં નિવાસ કરીને રહેતા હતા. ભક્તિ ત્યાં સદાય નિવાસ

કરીને રહી છે. તેથી ત્યાંની ઉત્તમતા પવિત્રતા વર્ણવી શકાતી નથી આવા સ્થાનમાં થોડીવાર પણ રહીએ તો જન્મો જનમનાં પાપો દૂર થાય છે. વૃંદાવનમાં રહી શ્રીકૃષ્ણના નામનું રટણ કરીએ. જ્યાં શ્રી યમુનાજી પોતાની લીલા સામગ્રી સાથે સદા ઉત્સુક બની પ્રભુને સુખ આપવા તત્પર રહે છે આવા શ્રી યમુનાજીનાં જલપાન કરીએ મહાપ્રસાદ કણિકા લઈ જીવન ધન્યધન્ય બનાવીએ. સૂરદાસજી કહે છે કે વૈકુંઠ માધુપુરી બધું અત્રે વસે છે પરંતુ ભાગ્ય વિનાં ક્યાંથી પ્રાપ્ત કરીએ આ ધામનું નામ લેતાં જ અનેક લીલાની સ્મૃતિ આવે છે ભાગ્યવાન ભક્તો ત્યાં વસીને એક એક લીલા સ્થળોનાં દર્શન કરે છે ત્યાં રહી ભક્તિ કરે છે. અત્રે ભક્તિ સદા તરૂણાવસ્થામાં નિવાસ કરી રહે છે. શ્રી યમુનાજીનો કિનારો વૃક્ષ લતાની છાંહમાં બેસી ભગવદ્ ભજન થાય તે ઉત્તમ પરંતુ ત્યાં જઈને પલવાર પણ ચિત્તવૃતિ શાન્તિમય બનાવી રહીએ તે ઉત્તમ છે ત્યાનું વાતાવરણ ભક્તિ દાયક સુખદાયક હોઈ ભક્તિ કરવા માટે સાનુકુળ છે.

## પદ ૫૪મું (રાગ : બિહાગ)

**જહૅ જહૅ ચરન કમલ માધો કે તહીં તહીં મન મોર ।**
**જે પદ કમલ ફીરત વૃંદાવન ગોધન સંગ કિશોર ॥૧॥**
**ચિંતન કરી યશોદા નંદન મુદિત સાંજ અરુ ભોર ।**
**કમલ નયન ઘન શ્યામ સુભગ તન પિતાંબરકે છોર ॥૨॥**
**ઈષ્ટ દેવતા સબ વિધિ મેરે, જો માખન કે ચોર ।**
**'પરમાનંદદાસ' જીવની ગોપીનકે પટ ઝક ઝોર ॥૩॥**

**ભાવાર્થ** - પરમાનંદદાસજી કહે છે કે જ્યાં જ્યાં માધોના ચરણ કમલ ત્યાં ત્યાં મારૂં મન લાગ્યું રહે એટલે આપનાં ચરણારવિંદ છોડી મન મારૂં અન્યત્ર જાય જ નહી જે ચરણારવિંદથી ચાલી, પ્રભુ વૃંદાવનમાં ગાયોની પાછળ પાછળ ચાલતાં વનોવન વિહાર કરે છે, નંદ કિશોરની ગોચારણ લીલાનું ચિંતન કરી આનંદ પ્રાપ્ત કરૂં સાંજનાં સમયે ગાયો સાથે પધારતા પુરા વૃજમાં સૌને આનંદ દેતા, વળી બીજે દિવસે સવારે ગૌચારણ જતાં ગોવાળીયાની સાથે આનંદ કરતાં રમતો રમતા એવા યશોદા નંદનનું હું ચિંતન કરી રહું. અને સવાર સાંજ જગો જગો વૃજમાં ખુલ્લા ચરણોથી પધારતા, જેમનાં કટીવસ્ત્ર પિળું પિતાંબર શોભાય છે. શ્રી હસ્તમાં મુરલી ધારણ કરી છે. એવા નંદકિશોર, ગ્વાલ બાલોની સાથે ઘર ઘર માખન ચોરી કરવાવાળા, તેમજ વૃજ નારીને માથેથી મહીનાં માટલાં ઉતારતા ઝક ઝોરી કરવાવાળા તે મારા મનના મોર છે.



## પદ ૫૫મું (રાગ : બિહાગ)

**ધનિ ધનિ વૃંદાવન કે વાસી**
**નિશદિન ચરણ કમલ અનુરાગી શ્યામા શ્યામ ઉપાસી ॥૧॥**
**અષ્ટ મહાસિધ્ધિ દ્વારે ઠાડી રમા ચરણકમલકી દાસી ।**
**યા રસકો જો મરમ ના જાન્યો જાય બસો કિન કાસી ॥૨॥**
**ભસ્મ લગાઇ ગરે લીંગ બાંધો નિશદીન ફીરો ઉદાસી ।**
**''પરમાનંદદાસ''કો ઠાકુર સુંદર ઘોષ નિવાસી ॥૩॥**

**ભાવાર્થ** - ધન્ય છે વૃંદાવનામાં સદા નિવાસ કરી રહેલા ભક્ત જનોને. જેમનું મન સદા પ્રભુ ચરણોમાં લાગેલું રહે છે. લીલા સ્થાનમાં રહી યુગલ સ્વરૂપનાં દર્શન કરે છે તેમનાં જ સ્વરૂપ માધુર્યની ઝાંખી કરતાં તેમાંજ નિમગ્ન થઈ અને બીજું કાંઈ ધ્યાનમાં આવે નહી. જ્યાં પ્રભુ બીરાજે છે ત્યાં આઠ સિધ્ધિઓ દ્વાર ઉપર ઠાડી રહે છે તેમજ ચરણ કમલની દાસી લક્ષ્મી સદા નિવાસ કરી રહી છે. આવું નિત્ય લીલાનું સ્થળ વૃંદાવનમાં પ્રભુ સદા વિહાર કરી બિરાજે છે તે ધામમાં રહીને લીલાનો આનંદ માણે છે આવા વૃંદાવનના વાસીને ધન્ય છે આ રસનો કોઈ મર્મ જાણે નહી તેને તો કાશી જઈ રહેવું જોઈએ. શરીરે ભસ્મ લગાવી ગળામાં લીંગ બાંધી ઉદાસી મનથી રહેવું જોઈએ, પરમાનંદદાસજી કહે છે ધન્ય છે વૃંદાવનના વાસીઓને અત્રે રહી લીલા રસ માણ્યો.

## પદ ૫૬મું (રાગ : કાન્હરો )

**તાહી કો શિર નાઈયે જો શ્રી વલ્લભ સુત પદ રજ રતી હોય ॥૧॥**
**કીજે કહા આન ઉંચો પદ તીન સોં કહા સગાઈ મોય ।**
**જા કે મન મેં ઉગ્ર ભરમ હે શ્રી વિઠ્ઠલ અરુ ગિરિધર દોય ॥૨॥**
**તાકો સંગ વિષમ વિષહુતે ભૂલે ચતુર કરો જીન કોઇ ।**
**સારા સાર વિચાર મતો કર શ્રુતિ બિચ ગોરસ લીચોહે નિચોય ॥૩॥**
**ઉગ્ર પ્રતાપ દેખ અપને ચક્ષ અસ્મસાર જૈસે ભેદે ન તોય ।**
**'કૃષ્ણદાસ' સુરતે અસુર ભયે અસુરતે સુર ભયે ચરનન છોય ॥૪॥**

**ભાવાર્થ** - તેને જ શિર ઝુકાવીયે કે જેને શ્રી વલ્લભ વિઠ્ઠલ કે ચરણોમાં પ્રીતિ હોય પદકમલનાં આશ્રિતો અમારે મન સર્વ શ્રેષ્ઠ છે બીજા કોઈ ઉંચા પદ ઉપર બિરાજમાન હોય તેનાથી અમારે કોઈ સગાઈ કે સંબંધ નથી જેમનાં મનમાં ભ્રમ છે કે શ્રી વિઠ્ઠલનાથજી અને ઠાકુરજી બંને જુદા છે, આવું કહેવાવાળાનો સંગ

વિષથી પણ વિસમ વિષ જાણવો. જેમ વિષથી મૃત્યુ થાય તેમ દુ:સંગથી ભાવનો નાશ થાય છે. માટે દુ:સંગથી બચી સતસંગીનાં સંગમાં રહેવું. શાસ્ત્રોકત વિધિ મુજબ કાંઈ વિચાર કરવાની જરૂર નથી તે માટે તો શ્રી વલ્લભ પ્રભુએ શ્રુતિઓમાંથી તત્વ રૂપ માખણ કાઢી લીધું છે. શ્રી વલ્લભ વિઠ્ઠલનું પ્રત્યક્ષ પ્રતાપબળ જોવા છતાં હૃદયમાં અસર થતી નથી, જેમ કાળા પથ્થરને સો વર્ષ પાણીમાં રાખો તો પણ બહાર કાઢતા સુકાઈ જશે તેને ટક્કર કરતાં તણખાં ઝરે છે. મતલબ પાણી તેને ભેદી શક્યું નહીં. તેથી ઉપરથી ફક્ત ભીનો થાય છે. અંદરથી કોરો ધાકોડ રહ્યો. જેમ અકબર બાદશાહ ગોકુલમાં આવીને શ્રી નવનિતપ્રિયાજીનાં દર્શન ગયો. ત્યારે પાલને ઝુલતા નવનિતપ્રિયાજીને શ્રી ગુસાંઈજી ઝુલવતા. ક્યારેક નવનિતપ્રિયાજી ઉતરીને ગુસાંઈજીને ઝુલાવતા ત્યારે અકબરને નિશ્ચિત થયું કે શ્રી વિઠ્ઠલ અને ગિરિધર બંન્ને એક જ રૂપ છે. પરંતુ આવા દર્શન થયા પછી પણ તે અનન્ય ભક્ત ન થયો. છિતસ્વામિજીએ ગાયું છે કે, યેહી તેહી, તેહી યેહી કછુનાં સંદેહ. કૃષ્ણદાસજી સુરમાંથી અસુર થયા, પ્રેત બન્યા હતા. પાછા અસુરમાંથી સુર બન્યા કારણકે શ્રીગુસાંઈજીની કૃપાથી પ્રેત યોની છૂટી.

## પદ ૫૭મું (રાગ : બિહાગ)

લગે જો વૃંદાવન કો રંગ ।
મનકે મેલ સબે છૂટ જૈહેં અરુ વિષયન કો સંગ ॥૧॥
રાધાવર સેવત અરુ સુમરત ઉપજત લહર તરંગ ।
સખી ભાવ સહજ હોય છીનમેં પુરુષ ભાવ હોય ભંગ ॥૨॥
દેહ અભિમાન સબે છૂટ જૈહે મનસા હોય અપંગ ।
'પરમાનંદ' નંદનંદન ભજે મીટી હે કોટી અનંગ ॥૩॥

**ભાવાર્થ** - જો વૃંદાવનનો રંગ લાગી જાય તો મનનાં મેલ બધા છૂટી જશે જે જે અવિદ્યાઓ હૃદયમાં ભરી છે. જેનાથી ચિત્ત કેવળ માયામાંજ ભટકતું રહે છે તે અવિદ્યારૂપી મેલ છુટી જશે અને તેનાથી સંસારમાં ભ્રમિત કરાવવાવાળાનો સંગ છુટી જશે. આવું સુંદર ભગવાનનું ક્રિડા સ્થાન છે ત્યાં વસવાથી શ્રી ઠાકુરજી અને શ્રી સ્વામિનીજીની સેવા અને સુમરણ કરવાથી મનમાં લીલાત્મક તરંગો ઉછળ્યા કરશે. 'સહજ પ્રિત ગોપાલહી ભાવે' તે મુજબ પ્રભુમાં સહજ ભાવ રહેવાથી અહં ભાવનાં (પુરૂષ ભાવના) નીકળી જશે અને સખિ ભાવ આવશે, દેહાદિનું અભિમાન છૂટશે. ચોતરફ ભટકતી ઈન્દ્રિયોની વૃત્તિ શાન્ત થઈ જશે. પરમાનંદદાસજી કહે છે કે નંદનંદનની ભક્તિ કરવાથી નિષ્કામ ભાવનાં સિધ્ધ થશે.



## પદ ૫૮મું (રાગ : બિહાગ)

તુમ ત્યજ કૌન સનેહી કી જે ।
સદા એક રસ કો નિભાવત હે જાકી ચરન રજ લીજે ॥૧॥
યહ ન હોય અપની જનની તે પિતા કરત ન ઐસી ।
બંધુ સહોદર સેવન કરહી મદન ગોપાલ કરત હે જૈસી ॥૨॥
સુખ અરુ લોક દેત હે વૃજપતિ અરુ વૃંદાવન વાસ વસાવત ।
'પરમાનંદ' દાસકો ઠાકુર નારદાદિ નિશદિન યશ ગાવત ॥૩॥

**ભાવાર્થ** - પરમાનંદદાસજી વિનતીનાં આ પદમાં પ્રભુને સનેહી કહીને કહે છે કે પ્રભુ આપને છોડીને બીજા કોને સ્નેહી બનાવીએ સંસારનાં સંબંધો બધાં જેમ કે માતા, પિતા, પણ સ્નેહ રાખે છે પરંતુ સ્વાર્થ છુટવા પછી સહુ દૂર ચાલ્યા જાય છે. તેમાં ભાઈ, ભગિની, પુત્ર પરિવાર વિગેરે સ્નેહ રાખે છે પરંતુ તેની સાથે સ્વાર્થનું જોડાણ હોય છે. કાયમ નિભાવવું મુશ્કેલ છે, સંસારી પધ્ધતિ જ એવી છે કે આજનો મિત્ર કાલે શત્રુ બની શકે છે. તેમજ કાલનો શત્રુ આજે મિત્ર બની જાય છે. એટલે કોણ કેનું કેટલા દિવસ સાથી તે કહેવું મુશ્કેલ છે. સદા એકરસ પ્રીત તો પ્રભુ આપ જ નિભાવો છો. જેથી આપની પ્રીત સાચી છે. માટે આપને છોડીને બીજું એવું કોણ છે જેની સાથે પ્રીત કરીયે. 'પ્રીત તો નંદનંદનસું કીજે' જે સંપત્તિ અને વિપત્તિમાં પ્રતિપાલન કરવાવાળા છે. માતા પણ પુત્ર પર વિશેષ ભાવ રાખે છે, પરંતુ તે પણ માયા જન્ય છે. તો પછી બીજાની તો વાતજ ક્યાં કરવી. વિપરિત સમય આવે ત્યારે બધા દૂર ખસી જાય છે. જેમકે એક માતાને ચાર પુત્રો હોય તેમાં એકાદ દિકરો વિપરિત ગતિથી ચાલવાવાળો હોય દુ:ખ દાયક હોય તો તેને તજી દીયે છે. કેમ કે આ સ્નેહ માયા જન્ય છે, આ સંબંધો આ લોક પુરતાં જ છે. લાખો જન્મમાં કેટલા માતા પિતા બદલાઈ ગયા હશે કોઈ કોઈ ને યાદ આવતું જ નથી દરેક જન્મમાં નવા નવા સાથી મળે છે. તે બધુ આ શરીર છુટયા પછી કોઈ કામ આવતું નથી આપનું નામ ગો પાલ-ઈંદ્રયોનાં સ્વામી છો જેથી જન્મોજન્મ નાતો આપ જ નિભાવો છો. સાચા સ્નેહી ઉપર એક દ્રષ્ટાંત જોઈએ. દામોદરદાસ હરસાનીની વાર્તામાં આવે છે. જેઓ જન્મથી ગુમ સુમ રહેવાવાળા કોઈથી પ્રીત નહી તેમ દ્વેષ નહી તે તો પોતાના સ્વામી જે સ્નેહીની વાટ જોતા ગવાખામાં બેસી રહેતાં. પ્રભુ સ્નેહી તેમ ભક્ત પણ સ્નેહી આવા સ્નેહીને મળવા શ્રી મહાપ્રભુજી તે જ રસ્તેથી ચાલ્યા હતા, દૂરથી નજરે નિહાળતાં હૃદય આનંદ મગ્ન બની ગયું હતું. પરસ્પર બંનેએ ઓળખી લીધા હતા સ્વામી પોતાનાં ભક્તને મળવા આતુર હતો તેમ ભક્ત પણ, પ્રભુ નજીકમાં પધાર્યા ત્યારે ગવાખામાંથી

કુદીને નીચે આવી ચરણારવિંદ પકડી લીધા, આમ સ્વામી સેવક બંને પ્રસન્ન થયા. વિછર્યા તે ફેર મલ્યા પછી સાથે જ રહ્યા આવી રીતે પ્રભુ એક જ છે જે પ્રીતને નિભાવે છે માટે જ પરમાનંદદાસજી કહે છે તમને છોડીને બીજા કેની સાથે પ્રીત કરીએ.

## પદ ૫૯મું (રાગ : બિહાગ)

**માધો યા ઘટ બહુત ઘટી ।**
**કહત સુનન કો લીલા કીની મર્યાદા ન ટરી ॥૧॥**
**જો ગોપિનકો પ્રેમ ન હોતો અરુ ભાગવત પૂરાણ ।**
**તો સબ ઓઘડ પંથી હી હોંતે કથત ગમૈયા જ્ઞાન ॥૨॥**
**બારહ વરસ કો ભયો દિગંબર જ્ઞાન હીન સન્યાસી ।**
**ખાન પાન ઘર ઘર સબહીનકે ભસ્મ લગાવ રહત ઉદાસી ॥૩॥**
**પાખંડ દંભ બઢ્યો કલીયુગમેં શ્રધ્ધા ધર્મ ભયો લોપ ।**
**'પરમાનંદ' વેદ પથ બિગર્યો કા પર કીજે કોપ ॥૪॥**

**ભાવાર્થ -** પરમાનંદદાસજી કહે છે આવા ઘોર કલીયુગમાં જ્યાં પાખંડનું જોર વધ્યું છે. પ્રભુ પ્રાપ્તિનાં બીજા માર્ગો શિથિલ થઈ ગયા છે. વેદને જાણવાવાળા એના કરતાં દંભી વધી પડ્યાં છે. જાણકાર પણ તે મુજબ ચાલી શકતા નથી, આવે ટાણે કેવળ આપનું કૃપા બળ જ કામ આવે છે. આ કાળમાં શ્રી વલ્લભનું પ્રાકટ્ય ન હોત તો બધા ઓઘડ પંથી બની જાત, બાર વરસનો સન્યાસી બની જાત, શરીરે ભસ્મ લગાવી ઘરો ઘર ભીક્ષા માંગી પેટ ભરત અને ઉદાસી જીવન વ્યતિત કરત.

જેમ કે ગોપીજનોનો ઉત્કૃષ્ટ પ્રેમ નહોત અને ભાગવત પૂરાણ ન હોત તો જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય જેવી વસ્તુ જ રહેત, જેમાં આનંદનો અંશ જ નથી. પરંતુ વૃજમાં ગોપીજનોની પ્રીત અને તેમને ભાવતી લીલાઓ જે કરી. તે ગુપ્ત જ રહી જાત. અને લોકો પાખંડ ધર્મમાં રચ્યા પચ્યા રહી જાત. શ્રીમદ્ ભાગવતનો તત્વ શ્રી સુબોધિનીજીમાં પ્રગટ કર્યો અને આ કલીયુગમાં આપની લીલાઓ જે વૃજમાં કરેલી છે તે લીલાનો આવિર્ભાવ કર્યો. જે જનો પ્રવાહમાં તણાઈ જાતા, તેનો હાથ પકડીને ઉગારી લીધા સેવા માર્ગની રીતે આનંદમય જીવન બનાવ્યું જેથી પાખંડ ધર્મથી દુર રહી સ્નેહ માર્ગથી પ્રભુને પ્યારા બને, શ્રીવલ્લભ રૂપે પ્રગટ થઈ આપે વેદમાર્ગીઓને સાચી રાહ બતાવી મિથ્યા વાદ નષ્ટ કર્યો. આ કલીમાં જો આપનું પ્રાગટ્ય ન હોત તો બધા ઓઘડપંથી જ બની જાત. ઉદાસી જીવન જીવંત, જ્યાં આનંદનો સર્વથા અભાવ રહે છે.



## પદ ૬૦મું (રાગ : બિહાગ)

**ભજ સખિ ભાવ ભાવિક દેવ ।**
**કોટી સાધન કરો છીનમેં તોઉ ન માને સેવ ॥૧॥**
**ધુમકેતુ કુમાર માંગ્યો કોન મારગ રીત ।**
**પુરૂષ તે ત્રિય ભાવ ઉપજ્યો સબે ઉલટી રીત ॥૨॥**
**વસન ભુષન ઉલટ પહેરે ભાવ કે સંજોગ ।**
**ઉલટ મુદ્રા દઈ અંકન બરન સુધો હોય ॥૩॥**
**વેદ વિધિકો નેમ નાહી પ્રેમકી પહચાન ।**
**વૃજ વધુ વશ કીયે મોહન 'સૂર' ચતુર સુજાન ॥૪॥**

**ભાવાર્થ -** હે સખી, તું ભાવનાથી વશમાં થાય તેવાં ભાવિક દેવનું ભજન કર. કરોડો સાધન કરવાથી જે પ્રસન્ન થતા નથી. વેદોમાં બતવેલા વિવિધ સાધનો જેમ કે યોગ, યાગ, તપ, જપ, દાન, વિગેરે વિધિ પૂર્વક થાય તો પણ તેમાં લખેલું જ ફળ મળે પરંતુ પ્રભુ રીઝાતા નથી તો વશમાં તો ક્યાંથી રહી આવે. અત્રે કોઈ એવું પ્રમાણ જ નથી કે આટલું કરવાથી આ ફળ મળે. જ્યાં પ્રેમ ભાવ છે, ત્યાં નેમ નથી. પ્રેમ ભાવની સીમા હોતી નથી. રામચંદ્રજી સીતાજી સાથે વનમાં ગયા, ત્યાં ઋષિઓ તપ કરતાં હતા. તેમનામાં ત્રિયા ભાવના આવી ત્યારે, વરદાન માંગ્યું હતું. તેઓ કૃષ્ણાવતારમાં ઋષિરૂપા થઈને ચાર યુથમાં એક યુથ રૂપે પ્રભુની સાથે લીલા કરી. આનંદ સ્વરૂપને જાણ્યું હતું. તેમજ માણ્યું હતું. વળી વેણુના નાદ કરી ગોપીજનોને વનમાં બોલાવ્યા ત્યારે, જે સ્થિતિમાં હતા તેવા જ હર્ષ ઘેલા બની વનમાં ગયા હતા. પ્રભુ સાથે લીલા કરવા યોગ્ય વસ્ત્રાભુષણ કાંઈ ધ્યાનમાં આવ્યું ન હતું. પરંતુ પ્રભુની સન્મુખતા પ્રાપ્ત થતા સોળે શૃંગાર સહીત ઓપતાં થયા. તેમજ કોઈપણ અંક છાપવામાં જેમ મુદ્રા ઉલટી હોય છે પરંતુ તેને છાપતા છાપ સીધી આવે છે તેમ પ્રભુ ઉલટાનું સિધુ કરે છે. અત્રે વેદવિધિ ગૌણ બની જાય છે, પ્રભુની ઈચ્છા એ જ પ્રમાણે રૂપ છે. સૂરદાસજી કહે છે વૃજ વધુએ મોહનને વશ કર્યા જે પ્રભુ ચતુર સુજાન છે બીજાના મનનું હરણ કરવા વાળા છે. તેમને ગોપીજનોએ વશમાં કર્યા માટે હે સખી, ભાવનાથી વશ થાય, એવા પ્રભુનું ભજન કરીએ.

## પદ ૬૧મું (રાગ - સારંગ) કથા માહાત્મ્ય

**અઘ સંહારનિ અધમ ઉધ્ધારિનિ કલિકાલ તારિની મધુ મથન ગુણ કથા ।**
**મંગલ વધાઈની પ્રેમરસ દાયિની ભક્ત અનુપાયિની હોત જીય સર્વથા ॥૧॥**
**મથ વેદ કથ ગ્રંથ પ્રેમરસ કહત વ્યાસાદિ મુની અજહુ અધુનિક જન કહત હે મતિ યથા ।**
**પરમ પદ સોં પાન કરો 'ગદાધર' ગાન, અન્ય આલાપ તે જાત જીવન વૃથા ॥૨॥**

**ભાવાર્થ** - ગદાધરદાસજી, શ્રી પ્રભુની લીલારૂપી અમૃત કથાનું પાન કરવું આમ જણાવે છે, જેમાં સર્વ તત્વ ભર્યો છે. માટે અન્ય જગો વૃથા શ્રમ કરવો નહી. અને આયુષ્ય વૃથા ગુમાવવું નહી તેવો સાર આ પદનો નિકળે છે. (૧) અનેક પાપોનો નાશ કરવાવાળી કથા છે. (૨) પાપીયોનાં પાપ કર્મને છોડાવીને તેનો ઉધાર કરવાવાળી છે. (૩) કલીમલ આ સમયમાં કાલદોષ બતાવ્યો છે તે દોષોથી મુકત કરાવવા વાળી છે. અને મંગલમય વધાઈ દેવાવાળી છે. તે વધાઈમાં પ્રેમરસનું પાન કરાવે છે. પૂર્વે આ કથા વ્યાસ મુનિએ શાસ્ત્રોનો નિચોડ કરી વેદોનો નિચોડ કરી સત્તર પુરાણ પછી છેલ્લે શ્રીમદ્ ભાગવતની રચના કરી છે. તે કથાઓ આજે પણ કરાય છે, આધુનિક હાલમાં કથા કરાય છે. તેને જ હું કથારૂપિ અમૃતનું પાન કરવાનું કહું છું શ્રી મહાપ્રભુજીએ બધો તત્વ સુબોધિનીજીમાં બતાવ્યો છે માટે પરમ પદની પ્રાપ્તિ માટે ભગવદ્ આશ્રય રાખીને કથારૂપી અમૃતનું પાન કરવું વૃથા આયુષ્ય ગુમાવવું નહી. સારમાં ગદાધરદાસજી કેવળ શ્રી મહાપ્રભુજીના મુખથી નીકળેલ કથામૃતનું પાન કરવાં સૂચના કરે છે.

## પદ ૬૨મું (રાગ : બિહાગ)

**શ્રી વિઠ્ઠલ નાથ નામ રસ અમૃત પાન સદા તું કર રે રસનાં ।**
**જો તું અપનો ભલો ચાહત યહ વૃત જીય ધર રે રસનાં ॥૧॥**
**યા રસકે પ્રાતિ બંધક જે તે તિન તે અતિ ડર રે રસનાં ।**
**હરિકો વિમલ યશ ગાવત નિરંતર જાત વિધ્ન સબ ટર રે રસનાં ॥૨॥**
**વારંવાર કહતહું તોસું યહ મારગ અનુસર રે રસનાં ।**
**'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ આનંદ ઉરમેં ભર રે રસનાં ॥૩॥**

**ભાવાર્થ** - મહાનુભાવિ છીતસ્વામી જેમનું સર્વસ્વ ધન તે શ્રી ગુસાંઈજી છે. આપની કૃપાથીજ પુષ્ટિ રસને સારી રીતે પાન કરીને અનુભવ્યો છે. તેઓ રસનાં (જીભ) જે રસને પરખવાવાળી છે તેને કહે છે તું તો રસનાં છહો રસને જાણવા વાળી છે. તે જે રસોનો અનુભવ કર્યો તે ન્યુન છે. હવે તું મુખ્ય રસ હું બતાવું છું તેનું પાન કર. શ્રી વિઠ્ઠલરૂપનું નામ રટણ કર. બાકીનાં રસ સ્વાદો હવે પાન



કરવાનો મોહ છોડી દે. જો તું તારૂં ભલુ ચાહે તો આવું વૃતને ધારણ કરકે જેમ નાટકનાં નવ રસો હોય તેમજ અન્ય જગો વૃતિનાં જોડાઈ જાય તેનું તું ધ્યાન રાખી તેનાથી દૂર થઈને રહે શ્રીવિઠ્ઠલ નામ રૂપી અમૃતથી દૂઃખ દુર જશે અને સુખરૂપ બનશે. વિઘ્નોનો ડર રહેશે નહી જેમ અમૃતનું પાન કરવા વાળાને કાળરૂપી સર્પનો ડર નથી તેમ શ્રી વિઠ્ઠલ નામરૂપી અમૃતનાં પાન કરવાથી સર્વ રીતે સુખ જ મળશે અનિષ્ટનો નાશ થશે માટે હું તને સમજાવું છું કે નામથી હૃદય શુધ્ધ થઈ તેમાં અનેક લીલારસ ભરાઈ જશે તે તે લીલામાં તું ખોવાઈ જઈશ માટે રટણ કર.

## પદ ૬૩મું

**અચંભો ઈન લોગન કો આવે ।**
**છાંડ ગોપાલ અમિત રસ દુર્લભ માયા વિષ ફલ ભાવે ॥૧॥**
**નિંદિત મુઢ મલય ચંદનકો કપિકે અંગ લગાવે ।**
**માન સરોવર છાંડ હંસ સર કાક સરોવર ન્હાવે ॥૨॥**
**પગ તર જરત જાનત નાં મુરખ પર ઘર જાય બુઝાવે ।**
**લખ ચોર્યાશી સ્વાંગ ધરે ઘર ફીર ફીર યમ હી બુલાવે ॥૩॥**
**મૃગ તૃષ્ણા સંસાર જગત સુખ તહાં તે મન ન દૂરાવે ।**
**'સૂરદાસ' ભક્ત સોં મિલિકે હરિ યશ કાહે ન ગાવે ॥૪॥**

**ભાવાર્થ** - મહાનુભાવિ રસિક શિરોમણી સત્ય વકતા નિડર સદા ભગવદ્ રસમાં રહેવાવાળા ભટક્તા જીવો સંસારમાં આવી મીથ્યા જન્મ ગુમાવે છે. આવું જોઈને પોતે આશ્ચર્ય વ્યકત કરે છે કે મને તો આવા લોકોને જોઈને અચંબો આવે છે અરેરે આણે કર્યું શું ? હરિરૂપી હીરાને ત્યજીને માયા રૂપી વિષ ફળમાં લોભાઈ રહ્યો છે. જેઓ સર્વસ્વ સંસાર સુખ મેળવવા આઠો પ્રહર તેમાં જ રચ્યા પચ્યા રહે છે. તેઓ ઉલટી દિશા ચાલી રહ્યા છે. તેનું તેને ભાન નથી ધન માટે નિંદિત કર્મ કરતાં અચકાતા નથી. સુંદર સુવાસિત અગર ચંદનનો લેપ વાંદરા ને કરે એવું કરે છે. જે ઉત્તમ સુગંધ પ્રભુને સમર્પણ કરવી જોઈએ. વળી માનસરોવર જ્યાં હંસને જોતું બધુ મળી રહે છે. બીજું સ્થાન ગોતવું પડતું નથી તે સ્થાનનો આશ્રય છોડીને કાક તિરથમાં સ્નાન કરે તેવું કરે છે. તેમજ પોતાનાં જ ઘરે, આગ લાગી છે પગનાં તળીયા દાઝે છે. ને બીજાના ઘરે આગ બુઝાવવા જાય છે. લખ ચોરાશી ફરતા કેટલી દેહ બદલી જુદી જુદી યોનિમાં ભટકતા, ભવૈયો જેમ વેષ બદલતો રહે તેમ કરીને તે લોકોને રીઝાવે છે. પણ વેષોમાં જયારે માનવ દેહ મળી ત્યારે ઉલટી

દિશા ચાલવામાં આનંદ માણે છે. આવું જોઈને યમરાજ પણ હસે છે. કે મેં કેટલી વાર નરકની સજા ભોગવાવી તો પણ વારંવારે આવતા તે શરમાતો નથી. આ જગત મૃગ તૃષ્ણા જેવું છે હરણ જેમ તરસ્યું હોય અને પાણી ભાળે ત્યાં દોડે પરંતુ ત્યાં પાણી જ નથી ફકત તેનો આભાસ જ છે તેમાં દોડી દોડીને મરે છે, સુખ મેળવવા ભટકે ત્યાં દુ:ખ મળે કદાચ જીવનને આખરે સુખ મળે તે ભોગવ્યા પહેલા જ તેને સંસાર મૂકી જાવું પડે. સાચું સુખ શાન્તિ તો ભગવાનને આશ્રયે રહી સ્મરણ ભજનથી મળે છે. જેમ માન સરોવરમાં હંસને જોતું મળે છે તેમ પ્રભુનાં આશ્રયે બધું મળે છે. મૃગની જેમ ભટકવાથી મળતું નથી સાચું સુખ જોતું હોય તો ભગવદ્ ભક્તનાં સંગમાં રહી ભક્તિ કરવી પરંતુ પામરજીવ ચેતતો નથી તેથી સૂરદાસજી અચંબો વ્યકત કરે છે.

### પદ ૬૪મું વિરહ કે પદ

**કૈસે કીજે વેદ કહ્યો ।**
**હરિમુખ દેખત વિધિ નિષેધ કો નાહીંન ઠોર રહ્યો ॥૧॥**
**દુ:ખ કો મૂલ સ્નેહ સીખીરી સોહી ઉર પેઠ રહ્યો ।**
**'પરમાનંદ' પ્રેમ સાગરમેં ગીર્યો સો લીન ભયો ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં સ્નેહનું રૂપ તે જ દુ:ખ રૂપ વિરહ દશામાં બતાવ્યું છે. ગોપીજનોના ભાવનું આ પદ જેમાં એક સખી બીજીને કહે છે આપણો તો સ્નેહ માર્ગ છે આમાં વેદનું કહેલું કેવી રીતે કરવું ?

હૃદયમાં તો નંદનંદનની પ્રીત ભરાઈ રહી છે. તેમાં બીજી કોઈ વસ્તુ માટે સ્થાન જ બચ્યું નથી હાલાંકી વેદોમાં જે જે નિયમોનું પાલન કરવાનું કહ્યું છે પરંતુ તેને અનુસરવું મુશ્કેલ ને અસંભવજ છે એક નંદનંદનથી પ્રીત કરી અને બધાને ભુલીને દૂર કર્યા છે તેથી આ તનમાં મનમાં ચિત્તમાં આવી શકે તેમ નથી. ભલે જગ વૈરી હોય પરંતુ કમલનયન શ્યામ સુંદર સિવાઈ અન્ય વસ્તુ સુહાતી જ નથી સખી ! સત્ય કહું છું આપણા દુ:ખનું કારણ જ મુળમાં સ્નેહ છે જેઓ સ્નેહની રીત જાણતા નથી તેઓને આ દુ:ખ હોતું જ નથી પરમાનંદદાસજી કહે છે કે આ તો પ્રેમ રૂપી સાગર છે, તેમાં પડ્યો તે તેમાંજ લીન થાય છે.

### પદ ૬૫મું (રાગ : બિહાગ) દીનતા કે પદ

**હરિ દાસન તે ગર્વ ન કરવો ।**
**યહ અપરાધ પરમ પદ હું તે ઉત્તર નરક મેં પરનો ॥૧॥**
**હું ધનવંત કુલવંત વહ ભિક્ષુક યહ કબ હું મનમેં નહી ધરવો ।**
**ગજ સિંહાસન અશ્વ પાલખી ચાતે ભવસાગર નહી તરવો ॥૨॥**
**ખાન પાન એડાઇ ચલત હે એસે કારજ નાહીં અનુસરવો ।**
**'સૂરદાસ' યહ સત્ય કહત હું ભક્તન સંગ ઉબરવો ॥૩॥**



**ભાવાર્થ** - ભગવદ્ ભક્તની સામે પોતાનાં ઐશ્વર્યનો ગર્વ કદી કરવો નહી અભિમાન કરવું નહી. ભક્તનો અપરાધ કરવો એટલે ઉંચે પદથી નીચે ઉતરવું. ભગવદ્ ભક્ત પાસે દીનતા જ રાખી રહેવું હું ધનવાન છું, હું કુળવાન છું, હું બુધ્ધિમાન છું, તે તો ભિક્ષુક છે, બુધ્ધિ હિન છે, આવો વિચાર કરવો નહી. માનસિક દોષ પણ લાગે છે. માટે મનથી, વચનથી, અને કર્મથી ભક્તનો અપરાધ કરવો નહી. પોતાની પાસે અઢળક દ્રવ્ય હોય, કે રાજસીંહાસન હોય, હાથીની સવારી કે પાલખી હોય પરંતુ તેમાં બેસીને ભવસાગર પાર કરી શકાતું નથી. એના માટે તો ભગવદ્ ભક્તનો સંગ કરવો જરૂરી છે. જેથી સારાસારનો વિચાર આવશે. બુધ્ધિ નિર્મળ બનશે, અભિમાન દૂર થશે, દીનતા પ્રાપ્ત થશે, સંસાર સાગર પાર કરવાની ચિંતા નહી રહે. માટે ભક્તનાં સંગમાં રહેવું તેનો અપરાધ કરવો નહી.

### પદ ૬૬મું (રાગ : બિહાગ)

**હરિ યહ કોન રીત ઠટી ।**
**દાસ દુ:ખી સુખ હોત વિમુખન બડી લાજ ઘટી ॥૧॥**
**વેદ પંથ શ્રી ભાગવત કી બાંધી મેંડ કટી ।**
**દેખ યહ વિધિ સજ્જનકી મતિ ભજન તેં ઉચટી ॥૨॥**
**કર કુસંગ સુસંગ જાકે વિષય જાય ઘટી ।**
**કહા ફલકી ચીઠી સબકી એક બેર ફટી ॥૩॥**
**ચરન પર જે રહત નિરંતર હોત મતિ ઉલટી ।**
**કહા ગીતા ભાગવત મેં કહી સોહી બાત નટી ॥૪॥**
**હમારી યહ બેર મનસા દાન હુ તે હટી ।**
**'રસિક' કહિ કહિ જીભ તુમસો છુલત છુલત છટી ॥૫॥**

**ભાવાર્થ** - આ પદ જાણે કેમ ઓળંભો દેતા હોય, તેવી રીતે રસિક કહે છે જેમ કે કૃષ્ણાશ્રયમાં અત્યારે કલીયુગનાં ધર્મો મુજબ બતાવ્યું છે તેમ અત્રે કહે છે કે પ્રભુ તમોએ ગીતા અને ભાગવતમાં કહેલું છે. તેથી અત્યારે ઉલટી રીતે ચાલ્યું આવે છે. આપનાં વચનો યાદ આવતા આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. પ્રભુ આપની આ કઈ રીત છે કે આપનો દાસ દુ:ખી થાય આપનાથી વિમુખ રહેવાવાળા સુખી થાય છે. તેથી શું આપની લાજ ઘટી નથી ? વેદ પથ, ભાગવતની પણ મર્યાદા રહી નથી આવું જોઈને અમારા જેવાની મતી ફરી ગઈ જેને સારો સંગ મળ્યો હતો તે પણ સામે ચાલીને દુ:સંગીથી બાથ ભીડે છે. અને તેમાં તે પ્રસન્ન રહે છે. દુ:સંગથી દુર રહેવાવાળા તેમાંજ રાચે છે. જેઓ વિષયોથી દૂર રહેવા માગતા હતા તેઓજ

અત્યારે વિષયોમાં લપટાઈ રહ્યા છે. તો શું ? અત્યારે આ કાળમાં સારા કે નરસાં ભક્ત કે અભક્ત બધાની ચિઠ્ઠિ એક સાથે ફાટી ગઈ છે. જેઓ સદા આપનાં ચરણોમાં રહેવાવાળા છે તેની પણ મતિ ઉલટી જ દેખાય છે. આપનાં વચન ગીતા ભાગવતમાં કહેલા તેમાંથી અત્યારે ઉલટું જ બધું થઈ રહ્યું છે. આ જોઈને અમારા જેવાની દાન દેવામાંથી મતિ હટી ગઈ છે. આમ કહેતાં મારી જીભ પણ થાકી ગઈ છે. જેમ કોઈ ચીજને છોલવાથી પાતળી થતી જાય તેમ મારી જીભાન છોલાઈ ગઈ છે.

### પદ ૬૭મું (રાગ : બિહાગ)

**ચકઈરી ચલ ચરણ સરોવર જહાં નહી પ્રેમ વિયોગ ।**
**જહા બ્રહ્મ નિસા હોત નહી કબહું સો સાયર સુખયોગ ॥૧॥**
**સનકસે હંસ મીન શિવ મુનિજન નખ રવિ પ્રભા પ્રકાશ ।**
**પ્રફુલ્લિત કમલ નિમિષ નહી શશીકર ગુંજત નિગમ સુવાસ ॥૨॥**
**જીહીં સર સુભગ મુક્તિ મુક્તાફલ વિમલ સુકૃત જલ પીજે ।**
**સો સર છાંડ કુબુધ્ધિ વિહંગમ ઈહાં રહી કહા કીજે ॥૩॥**
**જહાં શ્રી સહિત હરિ ક્રિડત શોભિત 'સુરજદાસ' ।**
**અબ ન સુહાય વિષય રસ છિલ્લર વહ સમુદ્ર કી આસ ॥૪॥**

**ભાવાર્થ** - ચકાઈ અને ચકવા બન્ને સરોવરને કિનારે રહેતા હતા. સમય જતા તળાવ સુકાયું જેથી તેઓ ચારો ચરવા દૂર દૂર સરોવરમાં જતાં હતા. તેથી વળતા મુળસ્થાને પહોંચતા અંધારું થઈ ગયું. ચકવો તો પોતાને સ્થાને પહોંચી ગયો. પરંતુ ચકઈ સામે કાંઠે રહી ગઈ તે અમાવસની ઘોર અંધારી રાતે એકલી સામે કાંઠે રહી તેનો વિયોગ તેને અસહ્ય થઈ પડ્યો. પ્રાતઃ કાળ થતાં બન્ને મળ્યા ત્યારે ચકવો કહે ચકઈરી ચલ ચરણ સરોવર.

ચકવા ચકઈનાં દ્રષ્ટાંત માં સુરજદાસ કહે છે જેમ આમને વિશાળ અને સુંદર સરોવરની જરૂર છે. તેમાં માનવ જીવનમાં કેવળ પ્રભુનાં ચરણરૂપી સરોવરનો આશ્રય જ સુખરૂપ છે. ત્યાં જઈને સદા વાસ કરી ને રહીયે. તે સરોવર લીલારૂપી સમુદ્ર કયારેય પણ સુકાતું નથી. જેથી ક્યાંય જવું ન પડે. અને વિયોગ કદી થાય નહી. જેમ કે સંસારમાં સુખી થવા માટે માનવ અનેક દેવી-દેવતાનો આશ્રય કરે છે. વિઘ્ન દુર કરવા ગણપતિજી, ધન લાભ માટે મહાદેવજી, શારીરીક શક્તિ માટે હનુમાનજી નાના-મોટા દુઃખો માટે દેવ તથા દેવીયોને મનાવવા બધા પ્રયત્નો કરે છે. બધા જેઓ પ્રભુનાં આજ્ઞાકારી છે. પ્રભુ પાસેથી લઈને પોતાના ભક્તોને આપે છે. પરંતુ આલોક-પરલોક બંનેનું સિધ્ધ કરતા સર્વ શકિતમાન પ્રભુ છે.



જેથી શ્રી કૃષ્ણ ભગવાનનાં ચરણરૂપી સરોવરમાં નિવાસ કરીએ. જે સરોવરમાં સનક-સનકાદિક હંસ, મીન બની નિવાસ કરે છે. શિવજી સદા ધ્યાન મગ્ન રહે છે. જ્યાં ચરણ નખચંદ્રની છટા સદા પ્રકાશિત રહે છે. કમળનાં માટે સદા જ સુપ્રભાત જ રહે છે. કુમુદનિ માટે ચંદ્રપ્રકાશ રહે છે. જ્યાં મુનિરૂપી હંસને સાચા મુકતા ફલ મોતીનો ચારો મળે છે. વિમલ સુકૃત જલ પાન તો ત્યાં જ મળશે. આવું ઉત્તમ સરોવર છોડી અહી શું કરશું ? આ ચરણરૂપી સરોવર સદા સમાન અવિચલ રહે છે. એટલે કે સંસારમાં રહીને ક્ષુદ્ર ફળની આશા છોડી પ્રભુના ચરણોનું સેવન કરીએ હવે એજ આશા છે.

### પદ ૬૮મું (રાગ : કેદારો) આશ્રય કે પદ

**ભૃંગીરી ભજ શ્યામ કમલ પદ જહાં નહી નિશિકો ત્રાસ ।**
**જહાં વિભા ધનુ સમાન પ્રભા નખસો વારિજ સુખરાસ ॥૧॥**
**જહાં કિં જલ્ક ભક્તિ નવ લક્ષણ જ્ઞાન કર્મરસ એક ।**
**નિગમ સનક શુક્ર શારદ નારદ મુનિજન ભૃંગ અનેક ॥૨॥**
**શિવ વિરંચી ખંજન મન રંજન છિન છિન કરત પ્રવેશ ।**
**અખિલ લોક તિહી વાસ સુકૃત જલ પ્રકટીત શ્યામ દિનેશ ॥૩॥**
**સૂન મધુકર ભ્રમ તજ કુમુદિની ગણ રાજીવ વરકી આસ ।**
**'સૂર' પ્રેમ સિંધુમેં પ્રફુલ્લિત ચલ તહાં કરે નિવાસ ॥૪॥**

**શબ્દાર્થ** : ભૃંગી = ભ્રમર, વિભા = પ્રભાત નો સમય - આનંદમય, વારિજ = કમલ, દિનેશ = સૂર્ય, દિનોનાં ઈશ = પ્રભુ, મધુકર = ભ્રમર, ભ્રમ = સંશય - અજ્ઞાન, રાજીવવર = કમલાપતિ, કુમુદની = ભક્તગણ, પ્રેમસીંધુ=પ્રેમરૂપી સરોવર - સમુદ્ર, મનરૂપી ભ્રમર, બુધ્ધિ રૂપી કુમુદની ભ્રમરી.

**ભાવાર્થ** - હે ભૃગીરી તું શ્યામ સુંદરનાં ચરણ કમલનું ભજન કર. અન્ય પ્રપંચ છોડી દે. સુરદાસજીએ મન રૂપું છે કે તને જોઈએ તેવું બધું એક જ સ્થાન છે, તે પ્રભુનાં ચરણ રૂપી સરોવર જ છે. ત્યાં જઈને નિવાસ કરીએ. કમલને જેમ રાત્રિનો ભય રહે છે. રાત્રિ થતાં જ કમલકોશ બંધ થઈ જાય છે. પાછું જયારે પ્રાતઃકાલ સૂર્યોદય થાય, ત્યારે ખીલે છે, ભૌતિક સૂર્ય અને કમલની આ વાત છે તેનું દ્રષ્ટાંત આપ્યું છે. તે રીતે પ્રભુનાં નખચંદ્રની છટાથી કદી અંધારૂ થતું નથી. સદાને માટે સુપ્રભાત જ રહે છે. જેથી કમલ પરાગ તો સદા મળશે. જ્યાં ભગવદ્ ચરણારવિંદરૂપી સરોવર છે ત્યાં નવ પ્રકારની ભક્તિ, જ્ઞાન, કર્મ, બધા એક રસ બનીને રહે છે. નિગમ, સનકાદી મુનિઓ, શુકદેવજી, નારદ, શારદ, વિગેરે જે નેત્રો અને મનને આનંદ દેવાવાળા સ્થાનમાં મનરૂપી ભ્રમર રૂપે સદા નિવાસ કરી

રહેલ છે. તેવી જ રીતે ચરણ સરોવરમાં શિવજી, બ્રહ્માજી, નેત્રો અને મનને રંજન કરતા ત્યાંજ તેજ સરોવરમાં સ્નાન કરે છે. તેઓ વેદનો ગુંજારવ કરતા સ્નાન કરી અતિ આનંદિત બને છે. તેથી ત્યાંજ નિવાસ કરીને રહે છે. અને વિમલ સુકૃત જલનું પાન કરે છે. જ્યાં પ્રકટ શ્યામ દિનેશ (સૂર્ય) સદા બિરાજમાન રહે છે. માટે, મનરૂપી ભ્રમર તું મારી વાત ધ્યાન દઈને સાંભળ. હે મધુકર (ભ્રમર) ત્યાં અજ્ઞાનરૂપી ભ્રમનો લેશ માત્ર ભય નથી, સદા સૂર્ય પ્રકાશથી, અંધારૂ કદી ત્યાં થાતું જ નથી. હવે આ અજ્ઞાન રૂપી અંધારાને છોડીને ચરણ સરોવર જઈને નિવાસ કરીએ. જ્યાં કુમુદની રૂપી ભક્તો વસે છે તેમને ચરણ નખચંદ્રની છટાથી ચંદ્રપ્રકાશ સદા મળે છે. તે અનેક કુમુદનિયો, રાજીવ કમલા પતિની આશા રાખી આશ્રયેજ રહે છે. આ સરોવર સર્વ રીતે સર્વને સુખદાયક છે સૂરદાસજી કહે છે કે આ સરોવર કહેતા ભગવદ્ ચરણારવિંદમાં પ્રેમ રૂપી સમુદ્ર છે. જેમાં અથાહ જલ છે માટે હે ભ્રૃંગી જો તારે સદા આનંદમાં રહેવું હોય તો ત્યાં જઈને નિવાસ કરીએ ત્યાં કદી અજ્ઞાનતા રૂપી ભ્રમનો ભય રહેતો નથી.

## પદ ૬૯મું (રાગ : કાન્હરો) આશ્રય કે પદ

**સુખ નિધિ શ્રી ગોકુલ કો બસવો ।**
**છિન છિન વારંવાર સખીરી શ્રી વલ્લભ સુત નિરખ હુલસવો ॥૧॥**
**ગ્રૃહન ગ્રૃહન પ્રતિ કુંજન કુંજન પિય સંગ કેલી પરસ્પર હંસવો ।**
**ઐસી કનક કસોટી ઉપર સુભગ પ્રેમ વલિત તન કસવો ॥૨॥**
**યમુના તીર મહાગજસોં મિલિ ભાવે અંગો અંગ પરસવો ।**
**દંપતિ રૂપ રાસિ સુખસીમા 'માધોદાસ' યહાં રંગ રસવો ॥૩॥**

**ભાવાર્થ** - શ્રીમદ્ ગોકુલમાં વાસ કરીને રહેવું તે સર્વ રીતે સુખરૂપ છે. જ્યાં શ્રી વલ્લભનંદન બિરાજે છે. તેમનાં વારંવાર દર્શન કરીને આનંદ મગ્ન બની જઈએ. જ્યાં પ્રભુએ ઘરોઘર કુંજ, નિકુંજોમાં લીલા કરી છે. તે લીલામાં પ્રાણ પ્રિય સાથે પરસ્પર હાસ્ય વિનોદ કરીએ. અને ભાવનાને પ્રેમરૂપી કસોટી ઉપર કસીયે. શ્રી યમુનાજીના તીર પર નંદનંદન સાથે અંગો અંગથી મળવું. દંપતી શ્રી સ્વામિનીજી શ્રી ઠાકોરજી પ્રેમનાં રૂપ સ્વરૂપ સૌન્દર્યનાં દર્શન કરી એવાજ રંગમાં રંગાઈ જાવું લીલા રસ અમૃત માટે મહાગજ કહેતા ગજગતી ચાલ ચાલવાવાળા પ્રભુને ભેટવું. શ્રી યમુનાજલ મજ્જન કરવું જે જલમાં નંદનંદન પ્રભુ ભક્તો સાથે વિહાર કરી શ્રમ નિવારણ કરે છે તેમજ શ્રી યમુનાજી પોતાનામાં રહેલી લીલા સામગ્રીથી પ્રભુ અને ભક્તોને આનંદ આપે છે આવું સુંદર ગોકુલ ગામ છે. ત્યાં લીલારસમાં રંગાઈ જઈએ.



## પદ ૭૦મું (રાગ : કાન્હરો) આશ્રય

**માધો યહ પ્રસાદ હો પાઉં ।**
**તુવ ભૃત્ય પરિચારિક દાસ કો દાસ કહાઉં ॥૧॥**
**યહ પરમારથ મોહી ગુરુ શિખયો શ્યામા શ્યામ કી પૂજા ।**
**યહ વાસનાં વસો જીય મેરે દેવ ન દેખું દૂજા ॥૨॥**
**'પરમાનંદદાસ' તુમ ઠાકુર યહ નાતો નવ દુટો ।**
**નંદકુમાર યશોદા નંદન હિલમિલ પ્રિત ન છૂટો ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં પરમાનંદદાસજીએ શ્રી ઠાકુરજી પાસે નીચે મુજબ યાચના કરી છે. હું આપના પરિચારકનું દાસનુંદાસ પદ માંગુ છું. અર્થ પ્રાપ્તિ માટે મારા ગુરુજીએ મને બતાવ્યું છે કે શ્યામા શ્યામ યુગલ સ્વરૂપની સેવા કરવી. અને એવી જ ભાવનાં મને સદા રહે. અન્ય વાસના ન રહે. અન્ય દેવોની સેવા તો શું ? નિરખવાની ઈચ્છા પણ મને ન થાય. નંદજીનો લાલો યશોદાનો બાળો, શ્રી વૃષભાન કુમારી રાધિકા, આ યુગલ સ્વરૂપ પ્રત્યે મને પૂર્ણ પ્રીતિ રહે. આવી અનન્ય ભક્તિનું મને દાન મળે. આપનાં અનન્ય ભક્તો પરોપકારી હોય છે. જેઓએ અનન્ય ભક્તિ કરી છે તેવાનું મને દાસાનું દાસ પદ મળે. ૨૫૨, વૈષ્ણવની વાર્તા, જીયદાસજી ક્ષત્રી હતા જેમની ચિતાના ધુમાડાથી બે પ્રેતોનો ઉધ્ધાર થયો હતો વૈષ્ણવ ભુતલ પર રહે ત્યાં સુધીનો પરોપકાર કરે પરંતુ અંતમાં પણ પરોપકારજ કરે છે. માટે આપનો દાસ બનવાની તો મારામાં યોગ્યતા નથી, પરંતુ મને દાસાનુંદાસ બનાવજો, જેથી અભિમાન પાસમાં આવી ન શકે.

## પદ ૭૧મું (રાગ : બિહાગ) આશ્રય કે પદ

**અબમેં નાચ્યો બહુત ગોપાલ ।**
**કામ ક્રોધકો પહર ચોલનાં કંઠ વિષય કી માલ ॥૧॥**
**તૃષ્ણા નાદ કરત ઘટ ભીતર નાના વિધ કે તાલ ।**
**ભામર હોઇ રહો પખાવજ ઉપર હંસ ગતી ચાલ ॥૨॥**
**માયા કો કટી બાંધ્યો ફેંટા લોભ તિલક દીયો ભાલ ।**
**મહા મોહકે નૂપુર બાંધે નિંદા શબ્દ રસાલ ॥૩॥**
**કોટી કલા કછુક દિખાઈ જલ થલ શુધ્ધિ ભોજાલ ।**
**'સૂરદાસકી' સબે અવિધા દૂર કરો નંદલાલ ॥૪॥**

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજી કહે છે કે પ્રભુ હું સંસારમાં આવીને નાના પ્રકારનાં વેષો કરીને હવે તો થાકી ગયો છું, જે ભક્તિ માર્ગથી વિરૂધ્ધ છે તેવું જ મેં કર્યું છે વેષ ધારણ કરવામાં સહાયક વસ્તુ નીચે મુજબ - (૧) કામક્રોધ રૂપી ચોલનાં (૨) કંઠમાં વિષય રૂપીમાળા, (૩) તૃષ્ણા રૂપી નાદ (૪) ભામર રૂપી પખાવજ (૫) માયારૂપી કટી ફેંટ (૬) લોભરૂપી તિલક (૭) મોહ રૂપી નૂપુર (૮) નિંદારૂપી રસાલ શબ્દ. ઉપર મુજબ પહેરવેશ કરીને હું નાચતો જ રહ્યો છું. આ મારી અવિદ્યાને આપ જ દૂર કરી શકો છો. ભવૈયાની જેમ મેં નૃત્ય જ કર્યું છે. નૃત્યમાં તાલ સ્વર વેષભુષા, ગાન, વચન બોલવું, આવું બધું હોય, ત્યારે જ વેષ ભજવાય છે તેનું વર્ણન કરૂ છું જે ઈન્દ્રિયો સંસાર આસક્ત છે તે બધી ભક્તિ માર્ગથી દૂર લઈ જવાવાળી છે. આવા ગુણો મેં અપનાવી લીધા છે. અને વેષ પુરો ભજવી લીધો છે. વેષભુષા-કામ, ક્રોધ રૂપી મેં ચોલનો પહેર્યો છે. ગળામાં વિષયની માળા પહેરી છે. તૃષ્ણારૂપી નાદ નિકળે છે. હૃદયમાં નાના પ્રકારનાં ધબકારા તે તાલ આપે છે. સંસાર આસકત રહી, તેને જ ભામર લીધી છે. ને પખાવજ રૂપી છે. તેને આધારે હંસ ગતી ચાલ ચાલી રહ્યો છું. કમરમાં માયા રૂપી ફેટ બાંધી છે. કપાળમાં લોભ રૂપી તિલક લગાવ્યું છે. નૃત્ય વખતે પગમાં ઘુંઘરા તે મોહને માયાથી બાંધ્યા છે. મુખથી વચન નિકળવું જોવે તે તો નિંદારૂપી રસાલ શબ્દ નીકળે છે. આમ કોટી કળાથી નૃત્ય કર્યું. હું જાણું છું કે આ મારી અવિદ્યા છે. તેને દૂર કરી શકતો નથી. જેથી વિનંતી કરું છું કે મારી બધી અવિદ્યા દૂર કરો તો જ હું આપનું ભજન સ્મરણ કરી શકું.

### પદ ૭૨મું (રાગ : વસંત) વિનતિ કે પદ

**શ્રી વલ્લભ કરૂણા કરકે મોહિ કીજે નિજ દાસનકો દાસ ।**
**પૂરણ કામ હે નામ તિહારો ઇતની મો મન પુરો આસ ॥૧॥**
**તિહારી કૃપા કટાક્ષતે દુર્લભ પાઈપે સુલભ કરો વૃજ વાસ ।**
**તિહારે સેવક જન સંગત વિનુ નિશદિન મો મન રહત ઉદાસ ॥૨॥**
**શ્રી વૃંદાવન ગિરિ ગોવર્ધન શ્રી યમુના તટ કરૂં નિવાસ ।**
**શ્રી હરિ વદન ચંદસુ વિમલ યશ ગાન કરત સુર સદા અકાશ ॥૩॥**
**કૃપાનિધાન કૃપા કર દીજે જો સબ લોક મિટે ઉપહાસ ।**
**દીજે દિવ્ય દેહ 'ગોવિંદ'કું ઈન દ્રગ નિરખુ અનુ દિન રાસ ॥૪॥**

**ભાવાર્થ** - આ પદમાં ગોવિંદદાસજીએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરીને માંગ્યું છે (૧) દાસાનું દાસ (૨) સુલભ વૃજવાસ (૩) આપનાં ભક્તો સિવાય



ઉદાસી (૪) લીલાના સ્થળો વૃંદાવન, ગિરિરાજ, શ્રી યમુના તટમાં નિવાસ (૫) લીલા સહીત ગુણગાન આ પાચ વસ્તુ માંગી છે આપ કરૂણાનાં સિંધુ છો જીવની કરણી તરફ જોતા નથી કૃપારૂપી આપનો ધર્મ પાળો છો. હીન કર્મો કરવાવાળાને આપે આશ્રય આપ્યો છે. આપ ઉદાર ચરિત્રવાનની સામે હું પણ દીન બની આવ્યો છું.

આપના દાસાનું દાસ પદ મને મળે જેથી અભિમાન થી બચી શકું. મને ઉદાસીનું કારણ એ છે કે આપનાં સેવકનો સંગ મને મળ્યો નથી. સદા મને વૃજમાં નિવાસ મળે તેમાં શ્રી યમુના તટ, વૃંદાવન, ગીરીરાજની તળેટી એવા કોઈ સ્થાનમાં રહું. આકાશમાં ફરતા દેવતાઓ જેમનું ગાન કરે છે. એવા શ્રી હરિનાં મુખચંદ્ર નિરખવા ઈચ્છા કરે છે. તે પ્રભુનું હું પ્રેમ ભાવથી ગુણગાન કરૂં આપ માંગેલું મને આપો. જેથી લોક ઉપહાસનો ત્રાસ મને ન રહે. આગળ જતાં ગોવિંદદાસજીએ દિવ્ય દેહની માગણી કરે છે કે, આપની સેવા કરવા લાયક દેહ મળે, જેથી હું આપની લીલાઓનું સ્મરણ ચિંતન મનન કરી તેમાંજ મગ્ન બની જાઉં, આટલી કૃપા કરો.

### પદ ૭૩મું (રાગ : બિહાગ) આશ્રય કે પદ

**રે મન મુરખ જન્મ ગવાંયો ।**
**કર પ્રપંચ વિષય રસ પિનો શ્યામ શરન નહી આયો ॥૧॥**
**યહ સંસાર ફૂલ સૈંવર કો સુંદર દેખ લુભાયો ।**
**ચોખ લાગ્યો રૂઈ ઉડી ગઈ હાથ કછુ ના આયો ॥૨॥**
**કહા ભયો અબ કે પછતાને પહેલે પાપ કમાયો ।**
**કહત 'સૂર' શ્રી કૃષ્ણ નામ વિના શિર ધૂનિ ધૂનિ પછતાયો ॥૩॥**

**ભાવાર્થ** - પ્રભુનાં નામ સ્મરણ વિના જે કાંઈ કર્મ કર્યું તે મિથ્યા મોહનું કારણ, આખરમાં ફળ કાંઈ ન મળે. પ્રપંચ કરી વિષયારસનું પાન કર્યું, પ્રભુના ચરણમાં આવ્યો નહી ! અરેરેરે, મુરખ મન તેંતો માનવ દેહ જન્મ ફોગટનો ગુમાવી દીધો "દુર્લભો માનુષો દેહો" આવા દુર્લભ દેહને મેળવીને તે ભક્તિ કરી નહી, કેવળ મુર્ખતાનું પ્રદર્શન કર્યું. આ સંસાર સેવરના ફૂલ જેવો છે. દેખાતો સુંદર, ફલમાં વિષ સમાન છે. સુંદરતા જોઈ સૂહાએ તેમાં ચાંચ મારી તો તેમાંથી રુઈ હવામાં ઉડી ગઈ હાથમાં કાંઇ આવ્યું નહી. હવે પછતાયે શું થાય, અગાઉની પણ તારી પુંજી પાપોની ભરેલી છે. સૂરદાસજી કહે છે, હવે માથું ધૂણાવી પછતાવાથી કાંઈ વળવાનું નથી. વૃથા જન્મ ખોયો પ્રભુની ભક્તિ કરી નહીં.